શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

શ્રી કચ્છી સમાજ અમદાવાદ

વર્ષ : ૩૨મું
માર્ચ : ૨૦૧૯ • અંક : ૯
પાના નં. : ૧ • (કુલ પેજ : ૬૦)

૧૫ માર્ચ, ૨૦૧૯ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૩-૨૦૧૯ કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN
FURNITURE

Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II,
Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat,
3, Industrial Estate, Kuha - Kanbha Road,
Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનસન, ગોકુળ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૭૯૧ ૧૩૦૯૪

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને
તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....

શ્રી મૂકેશભાઈ એમ. સાવલા
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

SWASTIK GUM INDUSTRIES (INDIA)

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

iolite

SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

INDOTEX
PAINTS

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં,
અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power

www.comfortinstapower.com

ISO 9001:2008, Certified Company

DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014



OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

COMFORT INSTA-POWER LTD.

| Corp. & Regd. Office | Works 1 (Anjar - Kutch) | Works 2 |
|---|---|---|
| Vadodara. Mo. : 9825374323 | Mo. : 9925203489 | (Waghodia - Vadodara) |



www.artnirman.com
A Project by:
ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
RED APPLE MEDIA
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા

# યોગાસન

## યોગાસન–પ્રાણાયામ કરો અને નીરોગી રહો

### ડૉ. પી. ડી. શર્મા




આપણા ઋષિમુનિઓએ યોગનાં આઠ અંગો – સોપાનો કહ્યાં છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. યમ અને નિયમનું પાલન કરી આસનોની સાધના કરવાથી શરીરની નાડીઓની શુદ્ધિ, સ્વાસ્થ્યવૃદ્ધિ અને મનઃસ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. સર્વે યોગાસનોમાં પ્રાણાયામનું મહત્ત્વ અતિવિશેષ મનાયું છે. યોગાસનોનો અભ્યાસ પ્રાણાયામ વગર અધૂરો ગણાય છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં સરળ ભાષા અને યોગાસનોનાં સુરેખ ચિત્રો વડે યોગાસન તથા પ્રાણાયામની મદદ વડે શરીરને નીરોગી શી રીતે રાખી શકાય તે સમજાવવામાં આવ્યું છે.

શરીરને નીરોગી અને સ્ફૂર્તિલું રાખવા યોગાસનો જરૂરી છે અને યોગાસનો સહેલાઈથી શીખવા માટે આ પુસ્તક જરૂરી છે.

**આ પુસ્તકની વિશિષ્ટતાઓ :**

- સુંદર ચિત્રો અને સરળ ભાષા દ્વારા યોગાસનો કરવાની સુસ્પષ્ટ સમજણ. કોઈ પણ ગુરુના માર્ગદર્શન વિના પણ, આ પુસ્તકની મદદથી તમે યોગાસનો અને પ્રાણાયામ સચોટ રીતે કરી શકશો.
- સુંદર ચિત્રો અને સરળ ભાષામાં પ્રાણાયામ કરવાની સ્પષ્ટ સમજણ.
- સરળ ભાષામાં ચિત્રો સાથે સૂર્યનમસ્કારની સ્પષ્ટ સમજણ.
- કયા રોગો દૂર કરવા માટે કયાં કયાં આસનો ઉપયોગી થાય તે અંગેની તાલિકા.
- સુંદર, ક્ષતિરહિત મુદ્રણ અને વાજબી કિંમત.
- શુભ પ્રસંગોએ ભેટ તરીકે આપવા માટે.

NAVNEET®

# અય મેરે વતનકે લોગોઁ

અય મેરે વતન કે લોગોં, તુમ ખૂબ લગાઓ નારા;
યે શુભ દિન હૈ હમ સબ કા, લહરાઓ તિરંગા પ્યારા.
પર મત ભૂલો સીમા પર, વીરોં ને હૈં પ્રાણ ગંવાયે;
કુછ યાદ ઉન્હેં ભી કર લો, કુછ યાદ ઉન્હેં ભી કર લો...
જો લૌટ કે ઘર ન આયે, જો લૌટ કે ઘર ન આયે....



અય મેરે વતન કે લોગોં, જરા આંખમેં ભર લો પાની
જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની
તુમ ભૂલ ન જાઓ ઉનકો, ઇસલિયે કહી યે કહાની
જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની.



જબ ઘાયલ હુઆ હિમાલય, ખતરે મેં પડી આઝાદી
જબ તક થી સાંસ લડે વો (૨)
ફિર અપની લાશ બિછા દી
સંગીન પર ધર કર માથા
સો ગયે અમર બલિદાની
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.

જબ દેશમેં થી દિવાલી, વો ખેલ રહે થે હોલી
જબ હમ બૈઠે થે ઘરોંમેં (૨)
વો ઝેલ રહે થે ગોલી
હૈ ધન્ય જવાન વો અપને, થી ધન્ય વો ઉનકી જવાની
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.



કોઈ શીખ કોઇ જાટ મરાઠા (૨)
કોઈ ગુરખા કોઈ મદ્રાસી (૨)
સરહદ પર મરનેવાલા (૨) હર વીર થા ભારતવાસી (૨)
જો ખૂન ગીરા પરબત પર, વો ખૂન થા હિન્દુસ્તાની
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની

થી ખૂન સે લથપથ કાયા, ફિર ભી બંદૂક ઉઠાઇ
દસ દસ કો એકને મારા
ફિર ગીર ગયે હોશ ગંવા કે
જબ અંત સમય આયા તો (૨)
કહ ગયે હૈ હમ ચલતે હૈં
ખુશ રહેના દેશ કે પ્યારો (૨)
અબ હમ તો સફર કરતે હૈ
અબ... હમ... તો... સફર... કરતે હૈ
જય હિન્દ... જય હિન્દ....





# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા





આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

**ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**S.S.C. - H.S.C.**

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.
સરકાર માન્ય તેમજ ખાનગી

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

## ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

વર્ષ-૩૨ ● અંક - ૯
૧૫ માર્ચ, ૨૦૧૯

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી સ્થાનેથી**
- પુલવામા પ્રકરણ અને કચ્છ ........ **અશોક મહેતા**....૯

**કચ્છ**
- સિંધુ જળ સંકટની ચર્ચામાં કો'ક તો કચ્છની વાત કરો ........ **કીર્તિ ખત્રી**....૧૧

**પર્યાવરણ**
- પાણી બચાવો – પર્યાવરણનો હિસ્સો બનો ........ **અતુલ ઉપાધ્યાય - સિવિલ ઇજનેર**....૧૪

**ઇતિહાસ**
- મુંબઈનો જૂનો ઈતિહાસ ........ ....૧૫

**વિચાર મંથન**
- સાહિત્યકારોનું અલ્પ આયુષ્ય – એક રહસ્ય? ........ **ડૉ. યાસીન દલાલ**....૧૭

**સશક્તિકરણ**
- અભૂતપૂર્વ ઝડપથી આગળ ધપી રહેલું મહિલા સશક્તિકરણ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૧૯

**સન્માન**
- કાર્યક્રમોનું વ્યવસ્થાપન અને ગુણવત્તા ........ **ડૉ. કાંતિ ગોર 'કારણ'**....૨૧

**ગુજરાતી કથાગીતો – ૪**
- પ્રેમાનંદના શ્રેષ્ઠ આખ્યાનોમાંનું એક : 'કુંવરબાઈનું મામેરું' ....... **સંકલન : જીના વીરેન શેઠ**....૨૩

**જીવનમંત્ર**
- સાચું તો દરેકને સમજાતું હોય છે
  પણ અફસોસની વાત એ છે કે 'સાચા સમયે સમજાતું નથી' ........ **ભોલાભાઈ ગોલીબાર**....૨૭

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૮) ........ **તુલસી કંસારા**.....૨૮

**લઘુકથા**
- નીરજા : **રમીલાબેન પી. મહેતા** ★ ઉજવણી : **નવીન ત્રિપાઠી 'અલ્પ'** ..... ....૨૯-૩૧
- ને... વિચારમાં ઘૂમ્યા કરે : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ........ ....૩૨

**સ્વાસ્થ્ય**
- ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૫) ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૩૩
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**આધારસ્થંભોની અભિવંદના**
- મણકો-૨ : શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર ........ **અશોક મહેતા**....૩૫

**વિવિધતા**
- પ્રતિભાવ ........ ૩૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ....૪૦
- માહિતી : ★ સરકારી સહાય યોજનાઓ ★ ઈન્ટરનેટની સલામતી ★ હોસ્પિટલ દર્દીને બંધક ન બનાવી શકે ... ૪૬-૪૮
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : શબ્દોની ઉથલપુથલ ગેમ ........ **ભાવના એ. ઝવેરી**....૪૯
- શબ્દ શોધ : ક્રમાંક - ૮૧ ........ **પ્રદીપ જોષી - આદિપુર**....૫૦

**મેઘ ધનુષ**
- સવાલ અને જવાબ (શહીદોને સલામ) : **રમીલા પી. મહેતા** ★ હાઈકુ : **રજનીકાંત ઓઝા**... ...૫૧
- કવિનું હટાણું : **નવીન ત્રિપાઠી 'અલ્પ'** ★ સાચો ભાવ : **ભગવતી આચાર્ય 'ભદ્ર'** ....... ...૫૧
- કમ કંધે કરમ ખૂલે (કચ્છી સંઘર) : **હરેશ પ્રેમજી રાજગોર** ★ આંખમાં પાણી આવે છે : **અરવિંદ સોમૈયા** ...૫૨
- માયાની ખૂબી : **હરેશ પ્રેમજી રાજગોર** ★ વરસે છે : **અતુલ ઉપાધ્યાય 'અતુલ'** ........ ૫૨
- શહીદોની યાદ રહે કુરબાની : **મહાભાઈ આર. વોરા** ........ ૫૩

## વિભાગ-૨

- પરિવાર સમાચાર ........ ૫૪
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : નોટબુક યોજના ........ ૫૫
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૫૫

# જ્ઞાન, માહિતી અને વિચારસમૃદ્ધિથી સભર તાજાં પુસ્તકો

**કુમારપાળ દેસાઈ લિખિત**

**પરમનો સ્પર્શ** 250

કેટલીક આધ્યાત્મિક પ્રતિભાઓના જીવંત સંપર્કને પરિણામે આત્મસાત કરેલા અનુભવો અને ચિંતનનો અનેરો સંગમ આ પુસ્તકમાં છે. જીવનપ્રેરક વાતો ઉપરાંત ચેતનાના ઊર્ધ્વારોહણ માટેની ભરપૂર સામગ્રી આ પુસ્તકમાંથી મળે છે.

**રોહિત શાહ લિખિત**

**(1) મિચ્છા મિ દુક્કડમ્ (જૈન ધર્મ વિષયક લેખો), (2) Kids અપગ્રેડ (બાળ-ઘતર માટે પેરન્ટ્સને ગાઈડન્સ આપતા લેખો), (3) થોટ્સઍપ (સાંપ્રત ચિંતનના લેખો), (4) ફેક-બૂક (રાજકારણ વિષયક લેખો), (5) ઍન્ટિ-વાયરસ (ધર્મના ક્ષેત્રે પ્રદૂષણના વાયરસથી અલર્ટ રહેવાનું ગાઈડન્સ આપતા લેખો)** દરેકના 50

વિવિધ વિષયો પર નિર્દંભ-નીડર ચિંતનની યાત્રા કરાવતાં આ પાંચ પુસ્તકો સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં છે.

**સ્વામી સચ્ચિદાનંદ લિખિત**

**ખોટા ઉપદેશોનાં ખોટા પરિણામ** 70

અધ્યાત્મના નામે ગુમરાહ કરનારા ઉપદેશો સામે ચેતવણી આપતું તાજું-માર્મિક ચિંતન

**દર્શના ધોળકિયા લિખિત**

**શ્વાસમાં વાગે શંખ** 225

ધર્મની વિવિધ વિભાવનાઓની સંગત કરાવતું જ્ઞાન અને અધ્યાત્મના સંગમ જેવું પુસ્તક

**કાંતિલાલ કાલાણી લિખિત**

**યથાર્થતાની ઉપાસના** 100

યથાર્થની સમજણ દ્વારા તેની ઉપાસનાનો માર્ગ બતાવતું વાસ્તવલક્ષી પુસ્તક

**મૃદુલા મારફતિયા લિખિત**

**છાંદોગ્ય ઉપનિષદ** 350

હિન્દુધર્મનો જ્ઞાનખજાનો એટલે ઉપનિષદ. એ ખજાનાની ચાવી આપતું અનોખું પુસ્તક

**જીના વીરેન્દ્ર શેઠ સંપાદિત**

**ગુજરાતી કથાગીતો** 130

ગુજરાતી-હિન્દી ભાષાનાં જાણીતાં અને લોકપ્રિય કથાકાવ્યો

**ડૉ. આશિષ ચોક્સી લિખિત**

**જીવન અને પોઝિટિવિટી** 60

નકારાત્મક ચિંતન જીવનને ડહોળી નાખે છે, હકારાત્મક ચિંતન જીવનની ગમે તેવી ગંભીર સમસ્યાનું પણ સમાધાન આપે છે. વિવિધ ઉદાહરણો સહિત વ્યક્તિત્વ-વિકાસનું માર્ગદર્શન આપતું આ પુસ્તક છે.

**ગોવિંદ શાહ લિખિત**

**20 પ્રેરણાત્મક પ્રસંગો** 60

જીવનને સાચી દિશા બતાવે અને મૂંઝવણના તિમિરમાં માર્ગદર્શનનાં અજવાળાં બિછાવે તેવા આ જીવનપ્રેરક પ્રસંગો માત્ર વાંચવા જેવા જ નહિ, સમજવા જેવા પણ છે.

**પ્રતાપ ત્રિવેદી લિખિત**

**ગાંધીજીની ગરિમા** 80

આ પુસ્તિકામાં ગાંધીજીના અઢાર પાવન પ્રસંગોનું સંવાદીકરણ (નાટ્ય-રૂપાંતર) છે.

**યશવંત મહેતા લિખિત**

**ચીનની શ્રેષ્ઠ બાળવાર્તાઓ** 150

ભારતના પાડોશી દેશ ચીનની સંસ્કૃતિ, ધર્મપરંપરાઓ અને ત્યાંનાં કેટલાંક રીત-રિવાજો સહિતની સમગ્ર જીવનશૈલીનાં પ્રતિબિંબ ઝીલતી આ પુસ્તકની 23 બાળવાર્તાઓ સાવ અનોખી છે. આ વાર્તાઓ અનુવાદો રૂપે નહિ, પુનઃકથનો રૂપે રજૂ થઈ હોવાથી વધુ રસમય અને આસ્વાદ્ય બની છે.

**સંપા. રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી**

**'ગૂર્જર બાળકાવ્ય વૈભવ' શ્રેણી પુ. 10 દરેકના** 180

અત્યાર સુધીમાં પ્રકાશિત લગભગ 5000 જેટલાં વિવિધ રસ-રજૂઆતનાં બાળકાવ્યોમાંથી પસંદ કરેલાં 700 જેટલાં બાળકાવ્યોનાં આઠ પુસ્તકો ઉપરાંત જોડકણાં અને ઉખાણાંનાં એક-એક એમ કુલ દસ પુસ્તકોની આ શ્રેણી ગુજરાતી ભાષા વિસરતી જતી નવી પેઢી માટે અણમોલ ખજાનો બની રહેશે.

**ડૉ. આશિષ ચોક્સી લિખિત**

**પિતા : આત્મવિશ્વાસનો એવરેસ્ટ** 80

સંતાનના ઘડતર અને વિકાસમાં માતાનું જેટલું યોગદાન છે, એથી જરાય ઓછું યોગદાન પિતાનું નથી હોતું – આ વાત વિવિધ દૃષ્ટાંતો અને માર્મિક ચિંતન દ્વારા લેખકે સમજાવી છે.

**Writen by Dr. Ramesh Kapadia**

**Who Needs Bypass Surgery ?** 100

હૃદયરોગ આજની ગંભીર સમસ્યા છે. ક્યારેક દર્દીને બાયપાસ કરાવવા માટે મજબૂર બનવું પડે છે. આવા સંજોગોમાં બાયપાસ કરાવવાની જરૂર ખરેખર કેવા પેશન્ટને હોય છે તેની પ્રશ્નોત્તરી સહિત રસપ્રદ માહિતી આપતું પુસ્તક.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

અમારાં સંપર્કસૂત્રો

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

તંત્રીલેખ

# પુલવામા પ્રકરણ અને કચ્છ



અશોક મહેતા

*એક સમય એવો હતો કે કચ્છના મોટા રણનો અત્યારનો પ્રદેશ સપ્ત સિંધુનો પ્રદેશ કહેવાતો હતો કેમકે સિંધુ ઉપરાંત અહીં સરસ્વતી, જેલમ, બિયાસ અને સતલજના નીર ઠલવાતા અને આ પાણી ખંભાતના અખાતમાં જઈને મળતા. તેના કારણે આ પ્રદેશ બારેમાસ લીલોછમ રહેતો, જેવા અત્યારે પંજાબ અને હરિયાણાના પ્રદેશો છે.*

*આ પરીસ્થિતિ ૧૨મા સૈકા સુધી પ્રવર્તી રહેલ હતી. બારમી સદીમાં એક મોટો ભૂકંપ આવતા સરસ્વતી નદી લુપ્ત થઈ ગઈ અને સિંધુના પાણી કચ્છના મોટા રણમાં થઈને ખંભાતના અખાતમાં મળતા બંધ થઈ ગયા. સિંધુના વહેણ લગભગ ૩૦૦ કિ.મી. પશ્ચિમ તરફ ખસી ગયા. તેના પાણીની માત્ર એક શાખા કચ્છની પશ્ચિમે આવેલ કોરી ક્રીકમાં મળવા લાગી. આ એક શાખાના કારણે હવે માત્ર અબડાસા, લખપત અને રણનો ઉત્તર તરફનો વિભાગ લીલો રહેવા પામ્યો. પરંતુ તે સિવાયનો સપ્ત સિંધુનો પ્રદેશ સૂકો ભઠ્ઠ થઈ ગયો. આ પરિસ્થિતિ લગભગ ૬૦૦ વર્ષ સુધી રહી.*

*ત્યારબાદ તા. ૧૬-૬-૧૮૧૯ના થયેલા ગોઝારા ભૂંકપના કારણે પશ્ચિમ - ઉત્તરના વિસ્તારની જમીનનો કેટલોક ભાગ ઊંચકાઈ આવ્યો કે જેને આગળ જતાં "અલ્લાહનો બંધ" કહેવાયો. પરિણામ સ્વરૂપે સિંધુની જે શાખાનું પાણી કચ્છ તરફની કોરી ક્રીકમાં આવતું હતું તે તદ્દન બંધ થઈ ગયું. સદાને માટે કચ્છ એક દુષ્કાળગ્રસ્ત પ્રદેશ બની રહ્યો.*

*એ સમયે કચ્છને સિંધુનો તટ પ્રદેશ ગણવામાં આવતો હતો. સિંધુ નદીના પાણી કચ્છને પ્રાપ્ત થતાં હોય કે નહીં પરંતુ કચ્છ, એ સિંધુ નદીનો તટ પ્રદેશ હોવાના કારણે આ પાણી પર તેનો હક્ક અબાધિત રહેવા પામેલ હતો.*

*૧૯૪૭માં ભારત - પાકિસ્તાનના ભાગલા પડ્યા. ત્યારબાદના પાકિસ્તાન સાથેની સમજુતી અનુસાર સિંધુ, જેલમ અને ચિનાબ – એમ પશ્ચિમની ત્રણ નદીના પાણી પાકિસ્તાનના ફાળે આવ્યા. રાવી, બિયાસ અને સતલજ – એમ પૂર્વની ત્રણ નદીના પાણી ભારતના ભાગે આવ્યા. કચ્છ એ સિંધુનો તટ પ્રદેશ તરીકે ઓળખાતો હોવા છતાં તેનો સિંધુ નદીના પાણી પરનો હક્ક કાયમના માટે જતો રહ્યો. તેના બદલે અન્ય કોઈ પાણીની વ્યવસ્થા ભારત સરકાર તરફથી કરવામાં આવી નહીં. કચ્છનો કોઈ અવાજ સાંભળવામાં આવ્યો નહીં.*

*ત્યારબાદ ભારતના ભાગે આવેલ ત્રણ નદીઓ પર બંધ બાંધી, કેનાલની એક શાખા દ્વારા આ પાણી રાજસ્થાનના સૂકા રણ પ્રદેશમાં આવવા લાગ્યા. રાજસ્થાનની આ કેનાલને કંડલા સુધી લંબાવી આ નદીઓના પાણી કચ્છમાં લાવી, ત્યાં ખેતી કરવાની વાતો થતી રહી. પરંતુ આ વાતો, માત્ર વાતો જ રહી. તેના કોઈ નક્કર પરિણામ આજ દિવસ સુધી આવ્યા નથી.*

*નર્મદા નદીના પાણી માટે કચ્છ બ્રાંચ કેનાલ બનાવી ૦.૫ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવાયા કે જેના કામો વર્ષ ૨૦૦૬થી આજ દિવસ લગી એટલે કે ૧૩ વર્ષથી ચાલુ છે પરંતુ રૂા. ૪૨૦૦ કરોડના આ કામો હજુ સુધી પૂરા થઈ શકેલ નથી. કચ્છ બ્રાંચ કેનાલ ગાંધીધામ, અંજાર, મુંદ્રાના જે વિસ્તારમાંથી પસાર થાય*

છે ત્યાંની કેટલીક જમીન ત્યાંના ખેડૂતો પાસેથી જરૂરી ઈચ્છાશક્તિના અભાવે પ્રાપ્ત ન કરી શકાતા, આ કામ અટવાયા છે. જરૂરી ઈચ્છા શક્તિના અભાવે સબ બ્રાંચ કેનાલ કે માઈનોર કેનાલના કામો પણ હાથ પર ન ધરાયેલ હોવાથી આ પાણી રાપરથી ટપ્પર જળાશય સુધીના ખેતરો સુધી પહોંચાડી શકાયા નથી. વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી છેક વર્ષ ૨૦૦૬માં કચ્છને ફાળવાયા છે પરંતુ તે કામોના પણ હજુ સુધી શ્રીગણેશ થયા નથી.

આ પરીસ્થિતિમાં પાકિસ્તાન પ્રેરીત આતંકવાદીઓએ કાશ્મીરના પુલવામામાં ભારતના સી.આર.પી.એફ.ના સૈનિકો પર વિસ્ફોટ દ્વારા હુમલો કર્યો કે જેના કારણે ભારતના ૪૪ સૈનિકોના મૃત્યુ થયા. આખો દેશ ખળભળી ઉઠ્યો અને પાકિસ્તાન પર તેનો બદલો લેવાની સારાયે દેશમાંથી માંગ ઉઠી. ઉરી હુમલા વખતે પણ આજ પ્રકારની માંગ સમગ્ર રાષ્ટ્રમાંથી ઉઠી હતી. તેના બદલા સ્વરૂપે એક વાત એ પણ આવી કે પાકિસ્તાનને સબક શીખવાડવા માટે જે ત્રણ નદીઓ – સિંધુ, જેલમ અને ચિનાબના પાણી પાકિસ્તાનને ફાળવાયા છે તે આંતરરાષ્ટ્રીય કરારનો ભંગ કરી આ નદી આડે બંધ બાંધી, ભારતે આ પાણી પાકિસ્તાનમાં જતા અટકાવવા જોઈએ. અને તે પાણીનો વપરાશ ભારતની ખેતી માટે કરવો જોઈએ. એક માંગ એવી પણ ઉઠી છે કે આ ત્રણ નદીઓના જે પાણી ભારતના ભાગે આવ્યા છે, તેનો ઉપયોગ ભારત હજુ સુધી કરી શક્યું નથી અને તે પાકિસ્તાન તરફ વહેવડાવી દેવામાં આવે છે. તેથી કમ સે કમ જે પાણી પર ભારતનો હક્ક છે તે પાણી તો ભારતે અટકાવી જ દેવા જોઈએ. આ પાણી હજુ સુધી ભારત એટલા માટે વાપરી શક્યું નથી કે આ નદીઓ જે વિસ્તારમાંથી પસાર થાય છે તે પંજાબ અને હરિયાણા જેવા પ્રદેશો પાણીની અછતવાળા પ્રદેશો ન હોવાથી તેની ખાસ જરૂરિયાત રહેતી નથી. જ્યારે બીજી તરફ આ પાણી ભારતના અન્ય દુષ્કાળગ્રસ્ત પ્રદેશોમાં વહાવવા અત્યાર સુધી ભારત સરકાર સક્રિય રહેલ નથી. કદાચ એ કારણ પણ હોઈ શકે કે ખેતી કરતા, ઉદ્યોગોને ભારત સરકાર વધુ મહત્ત્વ આપે છે.

એક તરફ ગંગા, જમના, બ્રહ્મપુત્રા વગેરે નદીઓના પાણી લિંક કેનાલથી એકત્રિત કરી, અન્ય જરૂરિયાતવાળા પ્રદેશોમાં વહાવવાના વિચારો રજૂ થાય છે. જ્યારે અન્ય તરફ સિંધુ, જેલમ અને ચિનાબ નદીના ભારતના ભાગના પાણી પાકિસ્તાન તરફ વહાવી દેવામાં આવે છે.

કચ્છ, એ સિંધુનો તટ પ્રદેશ હોવાના નાતે પાકિસ્તાનમાં વહી જતા આ પાણી પર કચ્છનો હક્ક હોવાથી આ પાણી રાજસ્થાન કેનાલમાં વહાવી, રાજસ્થાન કેનાલને કચ્છ તરફ લંબાવી, આ પાણી કચ્છ પ્રદેશમાં વહાવવામાં આવે તો સમગ્ર કચ્છના દુષ્કાળનો પ્રશ્ન કાયમના માટે હલ કરી શકાય. કચ્છની સ્થાનિક પ્રજાને સ્થળાંતર કરવું ના પડે અને કચ્છમાં સ્થાપિત થયેલા ઉદ્યોગોમાં હજુ પણ અનેરો વધારો થઈ શકે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને પણ આ પાણી પ્રાપ્ત થતા અનેકગણો ફાયદો થઈ શકે.

આ પ્રશ્ન એટલા ઉચ્ચ દરજ્જાનો છે કે કચ્છનો સામાન્ય કાર્યકર આ બાબત ભારત સરકાર પર પ્રભાવ ના પાડી શકે. પરંતુ કચ્છના અત્યારના અને પૂર્વના સાંસદો, કચ્છના અત્યારના અને પૂર્વના ધારાસભ્યશ્રીઓ તથા કચ્છના રાજકીય આગેવાનો સતતપણે ઉચ્ચ કક્ષાએ પ્રયાસ કરે તો કદાચ તેના યોગ્ય પરિણામો આવી શકે. કચ્છના રાજકીય કાર્યકરો અગર આ પ્રશ્ન હાથ પર લઈ હકારાત્મક પરિણામો મેળવી શકે તો તેઓ કચ્છના ઈતિહાસમાં જરૂરથી અમર થઈ શકે. કચ્છની પ્રજા કાયમને માટે તેઓને યાદ કરતી રહે. કચ્છની પ્રજા કાયમને માટે સુખી થઈ શકે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

---

**જાણ્યા કરતાં સમજવું એ ઘણું મહત્ત્વનું છે. તમને જાણતા તો અનેક લોકો હશે પણ તમને સમજતા કેટલા હશે?**

# સિંધુ જળ સંકટની ચર્ચામાં કો'ક તો કચ્છની વાત કરો

• કીર્તિ ખત્રી •

*તાજેતરમાં જ પુલવામામાં જૈશ-એ-મોહમ્મદના આતંકીઓએ ત્રાટકી સી.આર.પી.એફ.ના ૪૪ જેટલા જવાનોનો ભોગ લીધેલ હતો. ત્યારબાદ ભારતભરમાંથી પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ અને પાકિસ્તાન પર આ નાપાક આક્રમણની કાર્યવાહી સામે તેટલા જ ભયાનક પગલા ભરવાની માંગ ઉઠેલ છે. એક સૂચન અનુસાર સિંધુ વગેરે ત્રણ નદીઓના પાણી, જે હિંદુસ્તાનમાંથી પાકિસ્તાન તરફ વહે છે, તેને રોકી પાકિસ્તાનને આર્થિક સબક શીખવાડવાનો આ મોકો ઝડપી લેવાનું જણાવવામાં આવે છે. એવું પણ સૂચન છે કે આ ત્રણ નદીઓના ભારતના ભાગમાં આવેલ પાણીને રોકી, તેને ભારતના પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના ખેતરોમાં વહાવવામાં આવે.*

*વર્ષો અગાઉ સિંધુ નદી કચ્છના રણમાં થઈ કચ્છના અખાતને મળતી હતી. તેથી કચ્છને સિંધુ તટનો પ્રદેશ ગણવામાં આવે છે. આ હિસાબે ઉપરોક્ત પાણી પરનો સૌપ્રથમ હક્ક કચ્છનો સ્થાપિત થાય છે. અગાઉ એક ચર્ચા વહેતી થયેલ હતી કે ભારતના ભાગે આવેલ ત્રણ નદીઓના પાણીમાંથી કેટલાક પાણી જે કેનાલ દ્વારા રાજસ્થાનમાં વહેવડાવવાં આવે છે, એ રાજસ્થાન કેનાલને કચ્છના કંડલા સુધી લંબાવવામાં આવે અને કચ્છની સૂકી ધરા પર ખેતીના આ પાણી પહોંચાડવામાં આવે.*

*ઉપરોક્ત પશ્ચાદભૂમિને અનુલક્ષીને 'કચ્છમિત્ર'ના પૂર્વ તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીએ કચ્છમિત્રના તા. ૨૪-૨-૨૦૧૯ના અંકમાં એક લેખ લખેલ છે કે જેને 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગ માટે અત્રે અક્ષરસહ રજૂ કરીએ છીએ.*

*– તંત્રી મંડળ*

૧૪મી ફેબ્રુઆરીના પુલવામામાં આતંકી હુમલા સામે દેશભરમાં રોષ - ગુસ્સો ભભૂકી ઊઠ્યો છે અને એ સ્વાભાવિક પણ છે. માત્ર શહેરો જ નહીં, છેવાડાના ગામડાંઓ સુધી કાયરતાપૂર્ણ નાપાક કૃત્ય સામે વિરોધ વ્યક્ત કરવાની સાથે સાથે પાડોશી દુશ્મનને પાઠ ભણાવવા પણ બુલંદ માંગ થઈ રહી છે. કચ્છ પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરવામાં પાછળ નથી. અહીં પણ એ જ માહોલ છે.

અને કચ્છ તો સરહદી વિસ્તાર છે. પાકિસ્તાન સાથે ભૂમિ, ક્રીક અને દરિયાઈ સીમાથી જોડાયેલું છે. આઝાદી પછી ૧૯૬૫ તેમજ ૧૯૭૧ના યુદ્ધ ઉપરાંત ૧૯૯૯ના કારગિલ યુદ્ધ સમયની અનેક કડવી-મીઠી યાદો કચ્છવાસીઓના મનમાં કાયમને માટે સંઘરાયેલી છે. ૧૯૬૫ની યાદો કચ્છવાસીને બેચેન કરી મૂકે તેવી છે, તો ૧૯૭૧ની સ્મૃતિઓ વિજયશ્રીનો અહેસાસ કરાવતી રહે છે. બંને ઐતિહાસિક ઘટનાઓનાં જુદા જુદા પાસાં અને પ્રતિક્રિયાઓ આજે તપાસીએ છીએ તો મિશ્ર અને વિરોધાભાસી ચિત્ર પણ ક્યાંક ઉપસે છે. યુદ્ધ સમયે દુશ્મનને પાઠ ભણાવવાના જુસ્સા વચ્ચે જ્યારે બોમ્બવર્ષાનો ડર પેદા થાય છે ત્યારે એ જ પ્રજા નાસભાગ કરવા લાગે તો સમજવું શું? '૬૫ અને '૭૧ના યુદ્ધ વખતે નાપાક હવાઇ હુમલાના ભયથી એક તરફ કચ્છવાસીઓમાં ભય પેદા થયો હતો, તો બીજી તરફ ખાસ કરીને '૭૧ના યુદ્ધ વખતે ભુજ વિમાની મથકની નુકસાનગ્રસ્ત હવાઈપટ્ટીનું સમારકામ હુમલાની ચેતવણી આપતી સાયરનના અવાજો વચ્ચે માધાપરની મહિલાઓએ પૂરું કરીને ઈતિહાસ સર્જ્યો હતો એનું આપણે આજેય ગૌરવ અનુભવીએ છીએ. એ જ રીતે ૧૯૯૯ના કારગિલ યુદ્ધ સમયે કચ્છના રણમાં પાણીની પાઈપલાઇન પાથરવાનું ભગીરથ કાર્ય સંગઠિત બનીને કિસાન સંઘના નેજા હેઠળ પાર પડાયું એ પણ એક ઐતિહાસિક ઘટના હતી.

કચ્છની કે ભારતની યુવા પેઢીને કદાચ ખબર નહીં હોય પણ ૧૯૬૫માં યુદ્ધનો કચ્છમાં બે વાર માહોલ ઊભો થયો હતો અને બંનેવાર કચ્છને સહન કરવાનો વારો આવ્યો હતો. પંજાબ અને જમ્મુ-કાશ્મીર સહિતની સરહદો પર યુદ્ધ સપ્ટેમ્બરમાં ખેલાયું હતું, પણ કચ્છમાં તો છેક એપ્રિલમાં નાપાક રણ આક્રમણ થઈ ચૂક્યું હતું. મોટા રણમાં કંજરકોટ, છાડબેટ સહિતના વિસ્તારો પર પાકિસ્તાન ઘૂસણખોરીની તૈયારી કરી રહ્યું હોવાના અહેવાલ આવ્યા હતા. આ માટે ભારતીય વિસ્તારમાં ઘૂસીને કાચો રસ્તો સુદ્ધાં બનાવાયો હોવાનો પ્રશ્ન ફેબ્રુઆરી મહિનામાં અબડાસાના ધારાસભ્યે વિધાનસભામાં ઉઠાવ્યો. બીજી તરફ દિલ્હી સંસદમાં પણ તેના પડઘા પડ્યા.

*'મદદ' એ ખૂબ મોંઘી ભેટ છે, તેથી દરેક પાસેથી તેની અપેક્ષા રાખશો નહીં કારણકે ખૂબ જ ઓછા લોકોના હૃદય શ્રીમંત હોય છે.*

છતાં રાજ્ય - કેન્દ્ર સરકારોએ સબ સલામતના ગાણા ગાયા અને ૯મી એપ્રિલે સરદાર ચોકી પર નાપાક આક્રમણ થયું. ખરેખર તો કેન્દ્ર સરકારે ધાર્યું હોત તો માર્ચમાં જ લશ્કરી જવાનો તૈનાત કરી શકાતા હતા. પણ, એમ ન થયું અને રણ સરહદ કેન્દ્રીય અનામત પોલીસ દળ તેમજ એસ.આર.પી.ના જવાનોને હવાલે જ રખાઈ. આમ છતાં પાકિસ્તાનની લશ્કરી બ્રિગેડના આક્રમણ સામે આપણા પોલીસ જવાન બહાદુરીથી લડ્યા. એટલું જ નહીં, આખી રાત સામનો કરીને સરદાર ચોકી જાળવી રાખી એનો ઈતિહાસ આપણે જાણીએ છીએ. એક તરફ શસ્ત્રસજ્જ લશ્કર અને સામે ટાંચા સાધન અને હથિયાર સાથેના મર્યાદિત પોલીસમેન. આ યુદ્ધ આપણી કેન્દ્ર અને રાજ્ય સરકારોની નીતિ વિષયક નિર્માલ્યતા અને જવાનોની અપ્રતિમ વીરતાનું પ્રતીક હતું. ૩૩ દિવસના આ જંગમાં આખરે બ્રિટનની મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો હતો અને રણ સરહદનો વિવાદ ઉકેલવા ટ્રીબ્યુનલ રચાવાની દરખાસ્ત થઈ.

જૂનમાં રણયુદ્ધ પૂરું થયા પછી ત્રીજા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં કચ્છ સિવાયના મોરચે ભારત-પાક યુદ્ધ લડાયું. આ વખતે રણ સરહદ શાંત હતી પણ પાકિસ્તાનના હવાઈ હુમલાથી પ્રજામાં ફફડાટ ફેલાયો હતો. ૧૯મી સપ્ટેમ્બરે એ સમયના ગુજરાતના મુખ્યપ્રધાન બળવંતરાય મહેતાનું વિમાન અબડાસાના સુથરી નજીક પાકિસ્તાને ફૂંકી મારતાં સનસનાટી અને અરેરાટી ફેલાઈ ગયા હતા.

ત્રણ વર્ષ પછી ૧૯૬૮માં ફેબ્રુઆરી મહિનામાં કચ્છ ટ્રીબ્યુનલના ચુકાદામાં રણનો કંજરકોટ અને છાડબેટ સહિતનો વિસ્તાર પાકિસ્તાનને સોંપી દેવાનો આદેશ થતાં કચ્છમાં રોષ ફેલાયો હતો. શહેરો અને ગામડાઓએ બંધ પાળ્યો અને ‘કચ્છ કી ધરતી દેશ કી ધરતી’ સત્યાગ્રહની ભૂમિકા ઘડાવા લાગી. આખા દેશમાં એના પડઘા પડ્યા અને એપ્રિલ મહિનામાં ઐતિહાસિક કચ્છ સત્યાગ્રહના મંડાણ થયા. દેશભરના વિરોધપક્ષો એક થઈને કચ્છની ધરતી માટે સત્યાગ્રહ ચળવળમાં જોડાયા. જો કે કેન્દ્ર સરકાર તો છાડબેટ સોંપી દેવામાં મક્કમ હતી. પણ કચ્છને ધરતી ગુમાવવા (ભૂગોળ બદલાવા)ના અફસોસની કળ સત્યાગ્રહે કંઈક અંશે વાળી દીધી હતી.

કચ્છે છાડબેટ ગુમાવવું પડ્યું. આ એક એવો ઘાસિયો વિસ્તાર હતો કે જ્યાં આઝાદી પૂર્વે રાજાશાહીના સમયમાં દુકાળ વખતે કચ્છના અને ખાસ તો બન્ની પચ્છમના માલધારીઓ પોતાનો માલ લઈને ત્યાં ચરાવવા જતા અને આ વખતે ૨૦૧૯માં અત્યારે દુકાળ છે, ઘાસની બૂમ છે. જો છાડબેટ ન સોંપાયું હોત તો? આ સવાલ સહેજે ઊભો થાય છે. પણ અત્યારે ફરી એકવાર યુદ્ધ જેવો માહોલ. નાપાક પ્રોક્સી વૉરની પેદાશ સમા પુલવામા આતંકી હુમલામાં ૪૪ જવાનો શહીદ થતાં દેશભરમાં ગુસ્સો - રોષ ભભૂકી રહ્યો છે અને કેન્દ્ર સરકારે સિંધુ જળકરાર હેઠળ મળેલાં પાણીનો પૂરેપૂરો ઉપયોગ કરીને તેને પાકિસ્તાનમાં જતું રોકવા સહિતનાં પગલાં લેવાની ઘોષણા કરી છે ત્યારે છાડબેટ અને કચ્છનો સંદર્ભ તેની સાથે જોડવાનો એક વધુ સંયોગ ઊભો થયો છે.

ભારતને ભાગે આવતું પાણી પાકિસ્તાનમાં વહી જાય છે તેનો ઉપયોગ કચ્છ માટે કરી શકાય એ પ્રશ્નની ટેકનિકલ છણાવટ અગાઉ થઈ ચૂકી છે. પણ, એની વધુ વાત કરીએ એ પહેલાં ૧૯૭૧ના યુદ્ધની મીઠી યાદનો આનંદ સીમલા કરારને લીધે કેમ ઓસરી ગયો એ યાદ કરવા જેવો છે. ’૭૧ના યુદ્ધ વખતે ’૬૫ કરતાં સાવ જુદી સ્થિતિ હતી. કચ્છથી રાજસ્થાન સુધીના મોરચે ભારતીય લશ્કરે પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં નગરપારકર સહિતના કેટલાયે વિસ્તારો કબજે કરીને ત્રિરંગો ફરકાવી દીધો હતો. છાડબેટ પણ પાછું લઈ લીધું હતું. પાકિસ્તાનની મોટાભાગની હિંદુ વસ્તીને એમ હતું કે હવે તો બે ત્રણ દિવસમાં જ સિંધ પૂરેપૂરું ભારતીય સેનાના કબજામાં આવી જશે.

એ સમયે કેટલાક વૃદ્ધ નાગરિકોએ એવી લાગણી વ્યક્ત કરી હતી કે તેમને તો ૧૯૪૭માં પણ ભારત સાથે જ જોડાવું હતું પણ ઐતિહાસિક સંજોગોએ દગો દેતાં સિંધને પાકિસ્તાન સાથે જોડાવું પડ્યું. હવે ’૭૧ના જંગમાં અમારું એક સપનું સાકાર થઈ જશે. પણ, ત્યાં જ યુદ્ધવિરામ થયો. ખાસ તો પૂર્વ મોરચે બાંગ્લાદેશનો ઉદય થયો તે સાથે જ યુદ્ધવિરામ થતાં સિંધુ દેશ બનતાં બનતાં રહી ગયો. ખેર, પણ નગરપારકર સુધી ભારતીય સેનાએ જે વિસ્તાર જીતી લીધો હતો ત્યાં ભારતે પોતાનું વહીવટી તંત્ર ગોઠવ્યું. આમ છતાં ઈન્દિરા ગાંધી અને ઝુલ્ફીકાર અલી ભુટ્ટો (ભારત-પાક) વચ્ચે સીમલા કરાર થતાં ભારતે જીતેલો પ્રદેશ પાકિસ્તાનને પાછો સોંપી દેવાનું સ્વીકારતાં સિંધના વિસ્તારો જ નહીં કચ્છનો પોતાનો છાડબેટ પણ પાછો સુપરત કરાયો. એ સમયે સિંધમાંથી આવેલા શરણાર્થીઓને કચ્છ - ગુજરાતે અને રાજસ્થાને આવકાર્યા એનોય અલગ ઈતિહાસ છે.

કડવી-મીઠી આ યાદોમાં હિમાલયની નદીઓનાં પાણીની વહેંચણી બાબતે સિંધુ જળકરાર ફોક કરવા સુધીના મુદ્દા અત્યારે ચર્ચાઈ રહ્યા છે ત્યારે કચ્છનો પાણીનો પ્રશ્ન પણ સપાટી પર આવી જાય છે. ૧૯૬૫ના યુદ્ધ વખતે ગુજરાત વિધાનસભામાં ચર્ચા થઈ હતી ત્યારે કચ્છ સરહદે મજબૂત ખેડૂતોને વસાવી શકાય

એ માટે નર્મદા યોજનાનું આયોજન કરવાની વાત સૌ પ્રથમવાર ભાઈકાકાએ સ્વતંત્ર પક્ષના આગેવાનની હેસિયતથી છેડી હતી. સિંચાઈ માટે નર્મદાનાં પાણી કચ્છને પૂરતાં પ્રમાણમાં ફાળવાયા નહીં એ બાબતે અગાઉ ચર્ચાઓ થયેલી છે. તેમ ૧૦ લાખ એકર ફીટ જે સરપ્લસ વોટર તરીકે કે ફાજલ નીર તરીકે ઓળખાય છે તેના આયોજન સામેય અનેક સવાલો ઊભા છે. એટલે એનીયે ચર્ચા કરતા નથી. પણ આજે પુલવામા હુમલા પછી પાકિસ્તાનને સિંધુના પાણીથી વંચિત કરીને પ્રોક્સી યુદ્ધનો બદલો આર્થિક સહિતના મોરચે લેવાની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે ભારતના ભાગનું પાણી પંજાબ, હરિયાણા અને રાજસ્થાનને આપવાની વાતમાં કચ્છનો ઉલ્લેખ કરવાનું કેમ કોઈને સૂઝતું નથી?

આ પ્રશ્ન આપણે અને દેશના રાજકીય સમીક્ષકોએ વિચારવા જેવો છે. પાકિસ્તાન આતંકવાદને પાળવા - પોષવાનું બંધ ન કરે તો સિંધુ જળ કરાર અંગે ફેર વિચારણા કરવાની વાતે કાંઈ નવી નથી. ૨૦૧૬માં ઉરી સેક્ટરમાં ભારતીય લશ્કરી છાવણી પરના આતંકી હુમલામાં ૧૮ જવાન શહીદ થયા ત્યારે પણ દેશભરમાં આવો જ રોષ ફેલાયો હતો. ઈંટનો જવાબ પથ્થરથી આપવાની માંગ ઊઠી હતી. તે સમયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'લોહી અને પાણી એક સાથે વહી ન શકે' એમ કહ્યું ત્યારે એનો સીધો સંબંધ સિંધુ જળ કરાર સાથે જ હતો. એ જ અરસામાં સિંધુ જળ કમિશનની ભારત - પાક બેઠકનોયે ભારતે બહિષ્કાર કરી દીધો હતો. આ પ્રશ્ને રાષ્ટ્રીય વ્યુહને અનુકૂળ પુનઃ વિચારણા કરવા માટે સલામતી સલાહકાર અજીત ડોવાલની હાજરીમાં ઉચ્ચસ્તરીય બેઠક વડાપ્રધાને યોજી હતી. તેમાં ભારતના ફાળવાયેલા ત્રણ નદીઓના પાણીનો આપણે પૂરેપૂરો ઉપયોગ કરી શકતા ન હોવાથી વણવપરાયેલો જથ્થો પાકિસ્તાનમાં જતો રહે છે. આ પાણીને અટકાવી દેવાની ચર્ચા થઈ હતી. મુદ્દો બિલકુલ વાજબી અને કાયદેસરનો હોવાથી ભારતે પોતાના હિસ્સાનું પાણી વાપરવા જરૂરી પગલાં લેવાનું શરૂ કર્યું.

પણ, ઉરી આતંકી હુમલાનો બદલો સર્જિકલ સ્ટ્રાઈકરૂપે ભારતે લીધો તેની ચર્ચાના વંટોળમાં સિંધુના પાણીનો મુદ્દો અખબારી મંચ પર આગળ વધ્યો નહીં. ઉરી હુમલા પછી બે વર્ષ અને ચાર મહિને પુલવામામાં આતંકી હુમલો થયો ત્યારે ફરી સિંધુ જળ કરારની ચર્ચા શરૂ થઈ છે. સવા બે વર્ષ દરમિયાન શું થયું, કામગીરી કેટલી આગળ વધી એની કોઈ વિગત બહાર આવી નથી. પણ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જે કાંઈ કહ્યું છે તે ઉરી હુમલાને પગલે જે કહેવાયું તેનું પુનરાવર્તન માત્ર છે. આપણા હિસ્સાનું પાણી પાકિસ્તાન જતું હતું તેનો ઉપયોગ કરવાની વાત ઉરી વખતે થઈ હતી તે જ વાત તેમણે કરી છે. એટલે કેન્દ્ર કક્ષાએ આ વિષયમાં ઉરી હુમલો ભૂલાયા પછી ફૉલૉઅપ થયું હોય એમ પ્રથમ દૃષ્ટિએ લાગતું નથી. પણ કચ્છને સંબંધ છે ત્યાં સુધી ત્રણ નદીઓના વણવપરાયેલા પાણીનો લાભ કચ્છ સુધી પહોંચાડવાના પ્રશ્ને મંથન જરૂર થયું છે એટલું જ નહીં એની જાણ અને વિગતવાર રજૂઆત ગુજરાતના મુખ્યપ્રધાન સુધી થઈ છે. સવા વર્ષ પહેલાં આ જ કટારમાં 'કચ્છને સિંધુના પાણી પ્રશ્ને નવો સંદર્ભ' શિર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલા લેખમાં વિગતે છણાવટ થઈ હતી. તેના કેન્દ્રમાં 'સિંધુના પાણી અને કચ્છ' નામે ભૂતપૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ઠક્કર લિખિત પુસ્તકની બીજી આવૃત્તિ હતી. આમ તો ૮૦ના દાયકામાં આ પુસ્તક પ્રથમવાર પ્રસિદ્ધ થયું હતું પણ ઉરીના હુમલા પછી સિંધુ કરારને પુનઃ વિચારણાની ચર્ચાને લીધે અને એનો નવો સંદર્ભ ઊભો થયો તેથી કચ્છના સિંધુનાં પાણી પરના રાઈપેરિયન રાઈટની વાત ભારપૂર્વક ફરી કરવામાં આવી હતી. કચ્છ એ સિંધુ તટ પ્રદેશનો ભાગ છે એમાં શંકાને કોઈ સ્થાન નથી. એ વાત સૌ જાણે-સમજે છે. નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે ૨૦૦૨ના એપ્રિલ મહિનામાં નેશનલ વોટર રિસોર્સિસ કાઉન્સિલની બેઠકમાં અટલ બિહારી વાજપેયીની હાજરીમાં તેઓ કચ્છના સિંધુનાં પાણી પરના અધિકારની વાત છાતી ઠોકીને કરી ચૂક્યા છે.

આજે આ જ નરેન્દ્રભાઈ વડાપ્રધાન છે. કેન્દ્રમાં ભાજપની સરકાર છે અને ગુજરાતમાં પણ તેમની જ સરકાર છે. છતાં સિંધુ જળકરાર અને ભારતના હિસ્સાની નદીઓના પાણીના વણવપરાયેલા જથ્થાનો ઉપયોગ કરવાની ચર્ચામાં ક્યાંયે કચ્છનો ઉલ્લેખ આવતો નથી. પંજાબ, રાજસ્થાન કે હરિયાણાને ફાજલ પાણી આપવાની વાત થાય છે પણ કચ્છની કોઈ વાત કરતું નથી. અરે, કચ્છના કોઈ પ્રતિનિધિ પણ કાંઈ બોલતા નથી.

આમ કેમ? નરેન્દ્રભાઈની સરકાર કચ્છને સિંધુ તટ પ્રદેશનો ભાગ ન માનતી હોય એવું તો શક્ય જ નથી લાગતું. કેન્દ્રીય પ્રધાન શ્રી ગડકરી પૂર્વાપરથી અજાણ હોય એ શક્ય છે. પણ ગુજરાતના મુખ્યપ્રધાન તો કચ્છના કેસથી વાકેફ છે તેથી સિંધુ જળકરારની ચર્ચા ચાલુ છે ત્યારે ગુજરાતની એ ફરજ બની રહે છે કે કેન્દ્રને અને ખાસ તો નીતિન ગડકરીને કચ્છના કેસથી વાકેફ કરે. અહીં એ પણ સમજી લેવું જરૂરી છે કે કચ્છ માટે નર્મદા અને સિંધુના પાણી બંને જરૂરી છે અને બંને વિષય અલગ અલગ છે, એકમેકના વિકલ્પ નથી.

*(સૌજન્ય : "કચ્છમિત્ર")*

*ફૂંક મારીને દીવાને ઓલવી શકાય, અગરબત્તીને નહીં. જે સુગંધ ફેલાવે છે તેને કોઈ ઓલવી શકતું નથી.*

પર્યાવરણ

# પાણી બચાવો - પર્યાવરણનો હિસ્સો બનો

• અતુલ ઉપાધ્યાય - સિવિલ ઇજનેર •

કુદરતી સંપત્તિને આપણે બે ભાગમાં વહેંચી શકીએ :

૧. **નિવાર્ય સંપત્તિ :** એવી સંપત્તિ કે જેના વગર જીવન ટકાવી શકાય. જેવી કે કોલસો, પેટ્રોલિયમ, ધાતુ, પથ્થર વગેરે.

૨. **અનિવાર્ય સંપત્તિ :** જળ, જંગલ, જાનવર, સૂર્ય પ્રકાશ, અગ્નિ, હવા, ખોરાક વગેરે અનિવાર્ય સંપત્તિમાંનું જળ એ એક અમૂલ્ય કુદરતી સંપત્તિ છે. **કુદરતે જુદા જુદા સ્વરૂપે પરંતુ પૂરતા પ્રમાણમાં જળ પૂરું પાડેલ છે. પરંતુ માનવ સમાજે જળનો વિવેકબુધ્ધિપૂર્વક કરકસરયુક્ત અને કાર્યક્ષમ ઉપયોગ ન કરીને આ સંપત્તિનું અપમાન કરેલ છે.** સમજણતાના અભાવે માનવીએ જળનો બેફામ - બેલગામ ઉપયોગ કરીને ખેતીલાયક અને પીવાના પાણીના જથ્થામાં ઝડપથી ઘટાડો કરેલ છે.

ખેતી અને પાણી એકબીજાના પર્યાય છે. જો પાણી હોય તો ખેડૂત 5 F (પાંચ એફ) FOOD - ખોરાક, FODDER – ઘાસચારો, FIBER - રેસા-કપાસ, FUEL - બળતણ અને FLOWER - ફૂલનું ઉત્પાદન કરી નાણાં કમાઈ શકે. **"ખેડ, ખાતર અને પાણી; નસીબને લાવે તાણી."** ખેતીમાં બાકી બધા પરિબળો અનુકૂળ હોય પરંતુ પાણી જ ન હોય તો "એકડા વિનાના મિંડા" જેવી પરીસ્થિતિ સર્જાય.

જુદા જુદા પાકના ઉત્પાદન માટે પાણીની જરૂરિયાત નીચે મુજબ છે :

| | |
|---|---|
| ૧ કપ ચા માટે | : આશરે ૩૫ લીટર પાણી. |
| ૧ કિ.ગ્રા. ઘઉં માટે | : આશરે ૧૦૦૦ લીટર પાણી. |
| ૧ કિ.ગ્રા. ડાંગર માટે | : આશરે ૨૫૦૦ લીટર પાણી. |
| ૧ કિ.ગ્રા. કપાસ માટે | : આશરે ૫૦૦૦ લીટર પાણી. |
| ૧ કિ.ગ્રા. ખાંડ માટે | : આશરે ૨૦૦૦ લીટર પાણી. |

**દેશની વાત કરીએ તો આશરે ૪૦૦૦ અબજ ઘન લીટર જળરાશિ વરસાદ મારફતે ઉપલબ્ધ થાય છે. જેમાંથી બાષ્પીભવન અને રણ – દરિયામાં વહી જતા જથ્થાને બાદ કરતાં આશરે ૨૦ ટકા જેટલો જથ્થો ઉપલબ્ધ રહે છે.** વ્યક્તિ દીઠ આ જળ જથ્થો ઘણો જ ઓછો કહેવાય. આથી "જળસંચય", "જળ પ્રબંધન" અને "જળ સુરક્ષા" એ જળક્રાંતિના અગત્યના પાસા છે અને ૨૧મી સદીની માંગ છે. જેની અમલવારી ગંભીરતાપૂર્વક કરવી અતિ મહત્ત્વની છે.

રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે જ્યારે જળ મહત્ત્વનું પાસું છે ત્યારે –

*જળ સંરક્ષણ* : WATER CONSERVATION

*જળ વ્યવસ્થાપન* : WATER MANAGEMENT અને

*જળ સુરક્ષા* : WATER SECURITYની અમલવારી કરવી ખૂબ જ મહત્ત્વની બની રહે છે.

**જ્યારે માથાદીઠ વાર્ષિક પાણીની ઉપલબ્ધિ ૧૭૦૦ ઘન મીટર કરતાં ઓછી હોય ત્યારે પાણીની અછતનો ભોગ બનવું પડે છે. ગુજરાતમાં પાણીની વાર્ષિક માથાદીઠ ઉપલબ્ધિ ૧૦૦૦ ઘન મીટર કરતાં પણ ઓછી છે, જે ચિંતાનો વિષય છે.**

"જળ એજ જીવન", "તમે જળ બચાવો, તમને જળ બચાવશે", "હમારા જળ હમારા જીવન", "પાણી અને વાણી વાપરો સૌ જાણી", "પાણિયારો", "પાણી વગરનો", "સંઘરેલો સાપ પણ કામ આવે", "કરકસર એ બીજો કમાઉ દીકરો" જેવી કહેવતો જળસંચય, જળ વ્યવસ્થાપન અને જળ સુરક્ષા માટેના સચોટ સુત્રો છે.

કચ્છ જિલ્લાની ઉપલબ્ધ જળરાશિ જોઈએ તો – ભૂતળ - ૬૫ કરોડ ઘન મીટર, ભૂગર્ભ - ૭૯ કરોડ ઘન મીટર. આમ કુલ ૧૪૪ કરોડ ઘન મીટર છે. જે પ્રદેશ વિસ્તારની દૃષ્ટિએ ૨.૫ ટકા છે.

### ગોમટેશ્વર મૂર્તિ - કર્ણાટક

ગોમટેશ્વર બાહુબલી મૂર્તિ ગ્રેનાઇટની એક વિશાળ શિલાને કાપીને બનાવવામાં આવી છે. આ વિશ્વની સૌથી ઊંચી મૂર્તિઓમાંથી એક છે. તેને ગંગ રાજવંશના શાસકે બનાવી હતી.

*લોકોને મદદ કરો – તેઓ તમને ભવિષ્યમાં મદદ કરી શકવાના નથી, તો પણ.*

ઇતિહાસ

# મુંબઇનો જૂનો ઇતિહાસ

## (સમગ્ર મલબાર હિલનું વાર્ષિક ભાડું રૂપિયા ૧૩૦ હતું)

મુંબઈનો એક જમાનો હતો જ્યારે મુંબઈમાં ઈરોઝ સિનેમા અને ચર્ચગેટ સ્ટેશનના વિસ્તાર સુધી સમુદ્ર ઘુઘવતો હતો. જુહુ વિલેપાર્લે ડેવલપમેન્ટ સ્કીમમાં રૂપિયા દસ હજાર ખર્ચીને બંગલો બનાવી શકાતો અને થોડાક સો રૂપિયાના ભાડે આખું મલબાર હિલ ભાડે રાખી શકાતું. મૂલચંદ વર્માએ વેરવિખેર પડેલો મુંબઇ નગરીનો ઈતિહાસ એક ખંતીલા સંશોધકની જહેમત તથા નજરથી ભેગો કરીને દળદાર પુસ્તકરૂપે પ્રગટ કર્યો : 'નરીમાન પોઈન્ટની પાળ પરથી.' આજે જ્યારે મુંબઇના ગુજરાતીઓને મહારાષ્ટ્રના કેટલાક રાજકારણીઓ સેકન્ડ ક્લાસ સિટીઝન બનાવી રહ્યા છે અને ઉપનગરના શાન સમી 'બાલ ભારતી' જેવી વિદ્યા સંસ્થાના ગુજરાતી સાઈન બોર્ડ પર કાળો કુચડો ફેરવવામાં પાશવી આનંદ માણી રહ્યા છે ત્યારે દરેક ગુજરાતીએ જાણવું જોઈએ કે આ મુંબઈ શું ચીજ છે અને મુંબઇને બનાવવામાં સદીઓથી ગુજરાતીઓએ કેટલો ગંજાવર ફાળો આપ્યો છે. જે જમાનામાં મરાઠાઓ લૂંટના ઈરાદાથી મુંબઈ પર ચડાઈ કરતા ત્યારે અંગ્રેજ સરકાર મુંબઇના મૂળ વતની ગુજરાતીઓની મદદ લેતી હતી. **કોળી, એંગ્લો ઇન્ડિયન્સ અને ગુજરાતીઓ આ ટાપુના આરંભિક વતની હતા.**

ગુજરાતના સોલંકી રાજા ભીમદેવે ઈ.સ. ૧૦૨૫માં માહિમનો પ્રદેશ જીતી નાની રાજધાની સ્થાપી ત્યાંથી શરૂ થતો મુંબઇનો ઈતિહાસ મૂલચંદ વર્માએ આપ્યો છે. રાજા ભીમદેવ સોલંકી સાથે આબુ-નહરવાલના રાજપૂતો પણ આવ્યા હતા. આ રાજપૂતોએ અત્યારના સી.એસ.ટી. સ્ટેશનવાળા વિસ્તારમાં આબુ પર્વત સ્થિત અંબાજી માતાની સ્થાપના કરી. તેઓ 'હે મહા અંબાદેવી મા' સંબોધન કરીને પૂજા કરતા. **સ્થાનિક આદિવાસીઓએ 'મા અંબા મા'નું 'મહા અંબા આઈ' કર્યું અને મા અંબા આઈ પરથી મુંબઈ બન્યું.**

આજે મરીન લાઇન્સ સ્ટેશનની પૂર્વમાં જે સોનાપુરનું સ્મશાન છે તે એક જમાનામાં દરિયાકિનારે ગણાતું. કાળક્રમે દરિયો પૂરવામાં આવ્યો અને ક્વીન્સ રોડ, રેલવેના પાટા તથા નેતાજી સુભાષ રોડની પહોળાઈઓ જેટલી જમીન ઉમેરાઈ. લકીલી, તે વખતે પર્યાવરણવાદીઓ નહોતા. અન્યથા મુંબઇના ઘરેણા જેવા ક્વીન્સ નેકલેસથી આપણે વંચિત રહી જાત.

નામદાર આગાખાને મુંબઈમાં સૌપ્રથમવાર ઘોડાની રેસ અને ઘોડા ઉછેરની પ્રણાલિકા શરૂ કરી. ખુદ મોરારજી દેસાઈ એકવાર મહાલક્ષ્મી રેસકોર્સ પર ઘોડદોડ જોવા ગયા હતા. જોકે, સાયન્સ ફિક્શનના બેતાજ બાદશાહ એચ.જી. વેલ્સ ૧૯૩૦ના દાયકામાં મુંબઇની મુલાકાતે આવ્યા ત્યારે મોરારજીભાઈ આમંત્રણ હોવા છતાં એમને મળવા ગયા નહોતા અને કવિ બ.ક. ઠાકોર આમંત્રણને સ્વીકારીને વેલ્સને મળ્યા હતા. ક્યારેક ધરતીકંપથી ધ્રૂજી ઉઠતા આ મહાનગરને ભૂસ્તરશાસ્ત્રીઓની નજરે જોવાથી ખબર પડે કે મુંબઈની ધરતીના પેટાળમાં એક સમયે જ્વાળામુખી પર્વત હતો અને તેના અવશેષો ભૂગર્ભમાં ભંડારાયેલા પડ્યા છે. **પાષાણયુગમાં મુંબઇ ટાપુઓનું સ્વરૂપ ધરાવતું નહોતું પણ ભારતની મેઇન લેન્ડ સાથે જોડાયેલા એક ભાગરૂપે અસ્તિત્વ ધરાવતું હતું. જ્વાળામુખી ફાટતા ધીમે ધીમે એ જમીનભાગના સાત ટાપુઓ બની ગયા.** પાષાણયુગમાં જે હથિયારો અને સાધનો ત્યારના માણસો વાપરતા તે બેંક-બે અને અન્ય સ્થળોએથી જિયોલોજિસ્ટોને મળી આવ્યા છે.

ઈ.સ. ૧૭૨૮માં આખા મલબાર હિલનું વાર્ષિક ભાડું કેવળ રૂા. ૧૩૦ (રૂપિયા એકસો ત્રીસ પૂરા) હતું. આજની તારીખે આ ભાવે મલબાર હિલમાં એક કલાક માટે બાથરૂમ પણ ભાડે ન મળે. **ગુજરાતી છાપાઓમાં મરણનોંધ છાપવાની પ્રથા ઇ.સ. ૧૮૨૨માં સ્થપાયેલા 'મુંબઈ સમાચારે' શરૂ કરી.** શરૂનાં વીસેક વર્ષ 'મુંબઈ સમાચાર'માં સ્ત્રીઓની મરણનોંધ છાપવામાં આવતી નહોતી. આધુનિક મુંબઇના વિકાસનો પ્રારંભ ૧૬૬૧ની સાલથી થયો. એ વર્ષે પોર્ટુગીઝોએ આખેઆખું મુંબઈ અંગ્રેજોને દહેજમાં આપી દીધું. ઈંગ્લેન્ડનો રાજા ચાર્લ્સ બીજો પોર્ટુગીઝોનો જમાઈ હતો.

**ઇ.સ. ૧૮૮૧-૮૨માં મુંબઈમાં કુલ મળીને ૯૦ ટેલિફોન ધારકો હતા.** ૧૯૫૧માં ૨૯,૩૦૦ મુંબઇગરાઓ પાસે ફોન હતા. આજે તો એકલા શાહ અટકધારીઓ પાસે એના કરતાં

*સારા કામ કરતા રહો, લોકો તેની તારીફ કરે કે ના કરે. અડધાથી વધુ દુનિયા ઊંઘમાં હોય છે ત્યારે સૂરજ તો ઉગે જ છે.*

અનેકગણા ફોન છે. મુંબઈમાં ૧૮૭૩ પહેલાં વાહન તરીકે પાલખી અને બળદ ગાડીનો ઉપયોગ થતો. પારસીઓ પાલખી બનાવવામાં એક્સપર્ટ હતા. પાલખીવાળા અટક આ વ્યવસાયે જ અપાવી. ૧૮૭૩માં ઘોડાગાડી આવી. વીસમી સદીમાં મોટરગાડીઓ આવી. **૧૯૦૧માં જમશેદજી તાતા મુંબઈના જ નહીં, ભારતના સૌપ્રથમ કારમાલિક બન્યા.** ૧૯૪૫-૪૬ના અરસામાં વિલેપારલેના પશ્ચિમે ખારા પાણી અને કાદવવાળી, ખાડા ટેકરાવાળી વગડાની જગ્યા હતી. ૧૯૬૦-૬૧માં વિષ્ણુભાઈ દેસાઈ અને વૈકુંઠભાઈ મહેતાને પ્રતાપે જુહુ વિલેપાર્લે ડેવલપમેન્ટ સ્કીમ તૈયાર થઈ. શરૂમાં પાંચસો રૂપિયા ભરવાના, પછી હપ્તે હપ્તે. આ ગાળા દરમિયાન એક બંગલો રૂપિયા દસ હજારમાં બની જતો. એ જ બંગલાની કિંમત આજે કરોડોમાં બોલાતી થઈ ગઈ છે.

મલબાર હિલની ટેકરી પર ગોવાળો ઢોર ચરાવવા જતા. નીચે ઉતરીને એક તળાવ પર ઢોરો પાણી પીતા. એ તળાવ ગોવાલિયા ટેન્ક નામે ઓળખાયું અને વીસમી સદીમાં તળાવ પૂરીને એના પર બગીચા બન્યા. જેને પાછળથી નામ અપાયું ઑગસ્ટ ક્રાંતિ મેદાન. **૧૭૮૭માં મુંબઈમાં પહેલી પોસ્ટ ઓફિસ શરૂ થઈ.** પોસ્ટ માસ્ટરને પગાર નહોતો મળતો. પત્ર મોકલવા માટે જે ફી આવતી તેના પર જ આધાર રાખવો પડતો.

૧૮૨૨માં મલબાર હિલ પરથી એક વાઘ ઊતરીને ગામદેવી થઈ ગોવાળિયાના તળાવમાં પાણી પીવા આવ્યો હોવાના ઉલ્લેખો છે. વીસમી સદીના આરંભમાં તાડદેવ ખાતે એક વાઘ ઝાડીમાં જોવામાં આવ્યો હતો. વાઘના ગયા પછી તાડદેવ ફોરજેટ હિલના આ વિસ્તારમાં ગઈ સદીના ઉત્તરાર્ધમાં જ્યોતીન્દ્ર દવે, હરિન્દ્ર દવે અને તારક મહેતા જેવા સારસ્વતો વસ્યા.

**૧૬૬૪માં અંગ્રેજોએ મુંબઈ પોતાને હસ્તક લીધું ત્યારે કુલ વસતિ ૧૫,૦૦૦ની હતી.** આજે એકલા બોરીવલીના યોગીનગર વિસ્તારમાં એથી વધુ લોકો વસે છે. ૧૬૯૭માં વસતિ લગભગ સાડા ચાર ગણી થઈ ગઈ કે જે ૭૦,૦૦૦ની હતી. ૧૮૯૧માં ૮,૨૧,૭૬૪ની વસતિ હતી. આઠ પાંચની ચર્ચગેટ લોકલમાં બેસીને મુંબઈનો ઇતિહાસ વાંચતી વખતે અમુક રાજાએ માહિમ પર ચડાઈ કરી અને બીજાએ બાંદરા સર કરી લીધુંના ઉલ્લેખો વાંચીએ છીએ ત્યારે બારીની બહાર એ સ્ટેશનો પસાર થઈ જાય છે. વાચકના મનમાં કૌતુકભર્યો રોમાંચ પ્રગટ થાય છે. મલબાર હિલ નામ કેવી રીતે પડ્યું? મલબારી ચાંચિયાઓ અરબી સમુદ્રમાં ફરતાં વહાણો લૂંટીને અત્યારે મલબાર હિલ નામે ઓળખાતી ટેકરીની આસપાસ વહાણો લાંગરતા અને જંગલમાં છુપાઈ જતા.

મુંબઈને નિહાળવા એક વિશેષ નજર જોઈએ. બોરીવલી સ્ટેશનેથી ઉત્તર-પશ્ચિમે બે-એક કિલોમીટરના અંતરે એક્સર આવ્યું છે. ત્યાં પથ્થરની ભીંત પર ચાર લાંબા લાંબા વહાણોનો કાફલો ચીતરવામાં આવ્યો છે. આ વહાણો જાણે સામસામે આક્રમણ કરવા આવી રહ્યા છે. ઇતિહાસકારોનો મત છે કે આ ચિત્ર બારમી સદીનું છે. આ ચિત્રો આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયાની ઑફિસમાં જોવા મળે. **બોરીવલી એક સમયે ધીકતું બંદર હતું. અહીંથી તોતિંગ વહાણોમાં હાથીઓ અને ઘોડાઓ ચડાવવામાં આવતા.**

**ઓગણીસમી સદીમાં મુંબઈમાં પ્લોટ નહોતા ખરીદાતા, આખા ને આખા ગામ ખરીદાતા હતા. ફરામજી કાવસજી બનાજીએ ૧૮૨૯માં પવઇ ગામ ખરીદ્યું. ૧૮૧૭માં કાવસજી માણેકજી એશબર્નરે ભાંડુપ ખરીદ્યું. ૧૮૦૮માં હોરમસજી બમનજી વાડિયાએ કુર્લા વેચાતું લીધું. ૧૮૬૯માં બેરામજી જીજીભાઈએ આખું ગોરેગામ ખરીદી લીધું અને ૧૮૦૬માં અરદેશર દાદી શેઠ મલાડના માલિક બન્યા.** આજે દાદી શેઠના નામે એસ.વી. રોડ પરની મલાડની ન્યુ ઇરા ટોકીઝથી બાબુલીનના મકાન તરફ જાઓ તો એક નાનકડી ગલી જોવા મળે છે. ગુજરાતીઓ હવે 'વ્યાપાર' કે 'મોનોપોલી'ની ગેમ રમતી વખતે જ આવી 'ખરીદી' કે 'લે-વેચ' કરી શકે છે.


જમશેદજી ન. તાતાએ ૧૯૦૪માં પાંચ લાખ પાઉન્ડના ખર્ચે ભવ્ય તાજમહાલ હોટેલ બંધાવી તે વખતે તાજના પંખા વિનાના ડબલ રૂમનું ભાડું રોજના ૧૨થી ૧૮ રૂપિયા હતું. મહિનાનું ભાડું રૂા. ૩૦૦થી ૪૫૦. એમાં રોજના ત્રણ વખતના ભોજનનો ખર્ચ પણ આવી જતો. પંખાવાળી રૂમનો ચાર્જ રોજના રૂા. ૨૮ અને મહિને રૂા. ૫૫૦થી રૂા. ૭૬૦ હતો. આ રૂમમાં બે જણા રહી શકતા.

મુંબઈમાં અમીચંદ ગોવિંદજીએ ૧૭૮૦માં મીઠાઈની પહેલવહેલી દુકાન શરૂ કરી. એ દુકાનનો હલવો 'મુંબઈના હલવા' તરીકે દેશ વિદેશમાં વખણાઓ. આ એ મુંબઈ છે, જ્યાં ગાંધીજી મહાત્મા બનતાં પહેલાં મિસ્ટર એમ.કે. ગાંધીના નામે ઓળખાતા અને શાકભાજી ખરીદીને પોતાની બ્રીફકેસમાં ભરતા એવું મૂલચંદ વર્મા 'નરીમાન પોઇન્ટની પાળ પરથી'માં નોંધે છે!

*બાજ પક્ષીની નજર માણસની નજર કરતાં ૪-૫ ગણી વધુ તેજ હોય છે. મતલબ મનુષ્યની આંખો જે વસ્તુને ૨૦ ફૂટ દૂરથી જોઈ શકે છે, બાજ તેને ૧૦૦ ફૂટ દૂરથી પણ જોઈ શકે છે.*

વિચાર મંથન

# સાહિત્યકારોનું અલ્પ આયુષ્ય – એક રહસ્ય?



ડૉ. યાસીન દલાલ

થોડા સમય પહેલા ગુજરાતી સાહિત્યના નોંધપાત્ર લેખકો, સર્જકોની સવિસ્તર માહિતી આપતો એક ગ્રંથ પ્રગટ થયો હતો. વર્તમાન સમયમાં, ગુજરાતીના બધા જ અગ્રણી સાહિત્યકારોના જીવન, કામની માહિતી આપતું આ આલ્બમ રસપ્રદ વાંચન પૂરું પાડે છે અને એમાંની કેટલીક માહિતી વિસ્મય પ્રેરી જાય છે. જેમ કે, આપણા સાહિત્યના સંખ્યાબંધ ઉત્તમ કવિઓ, લેખકો, નવલકથાકારોએ બહુ જ અલ્પ આયુષ્ય ભોગવ્યું છે. ૩૦થી ૪૦ અને ૪૦થી ૫૦ના આયુષ્યમાં જીવનલીલા સંકેલી લીધી હોય, એવા સારસ્વતોનું પ્રમાણ ઠીક ઠીક કહી શકાય એવું છે અને એ સિવાયનો વર્ગ એવો છે જે ૬૦ની આસપાસ ૭૦માં, પણ ૭૦, ૮૦ કે ૯૦નું આયુષ્ય ધરાવતા સારસ્વતોની સંખ્યા ઠીકઠીક નાની છે. ગુજરાતી જ નહીં, પાશ્ચાત્ય સાહિત્યમાં પણ આવું બન્યું હોવાના દાખલા અનેક છે.

સૂરસિંહજી તખતસિંહજી ગોહિલની વાત જાણીતી છે. ૧૮૭૪માં જન્મીને ૧૯૦૦માં ૨૬ વર્ષની વયે વિદાય લીધી અને ૨૬ વર્ષમાં 'કેકારવ' આપ્યો, પ્રવાસ વર્ણન આપ્યું, અનુવાદો આપ્યા અને પત્રોનો ભંડાર મૂકતા ગયા. માણસ સક્રિય રહે તો નાની ઉંમરમાં અલ્પ આયુષ્યમાં શું ન કરી શકે? દામોદર ખુશાલદાસ બોટાદકરે 'નિર્ઝરીણી', 'રાસ તરંગીણી' અને 'શૈયવની' જેવા સંગ્રહો આપ્યા અને ગુજરાતી કાવ્ય સાહિત્યને સમૃદ્ધ કરી દીધું. પણ આયુષ્ય? ૫૪ વર્ષ.

ગુજરાતી સાહિત્ય, કવિતા, નવલકથા અને પત્રકારત્વમાં પોતાની અમીટ છાપ મૂકી જનાર ઝવેરચંદ મેઘાણીનું સર્જન કેટલું બધું સમૃદ્ધ અને આયુષ્ય કેટલું અલ્પ! ૫૧ વર્ષની ઉંમરમાં એમણે પ્રવાસ કર્યા, પત્રો લખ્યા, હજારો લોકકથાઓ એકત્ર કરી, અખબાર ચલાવ્યા, એક ડઝન નવલકથા, એટલા જ કાવ્ય સંગ્રહો, નાટકો, નિબંધો, સંશોધનો, વિવેચનો આપ્યા. ભાવનગર વિસ્તારમાંથી બહાર આવેલા નાટ્યકાર યશવંત પંડ્યા ૫૦ વર્ષની ઉંમરે અવસાન પામ્યા. તળાજામાં જન્મેલા કૃષ્ણલાલ શ્રીધરાણી પૂરા ૫૦ના પણ ન થયા. ૪૯ની ઉંમરે એમનું અવસાન થયું. પણ 'કોડિયા' અને 'મોરના ઈંડા' વડે અમર થઈ ગયા.

મણિલાલ નાનુભાઈ ત્રિવેદીને આપણે એક પ્રકાંડ પંડિત, સાહિત્યકાર, નાટ્યકાર, કવિ તરીકે જાણીએ છીએ. કાવ્યો લખ્યા, નાટકો લખ્યા, નિબંધો લખ્યા, ઈતિહાસ લખ્યો, સંશોધન કર્યું. ૫૦ જેટલા પુસ્તકો લખ્યાં. એમની જન્મ તારીખ ૨૬-૯-૧૯૫૮ અને મૃત્યુ તારીખ ૧-૧૦-૧૯૯૯. માત્ર ૪૦ વર્ષના આયુષ્યમાં એટલું કામ કર્યું, જે બીજા લોકો ૧૦૦-૨૦૦ વર્ષમાં પણ ભાગ્યે જ કરી શકે. 'વેળા વેળાની છાયડી', 'વ્યાજનો વારસ', 'લીલુડી ધરતી'ના લેખક અને 'રૂચિ'ના સંપાદક ચુનીલાલ મડિયા કેટલું જીવ્યા? ૧૯૨૨માં જન્મ અને ૧૯૬૮માં મૃત્યુ. ૪૦ પછી ઘણાની કારકિર્દી શરૂ થતી હોય. રાવજી પટેલની વાત તો ખૂબ જાણીતી છે. 'અશ્રુધર' અને 'ઝંઝા'ના લેખક ૩૦ વર્ષ પણ નહોતા જીવ્યા.

ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક, નિબંધકાર, લેખક, સંશોધક રણજિતરામ વાવાભાઈ મહેતા ગુજરાત સાહિત્ય સભાના પણ સ્થાપક હતા. કનૈયાલાલ મુનશીએ એમના વિષે જ કહ્યું હતું, 'રણજિતરામ માણસ નહોતા, એક ભાવના હતા.' ગુજરાતની રાષ્ટ્રીય અસ્મિતાના એ અવતાર હતા. તેમના હૃદયમાં એક જ વિચાર હતો. બંગાળની માફક આપણું સાહિત્ય ક્યારે સમૃદ્ધિવાન થાય. આવા 'અસ્મિતા તારક' આ બધું ક્યારે કરી ગયા? કેટલા સમયમાં કરી ગયા? માત્ર ૩૬ વર્ષના આયુષ્યમાં!

ગુજરાતી સાહિત્ય, ગુજરાતના સાહિત્યકાર હાજી મહમ્મદ અલારખિયા 'શિવાજી'નું આયુષ્ય ૪૧ વર્ષ! સાહિત્ય અને પત્રકારત્વમાં ન પડ્યા હોય અને ધંધા-રોજગાર વિકસાવત તો કદાચ હાજી મહમ્મદ લાંબુ જીવ્યા હોત. પણ, 'વીસમી સદી'ના સંચાલનમાં એમના આયુષ્યની અડધી સદી ટૂંકાઈ ગઈ. જે સાહિત્યકારો લાંબુ જીવ્યા, એમાંથી પણ અનેક કિસ્સા દુઃખદ અને કરુણ છે. પશ્ચિમના સાહિત્યના ઈતિહાસમાં કદાચ અતિ કરુણ મોપાસાનો છે. ફ્રાંસના આ વિશ્વવિખ્યાત વાર્તાકારનું અંગત જીવન અત્યંત વિષાદમય રહ્યું હતું. વિશ્વને અનેકાનેક અમર વાર્તાઓ સોંપી જનાર આવો વિરલ લેખક કેફી દ્રવ્યોનો બંધાણી હતો, એ વાત ઘણા માને પણ નહીં. માર્ફિયા અને હશીશના સેવનને લીધે મોપાસાનું માનસિક સંતુલન ખોરવાઈ ગયું. પરિણામે એમને ગાંડાની હોસ્પિટલમાં પૂરી રાખવા પડેલા. એના મૃત્યુની નોંધ લેતા 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ ૧૯૯૨માં ૨૦મી ફેબ્રુઆરીએ લખ્યું હતું, 'શું જિનીયસ

*ભારત એવો દેશ છે કે જ્યાં સરકારી કર્મચારી કામ ન કરવાનો પગાર મેળવે છે અને કામ કરવા માટે લાંચ લે છે.*

લોકોએ આ રીતે કેફી દ્રવ્યોને શરણે જવું અનિવાર્ય છે?'

આખી દુનિયા જાણે છે કે વિવેચકોના કઠોર વિવેચનથી આઘાત પામીને કીટ્સે ૨૬ વર્ષની વયે દુનિયા ત્યજી દીધી હતી પણ કોલરીજ નામનો લગભગ એ જ અરસામાં થઈ ગયેલો કવિ આ બાબતમાં મોપાસાની પંગતમાં બેસે છે. વારંવાર માનસિક તનાવ અનુભવતા કોલરીજને અફીણમાં રામબાણ ઈલાજ દેખાયો, પણ એનું શરીર લકવાગ્રસ્ત થઈ ગયું. વ્યસનથી દૂર રહીને કોલરીજ વધુ સારું સર્જન કરી શક્યો હોત.

'વુધરીંગ હાઈટ્સ' જેવી અમર કલાકૃતિ ભેટ આપનાર એમિલી બ્રોન્ટીનું જીવનચરણ વાંચનાર પીડા, ગ્લાનિ અનુભવ્યા વિના રહી ન શકે. ઘરમાં સ્વાર્થી, વ્યસની ભાઈના સિતમોથી ત્રાસીને એમિલી પ્રકૃતિની ગોદમાં જતી રહેતી. રાત્રિના અંધકારમાં ચંદ્ર અને તારા નિહાળતી રહેતી. એમિલી અને એની બહેન શાલોર્ટની કૃતિઓ પ્રકાશકો છાપતા નહીં કારણકે ત્યારે સ્ત્રીઓ લખતી નહીં અને મહિલા લેખિકાનું પુસ્તક વેચાય એમ નહોતું. બંનેએ પુરુષ નામથી ચોપડીઓ છપાવવી પડી! પણ જ્યારે એની કૃતિઓ મશહૂર બની અને સાચું નામ જાહેર થઈ ગયું ત્યારે પણ એણે એ કૃતિઓ પોતે લખી હોવાનો ઈન્કાર કરી દીધો અને પોતાને મળતી કીર્તિ ઠુકરાવી દીધી. યે દુનિયા અગર મિલ ભી જાયે તો ક્યા હૈ!

૧૯૪૭માં આપણે આઝાદ થયા ત્યારે આપણું સરેરાશ આયુષ્ય ૪૫થી ૫૦ વરસનું હતું. એ પહેલા ૧૮૫૭માં બળવો થયો ત્યારે આપણું સરેરાશ આયુષ્ય ૩૫ વરસનું હતું. મતલબ કે લોકોને જેમ શુદ્ધ હવા મળે, શુદ્ધ પાણી મળે અને સારો ખોરાક મળે તેમ આયુષ્ય સારું હોય. વરસો પહેલા આપણે ત્યાં શુદ્ધ પાણીની બોટલ બજારમાં મળતી નહોતી. આજે પાણીની બોટલો બજારમાં મળે છે એનો ભાવ અગાઉ એક શીશીનો ૧થી ૨ રૂપિયા હતો, આજે વધીને ૫થી ૧૦ રૂપિયા હોય છે. મોટા ડેમોમાં પાણીમાં ક્લોરીનની ગોળી મેળવી દેવાય છે. હવે ભારતમાં અને દુનિયામાં જે મોત થતાં એમાંથી ૭૦% પાણીજન્ય રોગોથી થતા. એવામાં લુઇ પાશ્વરે પેનિસિલીનની શોધ કરી અને કીટકનાશક બજારમાં આવ્યા. એ પછી ટેટ્રા સાઈક્લીનના, એમોક્ષીસીલીન, નોરફ્લોશેશીન આ બધી દવાઓએ ચમત્કાર સર્જ્યો અને માણસનું સરેરાશ આયુષ્ય વધતું ગયું. આ સિવાય પણ શુદ્ધ પાણી પીવાના અનેક ફાયદા છે, એ બધા માણસને મળતા ગયા. સિંગાપુર જેવા દેશોમાં નળ ઉપર સરકારની ટીકડી ચોંટાડેલી હોય છે. જેમાં લખ્યું હોય છે કે આ પાણી પીવામાં શુદ્ધ છે. જાપાન અને જર્મની જેવા દેશમાં પણ સરકારી પાણી શુદ્ધ હોય છે. આપણે ત્યાં લાખો ગામડા એવા છે કે જ્યાં પીવાનું પાણી જ મળતું નથી પછી શુદ્ધ પાણીની વાત ક્યાં કરવી? એ જ રીતે આપણી વસતિના મોટાભાગને સારો અને આરોગ્યપ્રદ ખોરાક જ મળતો નથી. સત્યજીત રાયની ફિલ્મોમાં આ ગરીબીનું ચિત્રણ રજૂ થયું ત્યારે રાજ્યસભામાં નરગીસે હોબાળો કર્યો હતો. પણ નરગીસબેન ભૂલી ગયા કે એમની 'મધર ઈન્ડિયા'માં પણ આ જ વાત હતી. સત્યજીત ઉપરાંત ઋત્વિક ઘટક, મૃણાલસેન જેવા સર્જકોની ફિલ્મોમાં પણ આજ વાત હોય છે.

ફ્રેંચ કલાકૃતિ 'લામિઝરેબલ' ઉપરથી હિંદીમાં 'કુંદન' નામની ફિલ્મ બની છે. મિનરવા મુવીટોનના નેજા હેઠળ આ ફિલ્મ સોહરાબ મોદીએ બનાવી હતી. એમાં એક ગરીબ બાળક ભૂખ્યો હોય છે અને ફરતાં ફરતાં એક બકરી પાસે આવે છે અને બ્રેડ ચોરી લે છે. એની વાર્તા અત્યંત હૃદયગત રીતે કહેવાઈ છે. એ જ રીતે વિશ્વની શ્રેષ્ઠ ફિલ્મ ગણાતી 'વિક્ટોરીયો દસીકા'ની બાઈસિકલ થીમમાં પણ આવી જ ગરીબીની વાત છે. આ ફિલ્મ તો દુનિયાભરમાં મશહુર થઈ અને એના ઉપરથી જ બિમલરોયે 'દો બીઘા જમીન' બનાવી.

સરેરાશ આયુષ્યની જ વાત નીકળી છે તો એ પણ જાણી લઈએ કે યુરોપ, અમેરિકામાં લોકોનું સરેરાશ આયુષ્ય એટલું વધ્યું છે કે ત્રણ દેશોએ તો ઈચ્છા મૃત્યુની પરવાનગી આપી દીધી છે. આમાં નેધરલેન્ડ, જાપાન અને સ્વીડનનો સમાવેશ થાય છે. આ દેશોમાં બેકારી કે ભૂખમરો નથી અને જ્યાં બેકારી છે ત્યાં પણ સરકાર બેકારોને બેકારી ભથ્થું આપે છે. અમેરિકા, કેનેડા અને ઈંગ્લેન્ડ જેવા દેશોમાં આ ભથ્થું અપાય છે. એને સામાજિક સલામતી કહેવાય છે. આપણા દેશમાં હજુ આપણે એ કક્ષાએ નથી પહોંચ્યા.

સાહિત્યકારોનું સરેરાશ આયુષ્ય કેટલું છે એ આપણે જોયું. આ અત્યારના સાહિત્યકારોની વાત નથી. આ ભૂતકાળની વાત છે. આઝાદી સમયની વાત છે એ પછી તો આઝાદી આવી અને આપણી પ્રજાને ધીમેધીમે શુદ્ધ પાણી અને શુદ્ધ ભોજન મળતા થયા. ઉપરાંત એલોપેથીક દવાઓ પણ અક્સીર છે. જો કે હજી કેન્સર ઉપર વિજય મેળવવાનો બાકી છે. ટીબી ઉપર વિજય મળી ગયો છે. ઉપરાંત કિડનીના રોગો પણ ઉપદ્રવ મચાવે છે. જો કે હવે કિડની અને લીવર જેવા અંગોનું પ્રત્યારોપણ પણ શરૂ થયું છે. અમદાવાદમાં કિડનીનું પ્રત્યારોપણ એક સરકારી હોસ્પિટલમાં થાય છે. બીજા રોગો પણ ધીમેધીમે સાધ્ય થતા જાય છે પણ હૃદયરોગ ઉપર વિજય મેળવવાનો પ્રયત્ન ચાલે છે. જો કે એમાં પણ ઑપનહાર્ટ સર્જરી આવી ગઈ છે. પેરેલિસીસ ઉપર પણ સંશોધન ચાલે છે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

સશક્તિકરણ

# અભૂતપૂર્વ ઝડપથી આગળ ધપી રહેલું મહિલા સશક્તિકરણ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

સર્જન, પોષણ અને પરિવર્તન – એ મહિલાઓની એક આગવી શક્તિ કહેવાય છે. મહિલાઓના જીવનમાં હાલે ડોકિયું કરીએ ત્યારે ઉડીને આંખે વળગે તેવી અનેક નવીનતા આપણને દશ્યમાન થવા પામશે. આજે નારી શક્તિનો વિકાસ દિન દહાડે થતો જ રહ્યો છે. મહિલાઓ સર્વાંગી વિકાસ તરફ હરણફાળ ભરી રહી છે.

એક અભ્યાસ મુજબ ઈ.સ. ૧૯૫૧માં ભારતમાં માત્ર નવ ટકા મહિલા સાક્ષર હતી જ્યારે ઈ.સ. ૨૦૧૧માં આ દર વધીને ૬૫ ટકાનો થયો. આજે વિવિધ કાર્ય સ્થળોએ દર ચોથી કર્મચારી મહિલા છે. ભારતના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૭૫ ટકા હેલ્થ વર્કર્સ મહિલાઓ છે. અંદાજે ૩૩ ટકા સર્ટીફાઈડ એન્જિનિયરો મહિલાઓ છે.

તાજેતરમાં ભારતે મંગલયાન સફળતાપૂર્વક છોડ્યું અને એક રોકેટમાં એક સાથે ૧૦૪ સેટેલાઈટ લોન્ચ કરીને ખાસ અવકાશ વિજ્ઞાનના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ નૂતન સ્થાન મેળવ્યું, તેમાં મહિલા વિજ્ઞાનીઓની ટીમે નિર્ણાયક ભૂમિકાઓ ભજવી છે. ભારતીય વાયુદળમાં પ્રથમ મહિલા ફાઈટર પાઈલોટની નિમણૂંક થઈ છે.

- **શક્તિદૂત યોજના :**

રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરનારા ખેલાડીઓને આ યોજના હેઠળ પ્રોત્સાહિત કરાય છે. એ અંતર્ગત તાજેતરમાં ઈન્ડોનેશિયાના જાકાર્તા ખાતે યોજાયેલા એશિયન ગેમ્સમાં ૪ x ૧૦૦ રીલે દોડમાં ગોલ્ડ મેડલ જીતનાર ડાંગની આદિવાસી કન્યા કુ. સરિતા ગાયકવાડને રૂા. ૧ કરોડનું ઈનામ આપવામાં આવ્યું. ટેનિસમાં કાંસ્ય પદક જીતનાર કુ. અંકિતા રૈનાને રૂા. ૫૦ લાખનું ઈનામ અપાયું.

- **મહિલા સુરક્ષા કાનુન ક્ષેત્ર :**

કાર્યના સ્થળે મહિલાઓના જાતીય શોષણ સામે લવાયેલો "ધ સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ઑફ વિમેન – એટ વર્કપ્લેસ" એક્ટ, ઓનલાઈન ફરિયાદ તંત્ર, ૧૮૧ મહિલા હેલ્પ લાઈન, વન સ્ટોપ કેન્દ્રો તથા પેનિક બટનો મહિલાઓને તેમની સશક્તિકરણની યાત્રામાં તેમની રક્ષા માટે સજ્જ કરી રહ્યા છે.

- **આદિવાસી મહિલા સશક્તિકરણ :**

આપણા દેશમાં અંદાજે ૭૦૫ અનુસૂચિત જનજાતિ (ST) સૂચિત છે. સમાજની વસતિના ૮.૬% લોકો આ જાતિના છે. ઈ.સ. ૧૯૬૧માં ૩ કરોડની વસતિ હતી, જે વધીને ઈ.સ. ૨૦૧૧માં ૧૦.૪ કરોડ થઈ. જેમાં આદિવાસી મહિલાઓનું પ્રમાણ ૫.૧૯ કરોડનું છે. જે કુલ આદિવાસી પ્રજામાં ૪૯.૭% છે. ભારતમાં આદિવાસીઓમાં સાક્ષરતાનો દર ૭૩ ટકા છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો છે. પુરુષોની સાક્ષરતા ૬૯ ટકા, તો મહિલાઓની ૪૯ ટકા છે. ઈ.સ. ૧૯૯૯માં આદિવાસીઓની પ્રગતિ માટે આદિવાસી બાબતોનું મંત્રાલય (MOTA) બનાવાયું. MOTAની ફ્લેગશિપ યોજનામાંથી "એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ"નો પ્રારંભ થયો છે. જેમાં ૫૦ ટકાથી વધુ બહેનો છે. તેમને પ્રિ-મેટ્રીક સ્કોલરશીપ અપાય છે. ઉચ્ચ શિક્ષણ માટે ખાસ શિષ્યવૃત્તિ અપાય છે. ST ના આર્થિક વિકાસ અર્થે આદિવાસી મંત્રાલયને "નેશનલ શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન" રચાયું છે. આદિવાસી કલાકારોને "ટ્રાઈબલ કો-ઓપરેટીવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઑફ ઈન્ડિયા" આર્થિક સહયોગ બક્ષે છે.

- **રાજકારણમાં મહિલાઓ :**

પ્રવર્તમાન આંકડાઓ અન્વયે આપણી પંચાયત સંસ્થાઓમાં આશરે ૪૬ ટકા હિસ્સો ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓનો છે. ૧૯૫૭માં લોકસભાની ચૂંટણીમાં ૪૫ મહિલાઓએ ઉમેદવારી નોંધાવેલી, જ્યારે ઈ.સ. ૨૦૧૪માં ૬૬૮ મહિલાઓએ ઉમેદવારી નોંધાવેલી. મહિલાઓનું સરેરાશ આયુષ્ય ૧૯૫૦-૫૧માં ૩૨.૭ વર્ષનું હતું, જે વધીને ઈ.સ. ૨૦૧૬માં ૭૦ વર્ષનું થયું.

- **પ્રધાનમંત્રી મુદ્રા યોજના :**

મુદ્રા યોજના હેઠળ લઘુ ઉદ્યોગ સાહસિકોને ગેરન્ટર વિના લૉન અપાય છે. જેમાં ૭૫ ટકા લૉન મહિલા સાહસિકોને અપાય છે. આજ દિન લગી ૯.૮૧ કરોડ મહિલાઓ આ યોજનાથી લાભાન્વિત થઈ છે.

- **સુકન્યા સમૃદ્ધિ યોજના :**

ઈ.સ. ૨૦૧૫માં આ યોજનાનો પ્રારંભ થયો. કન્યાઓના બેન્ક એકાઉન્ટમાં નાની રકમ મૂકવામાં આવે અને જ્યારે તેણી ૧૮ વર્ષની થાય ત્યારે ઊંચા વ્યાજ મેળવેલ રકમ ઉપાડી શકે. આ યોજના

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૦ ઉપર)**

*સારા લોકોની ઈજ્જત ક્યારે પણ ઓછી થતી નથી. સોનાના સો ટુકડા કરો પણ તેની કિંમત ક્યારે પણ ઓછી થતી નથી.*

**sharpex**®
forest & garden solutions




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.

શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.

નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો




ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટનં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303** | **+91-9998333933**

સન્માન

# કાર્યક્રમોનું વ્યવસ્થાપન અને ગુણવત્તા



ડૉ. કાંતિ ગોર 'કારણ'

મનુષ્ય સામાજિક પ્રાણી છે અને તે એની પરંપરાઓ અને અનુકરણથી શીખે છે એ વાત સાબિત કરવાની હવે જરૂર રહી નથી. પણ અનુકરણ અને પરંપરાને અનુસરવામાં વિવેકબુદ્ધિની આવશ્યક્તા હોય છે. સમાજનું ઘડતર પણ અનુકરણ અને તેમાં રહેલી વિવેકબુદ્ધિથી થાય છે.

અનેક જ્ઞાતિઓના કાર્યક્રમમાં જવાનું બનતું હોય છે. સરકારી અને બિનસરકારી કાર્યક્રમો, સ્થાનિકથી લઈને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધીના કાર્યક્રમોમાં ભાગ લેવાનું બન્યું છે. મોટાભાગના કાર્યક્રમો સાથે સ્થાનિક કાર્યક્રમો અને સમાજના કાર્યક્રમોની માનસિક તુલના થઈ જાય છે.

તાજેતરમાં એક શાળામાં એક કાર્યક્રમ નિમિત્તે જવાનું થયું. સમયસર કાર્યક્રમની શરૂઆત થઈ તેથી નવાઈ લાગી! આપણા કાર્યક્રમો ક્યારેય સમયસર શરૂ થતા નથી. પંદરેક મિનિટનો વિલંબ હોઈ શકે, પણ બે કલાક સુધી કાર્યક્રમ શરૂ ન થાય! બધા આવી ગયા હોય તો પણ બીજો અડધો કલાક સહેજે નીકળી જાય.

કાર્યક્રમ શાળાના વાર્ષિકોત્સવનો હતો. આપણા મોટાભાગના વિદ્યાર્થીકેન્દ્રી કાર્યક્રમોમાં વિદ્યાર્થી કેન્દ્રમાં હોતા નથી. પણ આ કાર્યક્રમ વિશિષ્ટ હતો. પૂર્ણ આયોજિત હતો અને વ્યવસ્થિત કાર્યક્રમ. અહીં લગભગ લંબચોરસ મેદાનમાં એક છેડે મહેમાનો માટે સ્ટેજ, બીજે છેડે સન્માનિત થનારા વિદ્યાર્થી માટેનું સ્ટેજ, તો સ્ટેજની લંબાઈની બાજુઓમાં એક તરફ ભાઈઓ અને બીજી તરફ બહેનોની બેઠક વ્યવસ્થા. બધા માટે ખુરશીઓ, મહેમાનોના સ્ટેજ પર માત્ર એ મુખ્ય મહેમાનો જેમના આમંત્રણ પત્રિકામાં નામ હોય. અને એ પત્રિકામાં પણ નામના ખડકલા નહીં.

સમયસર કાર્યક્રમ શરૂ અને મહેમાનોનું સ્વાગત પણ નિયત સમયમાં. કાર્યક્રમની સૂચિમાં દરેક બાબતનો સમય સાથે ઉલ્લેખ, અને એ સમયમાં જ એ પૂર્ણ થાય. કાર્યક્રમ નિયત સમયે શરૂ અને નિયત સમયે પૂર્ણ પણ થયો.

આપણા મોટાભાગના કાર્યક્રમો ૩૦ મિનિટ નહીં પણ બેથી ત્રણ કલાક મોડા શરૂ થાય છે. એ ક્યારે પૂરા થશે એ તો આયોજકોને પણ ખબર હોતી નથી. મોટાભાગના કાર્યક્રમમાં એ કાર્યક્રમ ક્યારે પૂરો થશે એનો અંદાજિત સમય પણ દર્શાવવામાં આવતો નથી.

- **શું આટલું ન થઈ શકે?**

કાર્યક્રમ સમયસર શરૂ થાય. પંદર મિનિટથી મોડું ન થાય તે માટે કોઈ મહેમાનની પણ રાહ ન જોવાય. એક વખત એવું થશે પછી બધા સમયસર આવવા લાગશે.

કાર્યક્રમ કેટલા કલાક ચાલશે તે પણ આમંત્રણ પત્રિકામાં લખવામાં આવે.

આગ્રહપૂર્વક બે શબ્દો બોલવાનો આગ્રહ (દુરાગ્રહ!) બંધ કરવામાં આવે. જેને બોલવાની ઈચ્છા નથી કે બોલવાનું ફાવતું નથી તેની બેઈજ્જતી શા માટે? શું આ સન્માન છે?

વિદ્યાર્થીકેન્દ્રી કાર્યક્રમમાં વિદ્યાર્થીને મહત્ત્વ આપવામાં આવે. મહેમાનના ગુણગાન કરવાને બદલે તેમનો પરિચય એકવાર અપાઈ ગયા પછી વિદ્યાર્થીની સિદ્ધિઓની જ વાત થાય.

ઉદ્‌ઘોષકો આવડતી ન હોય તો પણ લખી લાવેલી શાયરીઓ ઠપકારીને શ્રોતાઓને માનસિક ત્રાસ આપવાનું બંધ કરે અને તે વક્તા નથી પણ ઉદ્‌ઘોષક છે એટલું તે યાદ રાખે અને કશું અપ્રસ્તુત ન બોલે.

વક્તાઓના પરિચયમાં અતિશયોક્તિ ટાળવામાં આવે. ક્યારેક તો આપણને એવું લાગે કે કવિવર ટાગોર કે મહાકવિ કાલીદાસની કક્ષાની વ્યક્તિને આપણે સાંભળશું. વક્તાને એના વ્યાખ્યાનથી જ શ્રોતાઓ ઓળખે તેવી સ્થિતિ પેદા થવી જોઈએ.

બાળકો કે વિદ્યાર્થીઓના કાર્યક્રમમાં એમને જ વધારે તક મળે અને તેઓ જ સંચાલન કરે તેવી ઈચ્છનીય સ્થિતિ આપણા કાર્યક્રમોમાં ક્યારે આવશે? મોટેભાગે બપોરે જમવાના સમયે સભાખંડ ભરાઈ જાય, ત્યારે જ શ્રોતાઓનું આગમન થાય. આવું કેમ?

જે જ્યારે આવે ત્યારે એને આમંત્રણ આપીને એમને સ્ટેજ પર બેસાડવામાં અવ્યવસ્થા તો છે જ પણ સાથે સાથે એ વ્યક્તિ મોડી આવી તેની એમાં જાહેરાત

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૭ ઉપર)**

*ફૂલ કેટલું પણ સુંદર હોય, તારીફ તેની સુગંધથી થાય છે. માણસ કેટલો પણ મોટો હોય, કદર તેના ગુણોથી થાય છે.*



खईके पान महकवाला
महक गया,
मस्त मूड हमारा
MICHI'S®
Candies & Toffees
Maha Masti
MICHI'S®
Pan Mahek
₹ 1/-
PER PIECE
सब' मस्त है!
SUGAR BOILED CONFECTIONERY
Visit us on: http/www.jrjfoods.com//www.michis.in
Email: salessupport@jrjfoods.com facebook.com/MichisTreats
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12 info@jrjfoods.com jrjfoods.com

ગુજરાતી કથાગીતો
મણકો-૪

## પ્રેમાનંદનાં શ્રેષ્ઠ આખ્યાનોમાંનું એક

# 'કુંવરબાઈનું મામેરું'

• સંકલન : જીના વીરેન શેઠ •

**(રાગ : ધનાશ્રી)**

કોડ પ્હોંત્યા, કુંવરવહુના, ભાંગ્યું ભવનું મ્હેણું જી;
મનવાંછિત પહેરામણી પામ્યાં, જેને જેવું લ્હેણું જી,
નાગર નાત, કુટુંબી, પાડોશી, ચાકર, કોળી, માળીજી;
પહેરામણી સૌ કોને પહોંતી – વાચા પ્રભુજીએ પાળી જી.
સોળ શણગાર કુંવરીને આપ્યા દીધું પુત્રીને માન જી;
છાબમાં બે પહાણ કનકના મૂકી થયા અંતર્ધાન જી.
સભા સહુ કો વિસ્મય પામી 'અલૌકિક શેઠશેઠાણીજી.'
મહેતાને સહુ કો પાયે લાગે, ભક્તિ સાચી જાણી જી,
કુંવરબાઈની નણદી આવી, બડબડતી મુખ મોડે જી,
'પહેરામણી કોને નવ પહોંતી' કાઢી એક કાપડની ખોડજી.
પહેરામણી પર ન્યાતી પામ્યાં, ગયાં ઘરનાં માણસ ભૂલી જી;
એક કકડો કાપડું ન પામી પુત્રી મારી ફૂલફૂલી જી.
મુને આપ્યું તે લ્યો, ભાભી પાછું રાખડી બંધામણ જી;
નામ મહેતો પણ નો'ય નેગિયો, દિસે દુર્બલ બ્રાહ્મણ જી.'
કુંવરબાઈ પિતા કને આવી, 'હવે તાત શું થાશે જી?
આટલું ખરચ્યે મ્હેણું રહ્યું માથે, હવે કેમ જીવાશે જી?
વીસરી દીકરી નણંદ કેરી, નાનબાઈ તેનું નામ જી
છ મહિનાની છે છોકરી તેને એક કાપડનું કામ જી.'
મહેતાજી કહે, 'મારી પુત્રી, સમરો શ્રી ગોપાલ જી.
મુજથી એક તાંતણો નવ પામો બેઠો બજાવું તાલ જી.'
ફરી ધ્યાન ધર્યું માધવનું, 'ત્રિકમજી રાખજો ટેક જી'
પચરંગી સંતોષી કુંવરબાઈની મહેતાજી માગે વિદાય જી,
સહસ્ત્ર મહોર સોનાના પહાણા મૂક્યા તે છાબ માંહ્ય જી
નગર લોક સહુ પગે લાગે, પૂજા કરે વખાણ જી;
જૂનેગઢ મહેતાજી આવ્યા, સમર્યા સારંગપાણ જી
વીરક્ષેત્ર વડોદરું ગુજરાત મધ્યે ગામ જી
ચતુર્વિંશી જ્ઞાતિ બ્રાહ્મણ, ભટ્ટ પ્રેમાનંદ નામ જી.
સંવત સત્તર ઓગણ ચાળીસ, આસો સુદ નોમ રવિવાર જી;
પૂરણ ગ્રંથ તયો તે દહાડે કર્યો બુદ્ધિ અનુસાર જી.
પ્રીત્યે કરીને ગાય સાંભળે દારિદ્રય તેનું જાય જી.
એવું જાણી જે ભક્તિ આદરે તેને સન્મુખ વૈકુંઠરાયજી.

**વલણ**

વૈકુંઠનાથ સન્મુખ હોય જો નિર્મલ મને સાંભળે
ભટ પ્રેમાનંદ કહે કથા, તેને માધવજી નિશ્ચે મળે.

*– (કડવું-૧૬)*
*પ્રેમાનંદ*
*(આશરે સંવત ૧૬૪૦થી ૧૭૧૨)*

- **કૃતિ પરિચય :**

ગુજરાતના ખ્યાતનામ ભક્ત અને આપણા આદિકવિ નરસિંહ મહેતાના જીવનના પ્રસિદ્ધ પ્રસંગને વિસ્તારથી આલેખતું 'મામેરું' ગુજરાતના તત્કાલીન લોકજીવનને પ્રતિબિંબિત કરતું કલાત્મક કાવ્ય છે.

આ વસ્તુને સૌથી પહેલાં ખુદ નરસિંહે આત્મચરિત્રાત્મક પદોમાં વર્ણવ્યું છે. તે પછી વિષ્ણુદાસ, કૃષ્ણદાસ, ગોવિંદ અને વિશ્વનાથ જાની જેવા કવિઓએ આ વિષય પર કાવ્યરચના કરી છે. આ પછી પ્રેમાનંદે આ કવિઓની કૃતિઓનો પૂરેપૂરો લાભ ઉઠાવી એને પોતાની પ્રતિભાનો સ્પર્શ કરાવ્યો છે.

તેથી જ ૧૬ કડવાંની પ્રેમાનંદની આ કૃતિ સુશ્લિષ્ટ નમૂનેદાર અને કલાત્મક અનવદ્ય આખ્યાન કૃતિ બની છે. અહીં તેનું માત્ર અંતિમ કડવું જ રજૂ કર્યું છે. પ્રેમાનંદના રસને માણવા તો અખંડ કૃતિનો જ આસ્વાદ કરવો રહ્યો.

- **કથાવસ્તુ :**

'મામેરું'નું કથાવસ્તુ તો ખૂબ જ ટૂંકું છે. ભક્ત નરસિંહને એની દીકરી કુંવરબાઈના સીમંત (મામેરા) પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણે કરેલી સહાય.

[પ્રેમાનંદ 'મામેરું' અને 'મોસાળું' બંને શબ્દો સમાન અર્થમાં પ્રયોજે છે. મામા તરફથી થતું તે 'મામેરું' એ મોસાળ તરફથી કરવામાં આવતું હોવાથી 'મોસાળું' પણ કહેવાય છે. 'મામેરું' મહેતાતણું એટલે નરસિંહ મહેતાએ પૂરેલું કુંવરબાઈનું મામેરું.]

સીમંત અથવા અઘરણી એટલે પ્રથમ સગર્ભાવસ્થામાં સ્ત્રીને ૪, ૬ કે ૮મે માસે કરવાનો એક સંસ્કાર, રીત છે. જે સ્ત્રીને આ શુભ અવસર આવે છે તેને સીમંતિની કહેવાય છે.

● **કથાબીજ :**

જૂનાગઢના રહેવાસી ભક્તિ બ્રાહ્મણ નરસિંહ મહેતાને ભાભીનું કુવચન (મ્હેણું) સાંભળી લાગી આવે છે અને તે ગૃહત્યાગ કરી વનમાં જઈ તપ કરે છે. સાત દિવસના ઉપવાસ કરી અપૂજ શિવલિંગની ભાવપૂર્વક પૂજા કરી શિવને પ્રસન્ન કરે છે. પ્રસન્ન થયેલા ઉમિયાનાથ તેને વરદાન માંગવા કહે છે. નરસિંહ વિષ્ણુદર્શનની અભિલાષા વ્યક્ત કરે છે. નરસિંહની આ મહેચ્છા જાણી શિવજી પ્રસન્ન થઈ ઊઠે છે અને તેને વ્રજમાં લઈ જઈ હરિની રાસલીલાનાં દર્શન કરાવે છે.

વિષ્ણુ, નરસિંહનો ભક્ત તરીકે સ્વીકાર કરે છે અને તેને ઉદ્ધવ અને વિદુરની સમકક્ષ સ્થાન આપે છે. સાથે વચન પણ આપે છે એ અભયવચન એટલે 'દુઃખવેળા મને સંભારજે હું ધાઈ આવીશ તત્કાળ.' ભગવાનનું આ વચન આ કથાનકમાં બીજરૂપ છે. આમ ભક્તિની મહત્તા અને ઈશ્વરકૃપા એ આ કથાનકનો મૂળભૂત આશય છે.

● **વસ્તુ સંકલના :**

મધ્યકાળની મામેરું વિષયક સર્વ રચનાઓમાં કાવ્યત્વની દૃષ્ટિએ અને કલાત્મકતાની દૃષ્ટિએ પ્રેમાનંદ કૃત 'મામેરું' નિઃશંકપણે સર્વશ્રેષ્ઠ છે. એટલું જ નહીં પ્રેમાનંદનાં આખ્યાનોમાં પણ તે ઉત્કૃષ્ટ આખ્યાન છે.

પ્રેમાનંદે ભક્તની ભગવાન પ્રત્યેની અડગ શ્રદ્ધા દર્શાવવાની સાથે ભગવાનનું ભક્તાધીનપણું પણ કુશળતાપૂર્વક પ્રગટ કર્યું છે. સાથે જે-તે સમયની રૂઢિ, રીતિ-રિવાજ અને સમાજ જીવનને પણ તાદશ્ય કર્યું છે. અહીં ગુજરાતના જનજીવનને તેણે જીવંત કર્યું છે.

આ આખ્યાન દ્વારા જે સમાજનું પ્રતિબિંબ પાડવા ઇચ્છે છે એ સમાજનું પ્રેમાનંદ યથાર્થ ચિત્ર આલેખી સંસારદર્શન કરાવે છે.

● **કથા-ગૂંથણી અને પાત્ર-પરિચય :**

ભગવાનનાં દર્શન થયા પછી નરસિંહ જે ભાભીના કુવચનથી તેણે ગૃહત્યાગ કરેલો એ ભાભીનો આભાર માની જૂનાગઢમાં જઈ ગૃહસ્થાશ્રમ આરંભે છે. અહીં તેની ભક્તિ ઉત્તરોત્તર વધતી જાય છે. તેને ત્યાં એક પુત્ર અને પુત્રી થાય છે. પુત્રને વડનગર અને પુત્રીને ઊનામાં પરણાવે છે. પણ પછી ટૂંક સમયમાં જ પુત્ર અને પત્ની અવસાન પામે છે. ત્યારે પણ તે પરમેશ્વરની યોજનામાં અચલ શ્રદ્ધા રાખી હરિભક્તિમાં જ તદાકાર રહે છે. કારણ જે મોહથી મુક્ત છે તેને શોક પણ કેવી રીતે સ્પર્શ કરે?

પ્રભુશ્રદ્ધામાં સ્થિર બુદ્ધિવાળો, અનાસક્ત નરસિંહ પુત્રી કુંવરબાઈના સીમંતના સમાચાર લઈ ખોખલો પંડ્યો આવે છે ત્યારે ઘરમાં ફૂટી કોડી પણ ન હોવા છતાં તેને ન કશી ચિંતા છે ન અધીરાઈ કારણ તે ભગવાન પર પૂરેપૂરો નિર્ભર છે તેથી જ મનમાં નિર્ભય છે. એવા નિરાભિમાની ભક્ત નરસિંહનું ઉદાત્ત ચરિત્ર પ્રેમાનંદ સમગ્ર કૃતિમાં સારી રીતે ઉપસાવી શક્યા છે.

તો બીજી બાજુ કુંવરબાઈ – પરમ વૈષ્ણવ છતાં નિર્ધન નરસિંહની સુશીલ, વ્યવહારુ અને આબરૂરખ્ખ દીકરી છે. અકિંચન પિતાએ તેને શ્રીમંત મોભાદાર કુટુંબમાં પરણાવી છે. આર્થિક અવસ્થાની વિષમતાને કારણે સાસરીમાં તેની ઉપેક્ષા થાય છે. સાસુ, નણંદી, જેઠાણી તેને અવારનવાર મહેણાં-ટોણાં મારે છે. વક્રોક્તિઓ દ્વારા વ્યથા પહોંચાડે છે.

એમાંયે સ્ત્રીજીવનના અણમોલ એવા સીમંતના પ્રસંગે પોતાના પિતા દરિદ્ર હોવાને લીધે જો મોસાળું નહીં કરી શકે તો પોતાના માથે ભવનું મહેણું રહી જશે એવી તેને ચિંતા છે. તેને સહુથી વધુ ખટકે છે બે બાબતો : પિતાનું દારિદ્રય અને પોતાનું નમાયાપણું. (માતાવિહોણી સ્ત્રી)

જ્યારે કુંવરબાઈના સાસરેથી ખોખલો પંડ્યો સીમંતના સમાચાર લાવે છે ત્યારે વેવાઇનું નિમંત્રણ મળતાં નરસિંહ દીકરીના સાસરે પહોંચે છે. વેવાઇ વ્યંગવચન દ્વારા નરસિંહના આગમનની વધામણી આપે છે. મામેરાની સામગ્રી વિના આવેલા પિતાને જોઈ કુંવરબાઈ રોષ પ્રગટ કરે છે. ત્યારે પિતા નરસિંહ વૈકુંઠનાથ મોસાળું કરશે એમ વિશ્વાસપૂર્વક કહી, પિતા નરસિંહ પહેરામણીની યાદી તૈયાર કરવા કહે છે.

ત્યારે કુંવરબાઈ શાંત થઈ સાસુ પાસે જાય છે પણ જમાનાની ખાધેલ 'વિકરાળ વડસાસુ' લખેશરી (લાખોપતિ)થી પણ પૂરું ન પડે એવું લિસ્ટ તૈયાર કરાવે છે ત્યારે કુંવરબાઈના હૃદયમાંથી અત્યંત કરુણ ઉદ્‌ગાર સરી પડે છે :

***સાધુ પિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે?***

પ્રત્યેક સૌભાગ્યવતી સ્ત્રી જેની ઝંખના કરતી હોય છે એ સ્થિતિ પણ કુંવરબાઈ માટે અળખામણી બને છે. એ સામાજિક કુરીતિઓએ સ્ત્રીનું જીવન કેવું કપરું, દુષ્કર બનાવી મૂક્યું છે એવું નિદર્શક છે.

પહેરામણી પૂરી કરવા ભક્ત ભગવાનને વીનવે છે. ભગવાન ભક્તનું દુઃખ દેખી શકતો નથી. ભક્તાધીન ભગવાન પણ ભક્તની લાજ રાખવા પત્ની સહિત સઘળી સામગ્રી સાથે હાજર થઈ જાય છે. આમ પરમભક્ત નરસિંહની શ્રદ્ધા ફળે છે. લક્ષ્મીનારાયણ કમળા શેઠાણી અને દામોદર દોશીના વેશે

*માણસની જરૂર હોય ત્યારે જ તેની કદર થાય છે. જરૂરત વિના તો હીરા પણ તિજોરીમાં જ રહે છે ને!*

દસવીસ વાણોતર સાથે મંડપમાં પ્રવેશ કરે છે.

ત્યારે કુંવરબાઈ સંપૂર્ણ સ્વસ્થ થાય છે. હર્ષપુલકિત બને છે. કમળા શેઠાણી બનેલાં સાક્ષાત્ લક્ષ્મી ભરીસભામાં કુંવરબાઈને હૈયાસરખી ચાંપે છે ત્યારે તેનું નમાયાપણાનું દુઃખ દૂર થાય છે. એટલું જ નહીં આ અલૌકિક દંપતી, એમનાં રૂપ, દમામ ઠસ્સાથી નાગરી નાતના ગર્વના ચૂરેચૂરા કરી દે છે.

સાથે ભક્તનો મહિમા કરવા તેઓ પોતાને નરસૈંયાના સેવક તરીકે ઓળખાવે છે. શેઠાણી બનેલા લક્ષ્મીજી પણ વેવાણને પ્રશ્નના ઉત્તરમાં કહે છે ‘અમને ઓથ નરસૈંયાની મોટી રે’. આ વિધાન ભગવાનનું ભક્તાધીનપણું સૂચવે છે. ભગવાન પણ સાચા ભક્ત માટે, તેના પડખે ઊભા રહેવા તત્પર જ હોય છે એમ સૂચવે છે.

લાખોપતિ હોય એ પણ માંડ પૂરું કરી શકે એવું અશક્ય કામ પણ પ્રભુકૃપાથી પાર પડે છે. બધાને માગ્યા કરતાંય અધિકું મળે છે.

તોય સમગ્ર પહેરામણી પૂરી થયા પછી, શેઠ-શેઠાણી અદશ્ય થયા પછી દૂધમાંથી પોરા કાઢનારી કુંવરબાઈની નણંદી આવી ચડે છે અને પોતાની ઘોડિયામાં સૂતી પુત્રીને એક કાપડું પણ ન મળ્યું એવી ખોડ કાઢે છે!

આવી ભવ્ય પહેરામણીથી અને અલૌકિક શેઠ-શેઠાણીથી સમગ્ર નાગરી નાત આશ્ચર્યચકિત થાય છે પણ રાખડી બાંધવા પેટે બે તોલાની રાખડીના બદલામાં દસ તોલા સોનું પડાવેલ નણંદબાનો બડબડાટ તેને ખલનાયિકા બનાવી દે છે.

આવી અભૂતપૂર્વ વહેંચણીથી પોતે વ્યંગમાં લખાવેલ પહાણાના બદલે સોનાના પહાણા મળે છે એ બધું જોઈને પણ તેને કશી અસર થતી નથી. આ જ મનુષ્ય સ્વભાવની વિલક્ષણતા છે. ગમે તેટલું કરો તોયે ખોડ કાઢનાર કોઈક તો નીકળશે જ!

અલબત્ત અંતે તો એની અભિલાષા પણ પ્રભુ પૂરી પાડે છે અને આકાશમાંથી પણ કપડું નાખે છે. આખો પ્રસંગ અપૂર્વ રીતે, અદ્ભુત રીતે પૂરો થવા છતાં નરસિંહ સહેજ પણ અભિમાન કરતા નથી. ચમત્કારથી જેમની સાન ઠેકાણે આવી છે એવા નગરજનો કુંવરબાઈ અને નરસિંહનો જયજયકાર કરે છે ત્યારે પણ નરસિંહ તો તટસ્થ જ રહે છે અને સારંગપાણિ (શ્રીકૃષ્ણ)ને જ સ્મરે છે. તે જ તેનું નિર્વિકારીપણું અને અનાસક્તિપણું દર્શાવે છે.

આમ નરસિંહની ઈશ્વરનિષ્ઠા અને આત્મનિર્ભરતા અનેક ઝંઝાવાતો વચ્ચે સ્વચ્છ પ્રકાશ પાથર્યા કરે છે એ એક અનાયાસસિદ્ધ સરસ ચરિત્રાલેખન છે.

અંતમાં કવિ સ્વપરિચય, રચનાનું વર્ષ, કાળનિર્દેશ અને ફલશ્રુતિ આપે છે. સંવત ૧૭૩૯, આસો સુદ નોમ રવિવાર, વડોદરા ગુજરાત મધ્યે ચાતુર્વીશી બ્રાહ્મણ, ભટ્ટ પ્રેમાનંદ દ્વારા આ કથા કહેવાઈ છે.

- **આખ્યાન શ્રવણનો મહિમા :**

સાચા ભક્તની કથા હૃદયની પ્રીત સાથે સાંભળવાથી, ગાવાથી દુઃખ દારિદ્રય જાય છે.

- **રહસ્ય :**

સંસારને તૃણવત્ ગણી ભક્તિમાં લીન રહેતા નરસિંહ સાંસારિક જવાબદારીઓ પ્રત્યે વિમુખ નથી અને એક વત્સલ પિતા પણ છે. તે પ્રસંગોપાત આવી ચડેલાં સાંસારિક કામો પ્રભુની સહાય લઇ સુપેરે પાર પાડે છે.

એના ચરિત્રમાં પલાયન નથી. નરસિંહનું being જ જુદું છે. નરસિંહના વૈયક્તિક દર્શનથી શરૂ થતું આ કાવ્ય સંસારમાં થતા ઈશ્વર દર્શનથી સમાપ્ત થાય છે. એક બાજુ છે સમાજ અને સામાજિકોના રિવાજ, તેની સામે છેડે છે નરસિંહનું નિષ્કામ વૈરાગી વ્યક્તિત્વ.

કવિ પ્રેમાનંદે તેના અનન્ય શબ્દલાઘવથી નરસિંહ મહેતાના પાત્રને જીવંત ઉપસાવી આપ્યું છે. પોતાના નામ અનુસાર, પોતે ભગવાનનો બનવાથી સાચે જ નરસિંહ (મનુષ્યોમાં સિંહ) સમાન બન્યો છે. એમ નિઃસંકોચપણે કહી શકાય.

- **સામાજિક સંદર્ભ :**

કવિ શિરોમણિ પ્રેમાનંદ માટે ગુજરાતનું જીવન એ એની પ્રેરણા હતી. અને તે જ તેના કાવ્યની સામગ્રી હતી. સમગ્ર ગુજરાતના જીવનનો તે મહાન અને અદ્વિતીય કવિ છે.

પ્રસ્તુત આખ્યાનમાં પણ પ્રેમાનંદે તત્કાલીન સમાજનું વિગતવાર વિસ્તૃત વર્ણન કર્યું છે જેથી તે સમયના સમાજનું સુરેખ ચિત્ર ખડું થઈ શકે છે.

કુંવરબાઈના સાસરામાં પતિ કે સાસરા કે જેઠ નહીં પણ સાસુ, નણંદ, જેઠાણી વગેરે વિતાડે છે. મહેણાં-ટોણા મારી માનસિક ત્રાસ આપે છે એ બાબત એ વખતના સમાજમાં સ્ત્રી જ સ્ત્રીની શત્રુ હતી અને તેનું શોષણ કરતી હતી એનું સૂચન કરી રહે છે.

નરસિંહ નિર્ધન હોવા છતાં પુત્ર અને પુત્રીને શ્રીમંત અને પ્રતિષ્ઠિત ઘર જોઈ પરણાવે છે એ બતાવે છે કે લગ્નમાં છોકરા કે છોકરીનાં રૂપ-ગુણ કરતાં તેના પરિવારને અને તેની પ્રતિષ્ઠાને

*કોઈ તમારા સારા કાર્યો પર શક કરે તો કરવા દેજો કારણકે શંકા હંમેશાં સોનાની શુદ્ધતા પર થાય છે, કોલસાની કાળાશ પર નહીં.*

મહત્ત્વનાં લેખવામાં આવતાં.

કુંવરબાઈનાં લગ્ન નાની ઉંમરમાં થાય છે એ બાબત બાળલગ્નોની નિર્દેશક છે, અલબત્ત તે મોટી થાય છે અને આણું આવે છે ત્યારે જ સાસરે જાય છે.

નરસિંહ પુત્રીને જે છોકરા સાથે પરણાવે છે તે તેના કરતાં નાની ઉંમરનો તો છે જ વળી વિવેક વિચાર પૂછે તેવો પણ નથી. તેની પત્નીને સીમંત આવે છે ત્યારે પણ કશી વાત પૂછતો નથી, હૂંફ આપતો નથી. એ બતાવે છે કે આ લગ્ન કજોડું છે અને એ વખતે આવાં કજોડાં થતાં હશે.

કુંવરબાઈ સગર્ભા થાય છે ત્યારે સાસરિયાં હર્ષ તો પામે છે પણ બીજી બાજુ પોતે શ્રીમંત હોવા છતાં વેવાઈ પાસેથી પહેરામણી પામવાની આશા રાખે છે. એ આશા ફળીભૂત નહીં થાય એવું લાગતુ દુર્બળ દીકરીને કટુ વચન સંભળાવે છે.

સીમંત પ્રસંગે શું-શું વિધિ થતી એનો ખ્યાલ પણ આ આખ્યાન પરથી આવે છે. સીમંતિનીને પાંચ મહિને બંધાતી રાખડી (પંચમાસી), એ પછી સીમંત (ખોળો ભરવો)નો પ્રસંગ – એ વખતે વહુના પિતાને સપરિવાર પધારવા નિમંત્રણ અપાતું. એ માટે સીમંતિનીના સસરા વેવાઈને કંકોતરી લખી ગોર મહારાજ સાથે મોકલતા પત્ર લઈ આવનાર ગોરને આદરપૂર્વક ભોજન કરાવી દક્ષિણા આપવામાં આવતી અને પ્રત્યુત્તર પાઠવવામાં આવતો.

મોસાળું લઈ પુત્રીના સાસરે જતો પિતા નાડાછડી, મોડ વગેરે પ્રાથમિક ચીજો તો લઈ જતો. એ સિવાય એણે પુત્રીનાં સાસરિયાંને પહેરામણી આપવી પડતી. એ પ્રસંગે સમગ્ર નાતને નિમંત્રવાનો રિવાજ હતો.

પહેરામણીનો પણ નિશ્ચિત ક્રમ રહેતો. ગોરગોરાણી, સસરા, પતિ, જેઠ-જેઠાણી, દિયર-દેરાણી, નણદી વગેરે ક્રમમાં પહેરામણી થાય છે. વડસાસુ પૂર્વે સાસુને પહેરામણી અપાતા વડસાસુ રિસાઈ જાય છે તેમને મનાવવા પડે છે. સીમંતિની સ્ત્રીને દિયર પોતાના કંકુવાળા હાથ ગાલે લગાડે એ બૂસટની વિધિ કહેવાતી અને દિયરને બુસટિયો કહેવામાં આવતો. તે હઠ કરીને મનવાંછિત પહેરામણી પડાવતો. સીમંતિની ભાભીને નણંદ સોનાની રાખડી બાંધતી અને પહેરામણીમાં વ્યાજ સાથે વસૂલ કરતી. સ્ત્રીઓ અને પુરુષોને રિવાજ મુજબ સુવર્ણાલંકારો અને વસ્ત્રો પહેરામણી તરીકે અપાતાં.

સ્ત્રીઓનાં વસ્ત્રોમાં ચીર એટલે સાડી, ચરણાં એટલે ચણિયા કે ઘાઘરા, ચોળી એટલે કમખા મુખ્ય હતાં. તો પુરુષોનાં પાંચ વસ્ત્રોમાં પાઘડી, જામા, પટકા, ધોતિયું અને પછેડીનો સમાવેશ થતો.

પ્રેમાનંદે જ્ઞાતિના રીતિરિવાજોનું જે ઝીણવટપૂર્વક આલેખન કર્યું છે તેમાંથી જ્ઞાતિસંસ્થાની તથા વિધિ સંસ્કારોની પ્રબળતા સૂચવાય છે. સીમંતિનીને મહેણાં મારવા છતાં સાસરિયા હરખાય તો છે જ અને તેનો પિતા પહેરામણી કરે તો તેનું સમુચિત ગૌરવ પણ થતું. સીમંતિનીના સંસ્કારો સાસરામાં જ થતા અને એનો વિધિ પૂરો થયા પછી તે પિતા સાથે પિયર જતી.

આખ્યાનમાં ઊપસતા સામાજિક સંદર્ભોનું ઐતિહાસિક મૂલ્ય પણ છે. કવિએ કૃતિમાંથી સામાજિક સંદર્ભો દ્વારા ગુજરાતી સંસ્કારોથી સમૃદ્ધ સમાજનું સુરેખ ચિત્ર કલાત્મક રીતે પ્રગટાવ્યું છે.

સીમંત પ્રસંગનું સુંદર આલેખન થયું હોવાથી આ આખ્યાન સુરતમાં સીમંત પ્રસંગે ગવાતું.

આવા સામાજિક સંદર્ભો દર્શાવે છે કે પ્રેમાનંદ ગુજરાતના તત્કાલીન સમાજ-જીવનનો, તેની માન્યતાઓનો, રીતિ-રિવાજોનો જાણકાર કવિ છે. તે દુનિયાદારી તથા લોકમાનસનો જાણતલ કવિ છે. તેનું અવલોકન સૂક્ષ્મ છે. એટલું જ નહીં, વ્યાપક પણ છે.

માટે જ રા.વિ. પાઠક પ્રેમાનંદ વિશે કહે છે કે ‘ગુજરાતના હૃદયને, મર્મને તેણે ઓળખ્યું છે તેવું બીજા કોઈ કવિએ ઓળખ્યું નથી.’

- **આશ્ચર્ય :**

આશ્ચર્યની વાત તો એ છે કે પૃથ્વી પર સાક્ષાત્ પરમેશ્વરનું અવતરણ થયું હોવા છતાં સામાજિક કામનાઓ - વાસનાઓથી વીંટળાયેલા વામણા માનવો નરહરિને નીરખવા છતાં ઓળખી શકતા નથી અને એટલે જ તેમનાં દર્શન કરી પુણ્ય પાવિત્ર્ય પ્રાપ્ત કરવાને બદલે શુદ્ધ સાંસારિક ચીજવસ્તુઓના પ્રલોભનમાં અટવાઈ જાય છે.

પ્રભુ પણ પોતાની પ્રભુતા પામર માણસો પાસે પ્રગટ કરવા ઈચ્છતા નથી તેથી પોતાને જોતાવેંત ઓળખી જનાર ભક્તને ભેટતાં સુંદરશ્યામ સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે ‘મારું પ્રગટ ન લેશો નામ.’

***(આધાર : કવિ પ્રેમાનંદ કૃત ‘કુંવરબાઈનું મામેરું’ સંપાદકો : લાભશંકર ભટ્ટ, પ્રસાદ બ્રહ્મભટ્ટ)***

*અગર આપણે એક કલાક સુધી હેડફોનનો ઉપયોગ જારી રાખીએ તો કાનના જીવાણુંઓની તાકાત લગભગ ૭૦૦ ગણી વધી જાય છે.*

જીવનમંત્ર

# સાચું તો દરેકને સમજાતું હોય છે, પણ અફસોસની વાત એ છે કે 'સાચા સમયે સમજાતું નથી'



ભોલાભાઈ ગોલીબાર

સાત-આઠ વરસનો એક છોકરો સ્કૂલથી પાછો વળી રહ્યો હતો. રસ્તામાં એણે કૂતરાના બચ્ચાઓની દુકાન જોઈ. નાનકડા કૂતરાઓ જેને આપણે 'પપી' પણ કહીએ છીએ, એને એ છોકરો પ્રેમથી નિરખવા લાગ્યો. એણે દુકાનદારને પૂછ્યું, 'અંકલ, હું આ પપીને મારી સાથે લઈ જઈ શકું?' નાનકડા માસુમ છોકરાનો આ સવાલ સાંભળી દુકાનદારે મુસ્કુરાઈને કહ્યું, 'બેટા, આ બધા જ પપી વેચવા માટે રાખ્યા છે અને બધાની કિંમત છે.' છોકરાએ ખિસ્સામાં હાથ નાખી દસ રૂપિયાની નોટ કાઢી. પછી એણે નાનકડી ચડ્ડીના બીજા ખિસ્સામાંથી બીજા ચાર રૂપિયાના સિક્કા કાઢ્યા. એણે બધા પૈસા દુકાનદારને આપ્યા અને દુકાનદારને કહ્યું, 'મને એક પપી આપી દો.'

દુકાનદારે છોકરાના માથે હાથ ફેરવતા કહ્યું, 'દીકરા, આ બધા પપીની કિંમત તારા ૧૪ રૂપિયા કરતા વધારે છે.' આટલું કહી એણે બધા પૈસા છોકરાના ખિસ્સામાં નાખી દીધા. છોકરો નિરાશ થઈ ગયો. એણે દુકાનદારને પૂછ્યું, 'અંકલ, હું થોડીવાર આ બધાને જોઉં?' દુકાનદારે છોકરાને બધા પપીને જોવાની પરવાનગી આપી. છોકરો પાંજરા પાસે ઊભો રહી પપીઓની ધમાલ-મસ્તી જોવા લાગ્યો. અચાનક છોકરાની નજર પાંજરાના ખૂણામાં ચૂપચાપ બેઠેલા પપી પર પડી. એણે દુકાનદારને પૂછ્યું, 'અંકલ, આ પપી કેમ નથી રમી શકતો?' દુકાનદારે કહ્યું, 'દીકરા, આ પપીનો એક પગ નથી. એટલે એ નથી રમી શકતો.' આ સાંભળીને બાળકે દુકાનદારને પૂછ્યું, 'અંકલ, આ પપીની કિંમત શું છે?' દુકાનદારે કહ્યું, 'એ પપી હું તને ૧૪ રૂપિયામાં આપી શકું છું. પણ એ પપી તો તારી સાથે રમી પણ નહીં શકે. તું આનું શું કરીશ?'

આ સાંભળી છોકરાએ પોતાના જમણા પગ પરથી પેન્ટને ઉપર સરકાવી. દુકાનદાર એ જોઈ સ્તબ્ધ થઈ ગયો. એ છોકરાનો એક પગ નહોતો. એને કૃત્રિમ સ્ટીલનો પગ લગાવેલો હતો. છોકરાએ દુકાનદારને કહ્યું, 'અંકલ, જેમ મારા દર્દને સમજનાર કોઈ નથી એમ એના દર્દને સમજનાર પણ કોઈ નથી. કદાચ અમે એકબીજાના દર્દને સમજી જીવનની ખુશીને શોધી લઈએ.'

આટલા નાનકડા બાળકના મોઢામાંથી આવી પરિપક્વ વાત સાંભળીને દુકાનદારની આંખમાં આંસુ આવી ગયા. તેણે એકપણ પૈસો લીધા વગર પપી એ બાળકને આપી દીધું.

★

દોસ્તો, થોડા સમય પહેલાં મને વૉટ્સએપ પર એક મેસેજ મળ્યો, જેનો અર્થ કંઈક એવો હતો કે, 'તમે બીજાના દર્દને એ સમજીને ન મહેસૂસ કરો કે તમે બીજાની મદદ કરી રહ્યા છો, પણ એ સમજીને મહેસૂસ કરો કે જીવન બહુ લાંબું છે. કાલે આપણને પણ આપણા દુઃખદર્દ વહેંચવા માટે કોઈકની જરૂર પડી શકે છે. એટલે આપણે બીજા માટે નહીં પણ પોતાના માટે બીજાના દર્દને સમજવા જોઈએ. એટલે આવું તમે પણ એકવાર કરી જુઓ, પછી જુઓ અંદરથી કેવી ખુશી મળે છે.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

---

## કાર્યક્રમોનું વ્યવસ્થાપન અને ગુણવત્તા

**(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)**

પણ છે, આ યોગ્ય છે? સ્ટેજ પર જગ્યા ન હોય અને શ્રોતાઓ જેટલી જ સંખ્યા સ્ટેજ પર એકઠી કરવામાં આવે ત્યાં ભયંકર ગરમી હોય. આ સન્માન છે કે સજા? છેલ્લે, એક વક્તા બે મિનિટ બોલે અને ૨૦૦ શ્રોતાઓ હોય તો વક્તાની બે મિનિટ ન ગણીએ તો પણ ૪૦૦ મિનિટ્સ વપરાતી હોય છે (વેડફાય છે કે નહીં તેનો આધાર શ્રોતાની માનસિકતા અને વક્તાની સજ્જતા પર છે!)

આ પરિસ્થિતિ માત્ર કોઈ એક કાર્યક્રમની નથી લગભગ બધે જ આવી સ્થિતિ જોવા મળે છે.

આવા સંયોગોમાં કોઈ ગુણવત્તાયુક્ત કાર્યક્રમ જોવા મળે ત્યારે આનંદ થતો હોય છે. આપણે બધા, સૌ આયોજકો વધારે ગુણવત્તાયુક્ત સારી રીતે આયોજિત કાર્યક્રમો યોજવાની દિશામાં ક્યારે આગળ વધશું? ■

---

*એ જ સંબંધ કાયમી જળવાય છે કે જેની શરૂઆત જરૂરિયાતથી નહીં પરંતુ દિલથી થયેલ હોય.*

જબાન

# શબ્દબોધ
# અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૮)



તુલસી કંસારા

***Paranoi* = *પૅરેનૉઇ*** = લોકો નુકસાન કરશે એવા વહેમવાળી કે ભ્રમો સાથેની મગજની વિકૃતિ, બીજાઓ વિશે વહેમ અને અવિશ્વાસની અપ્રવૃત્તિ. આવા ભ્રમમાં ભવ્યતા, વૈભવ, જુલમ વગેરે લેખાવી શકાય.



આ એક વૈચારિક પ્રક્રિયા છે. જે વિચાર આવે તેમાં માનતા થઈ જાય. જે ખરેખર તો ડર કે ચિંતા, અસ્વસ્થતાની સાથે સંકળાયેલ છે. જે લગભગ ભ્રમણા સુધી પહોંચી જાય છે, જેમાં કોઈ વાસ્તવિક્તા કે બુદ્ધિપૂર્વકનો વિચાર નથી હોતો. આવા વિચારોમાં કોઈ પોતાને સતાવી રહ્યું છે કે કોઈ પોતાની વિરૂદ્ધ કાવતરું કરી રહ્યું છે તેવો વહેમ રહ્યા કરે. આ શબ્દ અંગ્રેજી ફોબીયા (વધુ પડતી ખોટી ભીતિ) કરતાં અલગ છે. ફોબીયામાં પણ અવૈચારિક ડર હોય છે, પરંતુ તેમાં સામાન્ય રીતે કોઈ ઉપર શંકા કે કોઇને દોષ દેવાની વાત નથી આવતી.

ખોટા આરોપ મૂકવા કે બધી તરફ અવિશ્વાસનું વાતાવરણ દેખવું તે પૅરેનૉઇનું લક્ષણ કહી શકાય. વર્તમાન સંદર્ભમાં જોઈએ તો મમતા બેનર્જીનું વર્તન, જેને દરેક જગ્યાએ જાણે ભાજપ કે મોદી અને શાહ તેની પાછળ પડી ગયા હોય તેમ બીએસએફ, આર્મી અને સી.બી.આઈ.માં પણ કેન્દ્ર સરકારનો જ હાથ દેખાય છે અને તે પાગલની જેમ બકવાસ કરે છે. જે વસ્તુ હકીકતમાં સામાન્ય રીતે બનતી હોય, તેને કાગ-તાડ ન્યાય પ્રમાણે (કાગનું બેસવું ને ડાળીનું પડવું) તેમાં આવા પૅરેનૉઈ લોકોને કાવત્રાની ગંધ આવે. આમ, પૅરેનૉઇ સમગ્ર વ્યક્તિત્વ પર અસર કરનાર માનસિક વ્યાધિ કે અસાધારણ અસ્વસ્થ મનોવિકાર, ખાસ કરીને એવો કે જેને માટે કોઈ શારીરિક કારણ ઉપલબ્ધ ન હોય તેનું મુખ્ય લક્ષણ છે.

***Sumptuous* = *સમ્પ્યૂઅસ*** = ભારે કિંમતી, ભવ્ય ભપકાદાર, બહુમૂલ્ય કે ખર્ચાળ લાગે કે દેખાય તેવું, ઐશ્વર્યપૂર્ણ, અત્યુત્તમ.



આ શબ્દ જૂની ફ્રેંચ તેમજ લેટીન પરતી ઉતરી આવેલ છે. જેનો અર્થ ઉપર દર્શાવ્યો તેમ મહામૂલા અને ભપકાદાર દેખાવ જેમકે ખૂબ જ મોંઘું ફર્નિચર, દેખાવડો મોટો બંગલો અથવા તો એરિયા જેને આપણે પૉશ (posh) એરિયા કહીએ છીએ તેને માટે આ શબ્દ વાપરી શખાય છે. મોટી સાઈઝની થાળી જેમાં બે-ત્રણ મીઠાઈઓ હોય તેમજ બીજી આઈટમો પણ વિપુલ પ્રમાણમાં હોય તેને માટે પણ આ શબ્દ સમ્પ્યૂઅસ ફુડ તરીકે વાપરવામાં આવે છે. જ્યારે ડેલીસીયસ (delicious) ફુડ ખાસ કરીને જેમાંથી ખૂબ જ આનંદ મળતો હોય, જે ટેસ્ટી હોય, જેની સુગંધ દૂરથી આવતી હોય અને તમારી ભૂખ જગાડતી હોય તેના માટે વાપરવામાં આવે છે. કોઇના મહેમાન થઇને તમે જમી આવ્યા હોવ, અને તેનો આભાર માનતો પત્ર લખવાનો હોય તો આ શબ્દ વપરાય છે. જેમકે થેંક્સ ફોર ધી સમ્પ્યૂઅસ ફુડ... વગેરે. આમ, સમ્પ્યૂઅસ શબ્દ તેની રીચનેસ સાથે સંતોષકારકતા દર્શાવે છે.

***Prognostication* = *પ્રગ્નોસ્ટિકેશન*** = આગળથી (ભવિષ્ય) કહેવું, ભવિષ્યકથન




લેટીન શબ્દ પ્રે-ડીકેરે – પહેલેથી કહેવું પરથી આવેલ પ્રીડિક્શન – જેના માટે અંગ્રેજીમાં ફોરકાસ્ટ પણ વપરાય છે, જે બંને આમ તો સમાનાર્થી શબ્દ ભવિષ્યકથન માટે વપરાય છે. અને આ પ્રગ્નોસ્ટિકેશન શબ્દ પણ તે સંદર્ભમાં જ વાપરવામાં આવે છે. મોટેભાગે પ્રીડિક્શન કે ફોરકાસ્ટ શબ્દો અનુભવ અને જ્ઞાન આધારિત બાબતો માટે વપરાય છે, પરંતુ હંમેશાં તેવું

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૧ ઉપર)**

લઘુકથા

# "નીરજા"

• રમીલાબેન પી. મહેતા •

મારો ફોટો ક્યારે મૂકશો?

આઠ વર્ષની નીરજાએ લક્ષ્મી અમ્માના પાલવમાં માથું છૂપાવી પૂછ્યું. લક્ષ્મી અમ્મા સહેજ મલક્યા. એ પ્રેમાળ સ્મિતમાં નીરજા પોતાની વાત ભૂલી ગઈ.

લક્ષ્મી અમ્મા અને મધુ શેખર બારાતુ હતા પણ આ ભૂમિને પોતીકી બનાવી વતન મદ્રાસથી દૂર રહેતા હતા. એક દિવસ સવારે બંને મંદિરથી પાછા વળતા હતા. મેઈન રોડની બાજુ પર ફુટપાથ પર એક દોઢ વર્ષનું બાળક બેઠેલું જોયું. હશે કોઇકનું! મા-બાપ આટલામાં કામ કરતા હશે એવું વિચારી બીજા મંદિરમાં દર્શન કરવા ગયા. બાજુના મૉલમાંથી ખરીદી કરી. પાછા ફર્યા ત્યારે, એ બાળક ત્યાં જ હતું. તડકો તપતો હતો. હવે થોડી અવરજવર વધી હતી. લક્ષ્મી અમ્મા બાળક પાસે ગયા. બાળકની આંખમાં આંસુ હતા. સાડીના છેડાથી આંસુ લૂછ્યા. બાળકને તેડી લીધું. આજુબાજુ કોઈ જાણીતું નહોતું. કોઈ બાળક પાસે આવતું નહોતું. આ બાળક કોનું? તેમણે આજુબાજુની બે-ત્રણ ખુલ્લી દુકાનોના દુકાનદારોને પૂછ્યું. પણ કોઈને કશી ખબર નહોતી. ઝાઝી પળોજણમાં પડ્યા વગર બાળકને ઘેર લઈ આવ્યા. બાળકના હાથમાં ચાંદીની કડલી હતી ને ગળામાં ચાંદીની ૐકાર વાલા પેન્ડલની સાંકળી હતી. કેટલાય દિવસ સુધી રાહ જોઈ. નજીકના પોલીસ થાણામાં પણ જાણ કરી. સ્થાનિક અખબારમાં જાહેરાત પણ આપી. પણ કોઈ બાળકને લેવા ન આવ્યું. બંનેએ નક્કી કર્યું કે વિધિવત્ દત્તક લેવું અને પોતાના બે સંતાનો સાથે મંગલ પણ મોટો થવા લાગ્યો.

અને આ રીતે લક્ષ્મી અમ્માના "વિંગ્સ ઑફ હેપ્પીનેસ"ની શરૂઆત થઈ. હવે બાર દીકરીઓ અને આઠ દીકરાઓ અહીં કિલ્લોલ કરતા હતા. મંગલ પછી લાજો, અભય, શાંતનુ અને છેલ્લે બે વર્ષ પહેલાં નીરજા ઉમેરાઇ. મધુશેખર પાસે થોડી મિલ્કત અને એક ઘર હતું. એ વેચી, જમીન લઈ, એના પર 'વિંગ્સ ઑફ હેપ્પીનેસ'નો પાયો નખાયો. સખાવતીઓની મદદ, મિત્રોનો સાથ અને આ દંપતિની ધગશ, હિંમત અને બાળકો માટે કરી છુટવાની ભાવનાએ, એ અનાથાશ્રમ નહોતો પણ બાળકોના શોરગુલથી ગુંજી રહેતું આવાસ હતું. બાળકોની દેખરેખ લક્ષ્મી જાતે રાખતા. બે બહેનો બીજી દેખભાળ કરતી. શનિવારે નિયમિત ડૉક્ટર વિઝીટ કરતા. ખાવાપીવાનું સરસ અને સ્કૂલ-કૉલેજ જતા નિવાસીઓને મૂકવા-લેવા બસ જતી. બાળકોના સુખને પાંખો ફૂટી હતી. દીકરા-દીકરી મોટા થતા જતા, પણ લક્ષ્મી અમ્માની નજર દરેક પર રહેતી. દરેકને માટે લક્ષ્મી અમ્મા 'મા' હતી. બાળકોને દત્તક લેવા મા-બાપ આવતા ત્યારે લક્ષ્મી બધી તપાસ કરી અને દત્તક બાળક અંગેના સરકારી નિયમો અને ધારાધોરણ પ્રમાણે કાર્યવાહી થતી. આકરી તપાસ પછી લક્ષ્મી અમ્મા કલેજાના ટુકડા જેવા બાળકોને 'વિંગ્સ ઑફ હેપ્પીનેસ'માંથી રજા આપતા.

આજે એક દંપતિ બાળકને દત્તક લેવા માટે, પ્રથમ બાળકને જોવા આવવાના હતા. મોટેભાગે બે થી ત્રણ વર્ષના બાળકોને દત્તક લેવાનું બધા પસંદ કરતા, પણ આ દંપતિ થોડા મોટા બાળકને દત્તક લેવા માગતું હતું. બધી તૈયારી થઈ ગઈ. નીરજા પણ તૈયાર થઈને રમતી હતી. જે બાળકને દત્તક તરીકે પસંદ કરતા તેમના પાલક સાથે ફોટા ગેલેરીમાં મૂકતા. આજે કોને પસંદ કરવામાં આવશે? નીરજા બધાને કહેતી, 'આજે તો મારો ફોટો જરૂર ગેલેરીમાં મૂકાશે.' નીરજા રંગે થોડી શ્યામ, ઘુંઘરાળા વાળ અને ચમકતી આંખોવાળી ચુલબુલી, મસ્તીખોર છોકરીને આશા હતી કે આજે તો જરૂર તેને પસંદ કરવામાં આવશે. લક્ષ્મી અમ્માની ઑફિસમાં મીટિંગ ગોઠવાઈ. બધા હાજર હતા. દંપતિએ છ વર્ષના ઑમને પસંદ કર્યો. થોડા દિવસ પછી શહેરના પ્રતિષ્ઠિત લોકોની હાજરીમાં, પ્રેસ અને મીડિયાની ઉપસ્થિતિમાં 'ઑમ' આંસુભરી આંખે વિદાય થયો. બધાએ એને વિદાય આપી. નીરજા એક ખૂણે ઊભી હતી. બધા પોતાના રૂમમાં ગયા. નીરજા પાર્કમાં બેંચ પર બેસી રહી. લક્ષ્મી અમ્માએ જોયું કે નીરજા ચૂપચાપ છે. એણે બધા સાથે ખાધું પણ નથી. એ થાળી લઈને આવ્યા. નીરજાની પાસે બેઠા. માથે હાથ ફેરવીને તેમણે જમવાનો આગ્રહ કર્યો. પણ નીરજાએ કોઈ જવાબ ન આપ્યો. પોતાને હાથે બે-ચાર કોળિયા જમાડીને લક્ષ્મી અમ્માએ તેને વહાલથી પોતાની ગોદમાં બેસાડી.

'નીરજા, તને દુઃખ થાય છે?'

'હા, અમ્મા, હું રંગે શ્યામ છું એટલે મને કોઈ પસંદ નથી કરતું ને?'

જવાબમાં લક્ષ્મી અમ્માએ હસીને કહ્યું, 'તને એવું કેમ લાગે છે? બેટા, તું પણ હોંશિયાર છે.... અને હા, સ્કૂલમાં

*તમારી ભૂલો સાબિત કરે છે કે તમે કોઈ વસ્તુ માટે પ્રયત્ન તો કરતા જ રહો છો, તમે નિષ્ક્રિય નથી બેસી રહ્યા.*

રનિંગમાં તું હંમેશાં અવ્વલ આવે છે ને?'

'અમ્મા, તમે મને ફોસલાવો નહીં. હું બધું સમજું છું. ઓલી ચાંપલી રીયા કહે છે કે તું કાળી છું એટલે તને કોઈ પસંદ નથી કરતું. અમ્મા, શું મારો ફોટો ગેલેરીમાં કદી નહીં મૂકાય?' નીરજાએ અમ્માને હલાવીને પૂછ્યું.

'હા, તારો ફોટો પણ મૂકાશે. તું દોડમાં સારો દેખાવ કરે અને રાજ્યકક્ષાએ તારો નંબર લઈ આવે તો તારો પણ રાજ્યપાલ કે મુખ્યમંત્રી સાથેનો ફોટો જરૂર મૂકાય...' લક્ષ્મી અમ્માએ નીરજાને નવી જ દિશા બતાવી.

પછી તો નીરજાએ નક્કી કર્યું કે એ રમતગમત અને અભ્યાસમાં નંબર લાવશે. અને નીરજાની ગાડી દોડવા લાગી. શાળામાં એ ખેલ મહાકુંભમાં સારો દેખાવ કરીને આગળ વધી. જિલ્લા અને રાજ્ય કક્ષાએ પ્રથમ નંબર લઈ આવીને માન-સન્માન મેળવ્યા. એક દિવસ એનું જાહેર સન્માન થયું અને લક્ષ્મી અમ્મા અને બધાએ નીરજાને શાબ્બાસી આપી. અને એક દિવસ એનો પણ ફોટો ગેલેરીમાં મૂકાયો.

'અમ્મા, મારે કોઈની દત્તક દીકરી નથી થવું, હું તો તમારી દત્તક દીકરી છું.'

'નીરજા, તને કદાચ કોઈ પસંદ કરે તો પણ?' લક્ષ્મી અમ્માએ સહેજ હસતા પૂછ્યું.

'અમ્મા, તમે મને તમારાથી દૂર કરશો?' નીરજાએ લક્ષ્મી અમ્માનો છેડો પકડી પૂછ્યું.

'ના બેટા, આ તારું ઘર છે. તું અહીં જ રહેજે.' લક્ષ્મી અમ્માની આંખોમાં આંસુ છલકાયા.

*૧૬, ધવલ ધારા, ભાનુશાલી નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૭૨ ૭૧૯૧૯*

## મહિલા સશક્તિકરણ

**(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)**

અંતર્ગત ૧.૩૯ કરોડ કન્યાઓના ખાતા ખુલ્યા છે. જેમાં કુલ ૨૫,૯૭૯ કરોડની ડિપોઝીટ જમા થયેલી છે.

- **પ્રધાનમંત્રી જન-ધન યોજના :**

બેંકની સેવાથી વંચિતો માટેની આ યોજનામાં ૧૬.૪૨ કરોડ મહિલાઓના ખાતા ખૂલ્યા છે. મહિલાઓનો બચત ખાતાઓમાં હિસ્સો ૨૮ ટકા હતો તે વધીને વર્ષ ૨૦૧૭માં ૪૦ ટકા થયો છે.

- **પી.એમ. માતૃ વંદના યોજના :**

આ મહત્ત્વની યોજના અન્વયે બાળક સ્તનપાન કરતું હોય તે ગાળા દરમિયાન મહિલાઓને નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે છે. મહિલાઓ માટે ખાસ તો ''મેટરનીટી બેનિફીટ એક્ટ''માં સુધારો લાવીને તદ્ અનુસાર કામ કરતી મહિલાઓને ચાલુ પગારે ૨૬ માસની રજા મળશે. આ ઉપરાંત આયુષ્યમાન ભારત, રાષ્ટ્રીય પોષણ મિશન, ઉજ્જવલા યોજના જેવી યોજનાઓ મહિલાઓના આરોગ્ય પોષણ માટે ઉપયોગી બની રહી છે.

- **મિશન મંગલમ :**

વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના બજેટમાં મહિલાઓ માટે ૭૨૦ જેટલી જોગવાઈઓ અનુસાર મહિલાઓના આર્થિક ઉત્કર્ષ અર્થે જો મહિલા મિલ્કતની માલિક બને તો રજિસ્ટ્રેશન ફીમાંથી મુક્તિ, નિરાધાર મહિલાઓ માટે પુનર્વસવાટની આર્થિક સહાય, વિધવા પેન્શનની યોજના જેવા મહિલા ઉત્કર્ષના પગલા શ્રેણીબધ્ધ છે.

આમ, એકંદરે અભૂતપૂર્વ રીતે મહિલા સશક્તિકરણ ભારતમાં આગળ ધપી રહ્યું છે.

*લીમડા લાઇન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર**

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**

**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm • **કલર** : મલ્ટી કલર

- કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
- કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
- કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
- અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)

લઘુકથા

# ઉજવણી



નવીન ત્રિપાઠી 'અલ્પ'

નરોત્તમ શેઠ આજે વહેલી સવારે એક વાહનમાં જરૂરી ઘરવખરી, વસ્ત્રો, રમકડાં, ભોજન સામગ્રી વગેરે નોકરને સુપ્રત કરી, જરૂરી સુચના આપી, બીજી ગાડીમાં પોતે રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યા છે.

તે રસ્તાની એકબાજુ જૂની સાઈકલ ઉપર એક બાળકને સાઈકલમાં આગળ, બીજાને તેની પાછળ અને પોતાની સીટ પાછળની બેઠક ઉપર પત્ની તથા તેના ખોળામાં નાનું બાળક અને સાઈકલની બાજુએ હૂકમાં ભરાવેલી ટીફિનની થેલી સાથે એક શ્રમજીવીને જતો જોઈને શેઠે તેનાથી આગળ ગાડી થોભાવીને તેને પણ થોભવાનો સંકેત કર્યો. શ્રમજીવી ગભરાતો ઊભો રહ્યો.

શેઠે તેના ખબરઅંતર પૂછી કહ્યું, 'ભાઈ, તમને થોડી વસ્તુ આપું તો ગમશે ને?' ને તેમ કહી ઘરવખરીની સામગ્રી, નાસ્તામાં થેપલા-પૂરી, શાક, જલેબી ગાંઠિયા, પાણી, છાશની બરણી, કપડાં, રમકડાં વગેરે આપ્યા.

વાતવાતમાં તેમણે કહ્યું, તમે આખો દિવસ કામ કરો છો તો જમવાનું વગેરે ક્યારે બનાવો છો?

તે હસીને બોલ્યો, 'શેઠ, જમવાનું તો એવું છે ને કે સવારે બે-ત્રણ રોટલા ટીપી લઈએ ને બે-ત્રણ કુમરાના પડિકા ભેગા લીધા... છોરાં ખાશે ને પાણી પીશે પડ્યા! સાંજે ખીચડી બનાવશું! એમ વાત છે શેઠ! મોજમાં રહીએ છીએ.'

કપડા, રમકડાં ને ખાવાનું જોઈને બાળકો હરખાઈને તાળી પાડી નાચવા લાગ્યા. ને શેઠ પણ બાળકોની આ મોજમસ્તી જોઈ જોડકણાં તથા બાળગીતો ગાવા લાગ્યા. શ્રમજીવીએ પોતાના પ્રદેશનું લોકગીત ગાયું ને મોટા છોકરાએ ડબ્બા ઉપર લાકડીથી તાલ મેળવ્યો. શેઠ, નોકર, ડ્રાઈવર, શ્રમજીવી પરિવારને આનંદથી ગીતો ગાતા જોઈ રસ્તે અવરજવર કરતા લોકોએ પણ પોતાની ગાડીઓ થોભાવી, ગીતો ગાઈ આનંદ લીધો.

શ્રમજીવી કુટુંબની વિદાય વખતે શુભેચ્છા ભેટ કવર તથા પોતાના સરનામાવાળું કાર્ડ આપતાં શેઠે કહ્યું, 'શાકબજાર પાસે આ કાર્ડનું સરનામું કોઈપણ દુકાનદારને પૂછજે ને કાલે મને જરૂર મળજે. ભૂલાય નહીં હોં ને!'

ને આભારવશ શ્રમજીવીએ શેઠને વિદાય આપતાં છોકરાઓને કહ્યું, 'શેઠજીને આવજો કહો!'

બીજા બાળકોની સાથે બોલતાં શીખેલું બાળક પણ આવ...જો... એમ બોલી ઉઠ્યું.

વરસો પહેલાં ભાઈબંધો પાસે નવી સાઈકલ છે તેવી અપાવવા પુત્રએ હઠ કરી હતી પણ આર્થિક પરીસ્થિતિને કારણે તેઓ નવી તો ઠીક જૂની સાઈકલ પણ તેને નહોતા અપાવી શક્યા.

હવે તો તે પુત્ર પણ ઘણા સમયથી વિદેશ છે. પત્નીની વિદાય પછી નરોત્તમભાઈ એકલા છે, પણ એકલવાયા નથી. સમય પ્રમાણે સંજોગો સાથે સમાધાન કરવાનું શીખી ગયા છે.

વિદેશ વસતા પુત્રનાં જન્મ દિવસની ઉજવણીના આ પ્રસંગે શ્રમજીવીને કાલે નવી સાઈકલ ભેટ આપવાનું મનમાં નક્કી કરી શ્રમજીવીને કાલે જરૂર મળવાની યાદ અપાવી તેઓ વિદાય લે છે. નાનું બોલકું બાળક ફરીથી આજો... આજો... આવજો... કહેતું તાળી પાડતું ખિલખિલાટ હસે છે.

નરોત્તમભાઈ પોતાના વિદેશ વસતા પુત્ર તથા પૌત્રને જાણે કહી રહ્યા... આવજો... આવજો...!

*ડી/૫, અરિહંત નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

## શબ્દોની ઉથલપુથલ ગેમના જવાબ

(૧) ડીકી - કીડી, (૨) હીર - રહી, (૩) નટુનટુ - ટુનટુન, (૪) ભલો - લોભ, (૫) વાપી - પીવા, (૬) રીછ - છરી, (૭) લીલા - લાલી, (૮) કોરી - રીકો, (૯) જતા - તાજ, (૧૦) રાધા - ધારા, (૧૧) ખીલ - લખી, (૧૨) કશો - શોક, (૧૩) મકો - કોમ, (૧૪) દવા - વાદ, (૧૫) વન - નવ (૧૬) સીમા - માસી, (૧૭) રવા - વાર, (૧૮) જેડી - ડીજે, (૧૯) રતી - તીર, (૨૦) મન - નમ, (૨૧) ગમ - મગ, (૨૨) સીલ - લસી, (૨૩) રાધા - ધારા, (૨૪) રોપા - પારો, (૨૫) મારી - રીમા, (૨૬) લલા લલા - લાલ લાલ, (૨૭) ટબો - બોટ, (૨૮) સબ - બસ, (૨૯) જીભ - ભજી, (૩૦) રામ રામ - મરા મરા, (૩૧) મકર - રકમ, (૩૨) ખરા - રાખ, (૩૩) સવા - વાસ, (૩૪) રમા - માર, (૩૫) વિભા - ભાવિ, (૩૬) મોર - રમો, (૩૭) તવા - વાત, (૩૮) લાભ - ભલા, (૩૯) સાપ - પસા, (૪૦) જરા - રાજ, (૪૧) રસા - સાર, (૪૨) મઠા - ઠામ, (૪૩) રાજી - જીરા, (૪૪) હીના - નાહી, (૪૫) કાના - નાકા, (૪૬) રૂપ - પરૂ, (૪૭) ટીકો - કોટી, (૪૮) શીવા - વાશી, (૪૯) છાપુ - પુછા, (૫૦) રાખ - ખરા.)

*વાત એ નથી કે કોની પાસેથી કેટલું સુખ મેળવો છો, વાત એ છે કે કોના વિના કેટલી એકલતા અનુભવો છો!*

લઘુકથા

# ને... વિચારમાં ઘુમ્યા કરે...



દિલીપ આચાર્ય 'દિલકશ'

સાંજ ઢળી રહી હતી. રંગીન સંધ્યા ખીલી અને દરિયામાં ફિણોટાનાં મોજાં થતા હતા. પણ દૂર ક્ષિતિજથી ચમકતો સુંદર પ્રકાશ રેલાતો હતો. પણ સાગર ચાલ્યો ગયો પણ સરિતા સાથે થયેલી વાત મનમાં ગુંજતી હતી. સાગરની પહેલાં એક વખત મુલાકાત થઈ હતી. સરિતાને સાગર પસંદ હતો.

પણ સાગરને પોતાનું શરીર ગમતું ન હતું. તેને લાગતું હતું કે તે જે શરીરમાં કેદ છે તે મનમાં સંઘર્ષના વિચારો સળગતા હતા. એટલે પસ્તાવો થયા કરતો. મારું રૂપ બદલવું છે. સ્ત્રી રૂપ બદલવા માટે જીવનમાં સંઘર્ષ શારીરિક, માનસિક અને આર્થિક ડરી રહ્યો છું. મારી જાતના સંઘર્ષ સાથે કોઈનો વાંક નથી સરિતા...

સરિતા : સાગર, હું જાણું છું. મને અનુભવ થયો છે છતાં એ માર્ગે જવા ઇચ્છતી નથી. જે પગલું ભરે તે સો વાર વિચારીને ભરજે. તું સમાજને ઓળખતો નથી...!

સાગર : સમાજ ક્યાંથી મારો વિચાર સમજે??? પણ સમાજમાં રહેવું હોય તો વિચાર કરવો પડે જ...!

મારા પરિવારની સંમતિ મળી છે. આર્થિક સાથ પણ મળેલ છે. મારી ફ્રેન્ડ ગર્લ સમજતી હતી. બધા એ જ કહે છે પ્રોબ્લેમ. પરંતુ પ્રોસેસ શરૂ થાય પછી મોટેભાગે બધા ખસી જાય છે સાગર...

મને સંતાન નહીં થાય...! આ બધી વાત સમજી વિચારી તારી સાથે જોડાવવા ઇચ્છું છું. સાગર ચૂપ રહ્યો.

પરંતુ નેનુ આ બધી હકીકત સાગરના મનની જાણતી હતી. એટલે દુઃક મનનું સમજી મદદ કરવા સાથે આવે છે. એટલે પ્લાસ્ટિક સર્જરીના સ્પેશિયાલિસ્ટ પાસે એપોઇન્ટમેન્ટ લઈ લીધી.

પ્રૌઢ ડૉક્ટર સારા નિષ્ણાત હતા. લીંગ પરિવર્તન કેસના અનુભવી હતા. તે આ વાત સાંભળી હસી પડ્યા, ને સમજવા પ્રયત્ન કર્યો. આમ નારાજ થઈ સાગર ચાલ્યો ગયો, બીજા ડૉક્ટરને શોધવા. શહેરમાં ત્રણ ડૉક્ટર સારા નામાંકિત હતા તેની એને ખબર હતી.

ડૉ. શર્મા મળ્યા. ઘણી ચર્ચા પછી કહ્યું, 'સારું તમને આ બોડી પસંદ નથી. માટે સ્ત્રી શરીર જોઈએ...'

મને આ શરીરમાં જીવન શોભતું નથી...

ચાલો, તમારી બધી વાત મને સમજાઈ છે. આ ઑપરેશન ત્રણ ભાગમાં થશે. પહેલાં હોમો, પછી યુટ્રસ રીમુવ અને જનનેન્દ્રિય ઇમ્પ્લાન્ટ આપી પ્રોસેસ મનોશારીરિક યાતનામાં કરવામાં આવશે. જેમાં સ્ત્રીની જેમ પરિસ્થિતિ રૂપવાન આપવા, શરીરનું બંધારણ, અવાજ બદલવો વગેરે ફેરફાર થશે. આ એક વીકની એપોઇન્ટમેન્ટ આપું છું. જે સમયમાં તમારા સ્વજન અને મિત્રો સાથે ચર્ચા કરી સ્પષ્ટતા કરી લેવાની રહેશે. આ ગંભીર વાત છે, સમજ પડી...

આ વાત પછી સાગર ખુશ થયો પણ એકીટસે જોતો રહ્યો... ત્યારે સરિતા કહે, 'મને અધૂરાશ નથી વર્તાતી. હું હંમેશાં તારી ખુશીમાં ખુશ રહેવા ઇચ્છું છું.'

ને સાગર ઢીલો પડી ગયો... જિંદગીના વિચારના વમળમાં તે સરિતાને જોઈ રહ્યો... ને વિચારના વમળમાં ઘુમતો રહ્યો...

*ભુજ, કચ્છ.*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે


| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ધ ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિ.,** વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| **Bank** | : **The Bhuj Mercantile Co-operative Bank Ltd.** |
| **A/C No. :** | : **463009205080402 • IFS Code : HDFCOCBMCBJ** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

*બીજા તમને જુએ એ અગત્યનું નથી, તમે તમારું નિરીક્ષણ કરો એ અગત્યનું છે.*

સ્વાસ્થ્ય

# ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૫)




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના અંકમાં આપણે જાણ્યું કે બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં માતા-પિતા તથા વડીલોનો સિંહફાળો હોય છે. યોગ્ય ઘડતર તથા યોગ્ય વિકાસ માટે માતા-પિતાના સ્વભાવ તથા વલણમાંના મુદ્દાઓ વિશે આપણે જાણકારી મેળવી. (૧) બાળક માટે સમય ફાળવવો (Time). (૨) ગુણવત્તાભર્યો સમય (Quality Time), (૩) સલામતી (Security), (૪) બાળક પોતાનું કાર્ય જાતે કરી લે (Independance), (૫) 'ના' પાડતા શીખો (Learn to say "No"), (૬) અન્ય બાળકો જોડે સરખામણી ટાળો (Avoid Comparison), (૭) બાળકને જવાબદારી સોંપો (Responsibilities), (૮) બાળકના કાર્યોની યોગ્ય કદર / પ્રશંસા કરો (Recognition / Appreciation), (૯) માતા-પિતાની વર્તણૂંક (Role Model).

આ લેખમાં અન્ય મુદ્દાઓની છણાવટ કરીશું.

**૧૦. વિચારવાની તથા નિર્ણયો લેવાની તાલીમ (Thinking process and Decision making capacity)**

ભારતીય સંસ્કૃતિ તથા ઉછેર પધ્ધતિમાં બાળકો તથા સંતાનો માટેના નિર્ણયો માતા-પિતા તથા વડીલો કરતા હતા. બાળક તથા સંતાન નાનું છે, સમજણ નથી અથવા ઓછી છે 'અમે દિવાળીઓ વધારે જોઈ છે', 'આ વાળ એમને એમ સફેદ નથી થયા' જેવા વાક્યો વારંવાર ઉચ્ચારાતા.

માતા-પિતાનું વલણ એ જ રહેતું કે અમે સંતાનો માટે નિર્ણયો કરીએ છીએ અમને ખબર છે, સમજ છે કે સંતાન માટે શું સારૂં છે, શું ખરાબ છે, શું યોગ્ય છે. બાળક / સંતાન અલગ અભિપ્રાય આપે, અલગ નિર્ણય કરે તો એ સ્વીકારવામાં ન આવતું. ઘણા માતા-પિતાને લાગતું કે બાળક / સંતાન એમની વિરૂધ્ધમાં જાય છે અને એ બાળક / સંતાન પ્રત્યે માતા-પિતા તથા વડીલોનું વલણ નકારાત્મક થઈ જતું.

ઉછેરમાં વર્તણૂંક તથા શિસ્તને જ પ્રાધાન્ય અપાતું. શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ, કેવા પ્રકારની વર્તણૂંક યોગ્ય છે અને કઈ વર્તણૂંક અયોગ્ય છે એ શીખવાડવામાં આવતું. બાળક / સંતાન વડીલોનું કહ્યું માને તો એની પ્રશંસા કરવામાં આવતી.

<u>**એકવીસમી સદી**</u> **:** આજની ૨૧મી સદીમાં સમીકરણો બદલાયા છે. સંયુક્ત કુટુંબની જગ્યાએ વિભક્ત કુટુંબો વધતા જાય છે. પેઢીઓથી ચાલતા આવતા ધંધામાં યુવાનોને જોડાવું નથી. અભ્યાસ, ઉચ્ચ અભ્યાસને વધારે ને વધારે મહત્ત્વ અપાતું જાય છે. આવી પરીસ્થિતિમાં વિચારવાની તાલીમ તથા નિર્ણયો કરવાની તાલીમ જો બાળપણથી માતા-પિતા આપે તો યુવાન વયે સંતાન પરીસ્થિતિ તથા સંજોગોનો યોગ્ય સામનો કરી પ્રગતિ કરી શકે છે અને ધારેલી સફળતા પ્રાપ્ત કરી શકે છે.

નાનપણથી બાળકને ઉંમર પ્રમાણે એના નાના નાના નિર્ણયો લેવા માટે પ્રોત્સાહિત કરો. એની જગ્યાએ પોતાને ગોઠવી, એના નિર્ણયો સમજવાની કોશિશ કરો. માતા-પિતાનો નિર્ણય કદાચ અલગ હોય તો નિખાલસપણે ચર્ચા કરો. માતા-પિતાએ પોતાના નિર્ણયો બળજબરીથી ઠોકી બેસાડવા ન જોઈએ. કોઈક વખત બાળકના નિર્ણયો યોગ્ય ન હોય તો પણ બાળકને એ પ્રમાણે નિર્ણયો અમલમાં લાવવા દો. આવેલા પરિણામથી બાળકને તથા માતા-પિતાએ શીખવા મળશે કે કોનો નિર્ણય યોગ્ય હતો. આથી બાળકને માતા-પિતા પ્રત્યે માન વધી જશે તથા ધાર્યા પ્રમાણે પરિણામ નહીં આવે તો પણ એ સહન કરવાની માનસિક શક્તિમાં વધારો થશે (Stress management). ભવિષ્યમાં યુવાન વિપરીત પરિસ્થિતિનો યોગ્ય સામનો  કરવાની શક્તિ કેળવશે.

દા.ત. ૬ વર્ષના બાળક માટે કપડાં ખરદીવા છે તો બાળકને સાથે દુકાનમાં લઈ જાઓ. એના માપ માટે નહીં પરંતુ એને કપડાની (કલર તથા ડિઝાઈન) પસંદગી કરવા પ્રોત્સાહન આપો. માતા-પિતાએ બાળકને તથા દુકાનદારને જણાવવાની જરૂર છે કે એમને કેટલી કિંમત સુધીના કપડા ખરીદવા છે. એમનું બજેટ હોય એ પ્રમાણેની મર્યાદા હોવી જોઈએ. આ બાબતમાં માતા-પિતાએ મક્કમ રહેવું જરૂરી છે. બાળક જ્યારે

*જીવનમાં કઠણાઈઓ આપણને નુકસાન પહોંચાડવા નથી આવતી પરંતુ આપણી છૂપાયેલ શક્તિ અને સામર્થ્યને ઉભરાવવા તે આપણી મદદ કરે છે.*

પોતાની પસંદગીના કલર તથા ડિઝાઇનવાળા કપડા પહેરશે ત્યારે એની ખુશીનો પાર નહીં રહે તથા એના આત્મવિશ્વાસમાં વધારો થશે. કદાચ એના મિત્રોને કલર / ડિઝાઈન નહીં ગમે તો બાળકને સ્વાનુભવથી શીખવા મળશે કે બીજીવાર એણે નિર્ણય કરતી વખતે વધારે ધ્યાન રાખવું પડશે. જિંદગીભરનો પાઠ શીખવા મળશે. વ્યક્તિત્વનો વિકાસ થશે.

આજ રીતે જ્યારે હોટલમાં જમવાનું નક્કી કરો ત્યારે બાળકને નેતા / લીડર બનાવો. એને નિર્ણયો કરવા આપો. બધા કુટુંબીજનોને પૂછીને એમના માટે જોઈતી ખાવાની આઈટમનો, વેઇટરને ઑર્ડર બાળક આપે. બધાને ખાવાની આઈટમ મળી કે નહીં એનું ધ્યાન રાખે. છેલ્લે જ્યારે વેઈટર બીલ લાવે, એ બાળક તપાસે કે ઓર્ડર પ્રમામે બીલ છે કે નહીં? બીલના પૈસા બાળક જ વેઇટરને આપે. આમ કરવાથી બાળકનો આત્મવિશ્વાસ વધશે. નિર્ણયો કરવાની ક્ષમતા વધશે. સાથે સાથે પૈસાની કિંમત પણ સમજાશે કે એક વખત હોટલમાં જમવા જવા કેટલા પૈસા આપવા પડે છે.

- **વિચારવાની તથા નિર્ણયો કરવાની પ્રક્રિયા તથા તાલીમ :**

૧. કોઈપણ પરીસ્થિતિ કે સંજોગોમાં નિર્ણયો કરવાના હોય ત્યારે સંતાન સમગ્ર સંજોગોનો વિચાર કરી ત્રણ કે ચાર નિર્ણયો પર આવે. દરેક નિર્ણય શા માટે કરવો જોઈએ એના સકારાત્મક તથા નકારાત્મક પરિણામોની નોંધ કરે. ત્યારબાદ અંતિમ નિર્ણય માતા-પિતા જોડે ચર્ચા કરીને લે. જેમાં સકારાત્મક મુદ્દાઓ વધારે હોય તથા નકારાત્મક મુદ્દાઓ ઓછા હોય (Decision Making).

૨. અંતિમ નિર્ણય અમલમાં મૂકવાના પગલાની નોંધ કરી એ પ્રમાણે અમલમાં મૂકે (Action).

૩. આવેલ પરિણામની નોંધ કરી એનું પૃથક્કરણ કરે (Analysis of Result).

૪. આ સંપૂર્ણ પ્રક્રિયામાંથી પાઠ શીખે કે ભવિષ્યમાં આવી પરિસ્થિતિમાં શું કરવું. સ્વ-અનુભવ (Learning Lesson).

ઉપરોક્ત પ્રક્રિયામાં માતા-પિતા તથા વડીલો સક્રિય, હકારાત્મક વલણ અપનાવે. આથી સંતાનમાં આત્મવિશ્વાસ વધશે. વ્યક્તિત્વનો વિકાસ થશે. આથી પરિપક્વતા વધશે.

*(ક્રમશઃ)*

*જે હાથની આંગળીઓથી આપ લખો છો,*
*તેની આંગળીઓના નખ તેજીથી વધતા જાય છે.*

**રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'કચ્છશ્રુતિ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮**

| | |
|---|---|
| **પ્રકાશનનું સ્થળ** | : અમદાવાદ |
| **પ્રકાશનનો ગાળો** | : માસિક |
| **મુદ્રકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા<br>પ્રમુખ - શ્રી કચ્છી સમાજ<br>અમદાવાદ |
| **મુદ્રકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **મુદ્રક સ્થાન** | : વિનાયક ઓફસેટ<br>દૂધેશ્વર, અમદાવાદ. |
| **પ્રકાશકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા<br>પ્રમુખ - શ્રી કચ્છી સમાજ<br>અમદાવાદ |
| **પ્રકાશકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **પ્રકાશકનું સરનામું** | : શ્રી કચ્છી સમાજ કાર્યાલય<br>૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |
| **સંપાદકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા |
| **સંપાદકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **સંપાદકનું સરનામુ** | : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |
| **મેગેઝિન/અખબારની માલિકી** | : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ |
| **સરનામું** | : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |

*હું અશોકકુમાર સાકરચંદ મહેતા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.*

અમદાવાદ — **અશોકકુમાર સાકરચંદ મહેતા**
તા. ૧૦-૩-૨૦૧૯ — **પ્રકાશક અને મુદ્રક - 'કચ્છશ્રુતિ'**

# આધારસ્થંભોની અભિવંદના : મણકો-૨

*– અશોક મહેતા*

*કચ્છશ્રુતિના ફેબ્રુઆરી-૨૦૧૯ના અંકથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પાયાના પથ્થર સમાન કાર્યકરોની લેખમાળા "આધારસ્થંભોની અભિવંદના" સ્વરૂપે શરૂ કરવામાં આવેલ છે. પ્રથમ મણકામાં આપણે શ્રી હીરજી પાસુ શાહની કાર્યવાહીની નોંધ લીધી. આજે આ બીજા મણકામાં આપણે શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કરની, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ માટેની કાર્યવાહીના દર્શન કરીશું.* *– તંત્રી મંડળ*



## શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર

શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર. ૮૨ વર્ષની ઉંમરના જૈફ કાર્યકર. આજે આ ઉંમરે પણ તેઓશ્રી અડીખમ રહી અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી મહાનુભાવોને ત્યાં તેમના પ્રસંગોમાં તેમજ વિવિધ કચ્છી સંસ્થાઓની મુલાકાત લેતા સહુએ નિહાળ્યા છે. તેઓશ્રી સમાજના અનેક કાર્યકરોમાં ઉત્સાહના જોમ પૂરતા રહે છે અને વિચરણ કરતા રહે છે. ૧૯૭૯માં જ્યારે આજની આ સંસ્થાની સ્થાપના થઈ તે સમયના જૂજ કાર્યકરોમાંના આ અડીખમ કાર્યકર આજે પણ આપણને તેમના અનુભવોનો નિચોડ પૂરો પાડી આપણને હકારાત્મક કાર્ય પ્રત્યે દોડતા કરી દે છે.

તેમનો જન્મ માતુશ્રી લક્ષ્મીબેનની કુખે તા. ૧૩-૮-૧૯૩૬ના રોજ ભુજ ખાતે થયેલ હતો. તેઓશ્રીએ બાળપણ ભુજ ખાતે વિતાવ્યું. મેટ્રીક સુધીનો અભ્યાસ ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં પૂરો કર્યો. ત્યારબાદ મુંબઈની પોદ્દાર કૉલેજમાં રહી ૧૯૫૭માં જી.સી.ડી. (ગવર્નમેન્ટ કમર્શિયલ ડિપ્લોમા)નો અભ્યાસ કર્યો. અભ્યાસ બાદ શરૂમાં ગ્લાસવેર હૉલસેલ મર્ચન્ટને ત્યાં નોકરી સ્વીકારી અને ત્યારબાદ ધંધાની ભાગીદારીમાં આ જ કંપનીમાં જોડાયા.

શ્રી ઘનશ્યામભાઈના લગ્ન ૧૯૬૦માં મુંબઈની મુળજી જેઠાભાઈ માર્કેટમાં બી.જે. બ્રધર્સના નામની કાપડની પેઢી ધરાવતા શ્રી નારણદાસ કેશવજીની પુત્રી દેવીબેન સાથે થયા. લગ્ન જીવનથી તેમને બે પુત્રો પ્રાપ્ત થયા. મોટાનું નામ પ્રશાંત અને નાનાનું નામ પરાગ.

શ્રી ઘનશ્યામભાઈના પિતાશ્રી સ્વ. શ્રી પ્રેમજીભાઈ ભવાનજીભાઈ ઠક્કર કચ્છમાં મોટા ગજાના રાજકીય કાર્યકર. શરૂઆતમાં તેઓશ્રી રાજ્યસભામાં કચ્છનું પ્રતિનિધિત્વ કરતા હતા. કચ્છ 'સી' સ્ટેટનું રાજ્ય થયું ત્યારે તેઓશ્રી કચ્છના કમિશ્નરના સલાહકાર તરીકે નિમાયા. દ્વિભાષી રાજ્યના સમયે મુંબઈમાં રાજ્યકક્ષાના મંત્રીપદે બિરાજમાન થયા. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં ગુજરાતના પ્રધાન મંડળમાં રાજ્યકક્ષાના મંત્રીપદે જોડાયા. ત્યારબાદ ૧૯૬૭થી મહેસુલ મંત્રીના પદે રહ્યા અને ૧૯૭૬માં જ્યારે તેમનું અવસાન થયું ત્યારે તેઓ ગુજરાત રાજ્યમાં કચ્છના પ્રતિનિધિ તરીકે ધારાસભ્ય હતા.

આવા યશસ્વી પિતાના ત્રણ પુત્ર અને ત્રણ પુત્રીના પરિવારના જયેષ્ઠ પુત્ર ઘનશ્યામભાઈની કારકિર્દી ઘડવામાં કોઈ

*માનવીનું મૂલ્ય એ શું મેળવે છે એના પરથી નહીં, એ શું આપે છે એના પરથી અંકાતું હોય છે.*

પણ સ્થળે રાજકીય વગનો ઉપયોગ કરવામાં આવેલ નથી. એ સમયે રાજકારણમાં જોડાનાર વ્યક્તિ માત્ર સેવા કરવાની ભાવનાથી જ રાજકારણમાં જોડાતા અને પોતાના પદનો ઉપયોગ પોતાના કુટુંબની કોઈ પણ વ્યક્તિની કારકિર્દી ઘડવામાં કરતા નહીં. આજે પણ લોકો આ સમયના રાજકીય કાર્યકરોને નત મસ્તકે વંદન કરે છે.

આજની આપણી આ વાર્તાના નાયક શ્રી ઘનશ્યામભાઈ ૧૯૬૮માં મુંબઈથી અમદાવાદ શીફ્ટ થયા. ગ્લાસવેરના બહોળા અનુભવના કારણે અહીં શરૂમાં તેઓશ્રીએ ગ્લાસવેરના હોલસેલ વ્યાપારમાં ઝંપલાવ્યું અને સાથે સાથે ગ્લાસવેરના હોલસેલ વ્યાપારીઓનું સંગઠન બનાવી તેના સ્થાપક પ્રમુખ બન્યા. ત્યારબાદ છત્રાલમાં મિત્રો સાથે રહી ગ્લાસવેર આઈટમોનું પ્રોડક્શન કરવાની ફેક્ટરી સ્થાપી. વર્ષોના અંતે તેઓશ્રી પોતાની ધંધાકીય પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થયા અને બંને પુત્રોને તેમના કાર્યોમાં મદદ કરતા રહ્યા. ૧૯૯૯માં જ્યારે તેમના વરિષ્ઠ પુત્રે શાહીબાગમાં ગારમેન્ટ વેરાયટીના શો રૂમની શરૂઆત કરી ત્યારે તેમને મદદ કરવા ત્યાં બેસતા રહ્યા અને ત્યારબાદ તો તેમના પુત્રે ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ પણ શરૂ કરી વ્યવસાયને ખૂબ જ આગળ ધપાવ્યો. નાના પુત્રની શરૂઆતમાં બેંકમાં નોકરી અને તેની સાથે સાથે એલ.આઈ.સી.ના એજન્ટ તરીકેનું કાર્ય અને ત્યારબાદ તેઓ પણ ગારમેન્ટના વ્યવસાયમાં જોડાઈ ગયા.

શ્રી ઘનશ્યામભાઈની સામાજિક કારકિર્દીની વાત કરીએ તો જ્યારે આજના શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સ્થાપના, ૧૯૭૯માં શ્રી જગજીવન લીલાધર વાઘજી ઠક્કરના પ્રમુખપદે થઇ ત્યારથી જ તેઓ આ સમાજ સાથે જોડાયેલા રહ્યા. ત્યારબાદ સમાજની કારોબારીમાં આવી, વર્ષ ૧૯૮૧થી સતત ૨૦ વર્ષ સુધી ખજાનચી, સહમંત્રી, મંત્રી, ઉપપ્રમુખ તથા અન્ય વિવિધ હોદ્દાઓ પર રહી, સમાજના કાર્યોમાં એકરસ થઈ, સમાજને આગળ ધપાવવાની યશસ્વી કારકિર્દીની શૃંખલા રચી દીધી.

સમાજસેવા પ્રત્યેની વિશેષ રૂચિ શ્રી ઘનશ્યામભાઈને ગળથૂથીમાંથી જ મળેલ છે. તેઓશ્રીએ અમદાવાદમાં શ્રી કચ્છી લોહાણા સમાજ અને શ્રી કચ્છી સમાજના ઉદ્‌ગમથી લઈને આજદિન સુધી તેમના વિકાસમાં ભરપૂર યોગદાન આપ્યું છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સ્થાપનાના સમયે ૧૯૭૯માં અન્ય કાર્યકરોની જેમ અગ્રીમ ભાગ ભજવેલ હતો. ત્યારબાદ સમાજની કારોબારી સમિતિમાં જોડાયા. ૧૯૮૨થી ૧૯૮૬ સુધી ઉપપ્રમુખ, ૧૯૮૭થી ૧૯૯૨ સુધી માનદ્ મંત્રી અને ૧૯૯૨થી ૧૯૯૭ સુધી ખજાનચીશ્રીના હોદ્દા પર રહ્યા. ફરી ૨૦૦૦-૨૦૦૧માં એક વર્ષ સુધી માનદ્ મંત્રીના હોદ્દા પર રહ્યા. તેમના સમયગાળામાં તા. ૬-૧૦-૧૯૮૪ના સ્વ. શ્રી નાનુભાઈ ઠક્કરને ત્યાં નવરાત્રિ કાર્યક્રમ યોજ્યા બાદ મુંબઈથી કચ્છ સુધી સળંગ ટ્રેઈન "કચ્છ એક્સપ્રેસ"નું અમદાવાદ સ્ટેશને સ્વાગત; તા. ૧૫-૮-૧૯૮૭માં શરૂમાં 'કચ્છ ધ્વનિ' અને પાછળથી 'કચ્છશ્રુતિ' મુખપત્રનું પ્રકાશન; તા. ૫-૩-૧૯૮૮માં 'મહારથી' નાટક યોજી ફંડ રેઈઝીંગ કાર્યક્રમને સફળતાએ પહોંચાડ્યો; તા. ૩૦-૪-૧૯૯૦માં નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ; તા. ૧૫-૭-૧૯૯૦ના નારાયણ સરોવરથી નર્મદા ડૅમ સુધીની સાઇકલ રેલીનું અમદાવાદ ખાતે સ્વાગત; તા. ૨૦-૧૦-૧૯૯૧ના બૃહદ્ અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોની સરનામા - ટેલિફોન ડિરેક્ટરીનું પ્રકાશન; તા. ૫-૭-૧૯૯૨માં કચ્છી મંત્રીઓ, સાંસદો તથા ધારાસભ્યશ્રીઓનું સન્માન; વર્ષ ૧૯૯૩ અને ૧૯૯૪માં સ્વ. ગીતાબેન રાંભિયા, સ્વ. ત્રિલોચનાબહેન ધોળકિયા તથા સ્વ. ડૉ. એમ.એમ. મહેતાની શ્રદ્ધાંજલિ સભા; તા. ૧૩-૭-૧૯૯૪માં કચ્છ જળસંકટ નિવારણ સમિતિના ધરણામાં ભાગ લીધો; તા. ૧૭-૭-૧૯૯૪માં સુમેરૂ કોમ્પ્લેક્સ, પાલડી ખાતે કચ્છી સંકુલ કેન્દ્રની સ્થાપના; તા. ૧-૬-૧૯૯૫માં દિનેશ હોલમાં કચ્છના પ્રશ્નો પર એક દિવસીય સેમિનારનું આયોજન; તા. ૨૦-૧૧-૧૯૯૫ના ગુજરાત રાજ્યના પ્રથમ કચ્છી મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાનું સન્માન વગેરે કાર્યક્રમો મુખ્યત્વે પાર પાડવામાં આવેલ હતા.

તે સિવાય પણ તેઓશ્રીએ કચ્છી મેળો, કચ્છી ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માના અસ્થિફુલને શ્રદ્ધાંજલિ, વિનોદભાઈ ગણાત્રાની કચ્છી બાળ ફિલ્મ "હેડા હૂડા" અને "હારૂન-અરુણ"ના કાંકરિયા ખાતેના ફિલ્મ શો, કચ્છશ્રુતિના વિવિધ અષાઢી બીજ વિશેષાંકો, કચ્છી યુથ ફોરમની સ્થાપના, ચિત્રકલા તાલીમ શિબિર અને હરીફાઈ તેમજ બાળચિત્ર સ્પર્ધાના કાર્યક્રમો, અન્ના હજારેના લોકપાલ આંદોલનના સમર્થનમાં એક દિવસનો ધરણા કાર્યક્રમ, કારકિર્દી માર્ગદર્શન સેમિનાર, કચ્છીયતની પ્રતિભા બુકનું પ્રકાશન વગેરે પ્રકારના શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યક્રમોમાં સહકાર આપી કાર્યકરોમાં ઉત્સાહનું સિંચન કરેલ હતું. તેઓશ્રીએ આ સમાજને આર્થિક યોગદાન પણ સમયે-સમયે પૂરું પાડેલ છે.

તેઓશ્રીએ તેમના ધર્મપત્ની દેવીબેનને એપ્રિલ ૨૦૧૩માં ગુમાવ્યા બાદ પણ તેમની સમાજ પ્રત્યેની ભક્તિ આજ દિવસ સુધી ઉત્કૃષ્ટ રહેવા પામેલ છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આ અડીખમ કાર્યકરને શત્ શત્ વંદન. ■

***જ્યારથી પરીક્ષાની જિંદગી પૂરી થઈ, ત્યારથી જિંદગીની પરીક્ષાઓ શરૂ થઈ છે.***

# પ્રતિભાવ

## 'કચ્છશ્રુતિ'નો માસ જાન્યુઆરી-૨૦૧૯નો યાદગાર અંક

માસ જાન્યુઆરી-૨૦૧૯નો 'કચ્છશ્રુતિ'નો અંક સારી વાતો, વિગતો અને યાદોના લખાણોથી વાંચનક્ષમ બન્યો છે.

મૂળ કચ્છના, હાલે અમદાવાદ રહેતા શ્રીમતી જીનાબેને તાજેતરમાં 'ગુજરાતી કથાગીતો' પુસ્તક પ્રગટ કરી ગુજરાતી સાહિત્યના પ્રાચીન ગીતો શોધીને જે રીતે પ્રગટ કર્યા, તે બદલ ધન્યવાદને પાત્ર છે.

આજથી સાંઇઠ વર્ષ પહેલાં પ્રાથમિક શાળામાં જે ગીતો ગાતા... 'અમૃત ભરેલું અંતર જેનું' – વગેરે તેની યાદ તાજી થઈ. એટલું જ નહીં, પણ તેના કવિ કોણ હતા તેની યાદ તાજી થઈ. લોક ગાયકો, લોક સાહિત્યકારો માટે બહુ ઉપયોગી કાર્ય કરીને જીનાબેન અભિનંદનને પાત્ર બન્યા છે. **'કચ્છશ્રુતિ' એમના ગીતોને ક્રમશઃ પ્રગટ કરે તેવી ખાસ વિનંતી.**

આવું જ બીજું કાર્ય સંશોધનની નજરે જોઈએ તો ગુજરાતની ધરતીમાં અનેક સમર્થ ભજનીકોએ જન્મ લીધો છે. આવા પ્રાચીન ભજનીકોના ફોટા સાથેના પરિચયો અને હાલે પણ ગવાતા ભજનો સહિતનું પુસ્તક પ્રગટ થાય એ ઇચ્છનીય છે. આવા પુસ્તકો સખીદાતાના સૌજન્યથી છપાય તો વધુ લોકો પાસે, ગાયકો પાસે પહોંચી શકે.

જીનાબેનની જેમ કચ્છમાં પણ કચ્છી સાહિત્યના ચાહક, કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના બેરાચીયાના મૂળ વતની, હાલે ગોવા રહેતા શ્રી ભાનુશાલી જગદીશભાઈ વેલજી ગોરીએ કચ્છી સાહિત્ય મંડળના સ્થાપક શ્રી લાલજી મેવાડા "સ્વપ્ન" તથા કચ્છી મિત્રોના સહકારથી "વાણીજી વતર" પોતાના સ્વખર્ચે છપાવી, પ્રસિધ્ધ કરી એક નવો રાહ ચિંધ્યો છે. ૨૮૮ પાનાના આ સુંદર પ્રિન્ટીંગથી શોભતા પુસ્તકમાં કુલ્લે ૪૬ કવિતાઓ અને ૪૯ લેખો કચ્છી ભાષામાં કચ્છી સાહિત્ય જગતમાં પ્રથમવાર રજૂ થયા છે. વિમોચન ભુજ મધ્યે તા. ૧૪-૮-૨૦૧૮ના રાખવામાં આવેલું.

આમ, આવી રીતે કચ્છના પ્રાચીન ભજનો અને ભજનિકોનું પુસ્તક પ્રગટ થાય તેવી અપેક્ષા આવા ભજનિકોની વિગતો મેળવવા આકાશવાણીના ભુજ - અમદાવાદ - વડોદરા - રાજકોટ કેન્દ્રો બહુ ઉપયોગી થઈ શકે.

અંકમાં સુશ્રી સૂચિતાબેન બોઘાણીનો લેખ સંબંધિતોને જાગૃત કરનારો છે. અન્ય લેખો, કાવ્યો, બહેનોની સિધ્ધિની વાત તથા રંગબેરંગી જાહેરાતો આપનાર સૌનો 'કચ્છપ્રેમ' દેખાય છે. તે સાથે જાગરૂક તંત્રીશ્રીએ અને સંપાદકોની અંક માટેની જાગૃતિ પણ અભિનંદનને પાત્ર છે.

અંકના પાના નં.-૪૦ ઉપરના તમામ ફોટા શ્રી ધનજી ખીમજી ભાનુશાલી 'કડક બંગાલી'ના સૌજન્યથી પ્રાપ્ત થયા છે.

*ચંદ્રકાંત જે. મહેતા 'સારસ'*
*મો. ૯૯૭૮૦ ૫૨૮૦૦*

★

## વિદ્યાર્થીની કારકિર્દીના ઘડતર ઉપરના વ્યાખ્યાન સાથે સરસ્વતી કાર્યક્રમ ખૂબ જ સરસ રીતે સંપન્ન થયો

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો, તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૯નો સરસ્વતી સન્માનનો કાર્યક્રમ ખૂબ જ સારો થયો.

સંસ્થાના પ્રમુખશ્રીએ ખૂબ જ સારી રીતે સંબોધન કર્યું. બધી માહિતી ખૂબ જ સારી રીતે આપવામાં આવી હતી.

શ્રી હિમાંશુભાઈ ઠક્કરે મોબાઈલ વિશે ખૂબ સરસ વાત કરી. ખાસ કરીને વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજીની વાત ઘણી સારી રીતે સમજાવી હતી.

તેમણે કહ્યું, હું પણ હજી એક વિદ્યાર્થી છું. ઘણું જ જાણવાનું બાકી છે. પણ આવા સેમિનાર દ્વારા કાંઈક ને કાંઈક જાણવા મળશે. આ રીતે નાના-મોટા દરેક જણ વિદ્યાર્થી જ છે.

અત્યારે ટેકનોલોજીના યુગમાં આપણે બધી જ ટેકનોલોજીનું જ્ઞાન અવશ્ય મેળવવું પડશે જ. મારા જેવા ઘણા સિનિયર સિટીઝન હશે કે જેમને ટેકનોલોજી વિશે વધારે જાણકારી હતી નહીં. મારા માટે તો મોબાઈલ ફોન એક આશિર્વાદરૂપ થઈ ગયું છે. જો કે હું અત્યારે તો ફક્ત ફેસબુક અને વૉટ્સઍપનો જ ઉપયોગ કરું છું.

આજથી ૫૦ વર્ષ પહેલાં જે મિત્રો સ્કૂલમાં સાથે ભણતા હતા તેઓનો સંપર્ક થતો હતો. પણ ફેસબુકના માધ્યમથી દેશ-વિદેશમાં લોકો આજે મારા ફ્રેન્ડ થઈ ગયા છે. ઘણી જૂની યાદો પણ શૅર કરી શકીએ છીએ.

વતનની અનેક માહિતી જાણવા મળે છે. અગર મોબાઈલ ફોનનો વ્યવસ્થિત અને સાચી દિશામાં ઉપયોગ થાય તો તે આશીર્વાદ સમાન છે. પરંતુ આજની નવી પેઢી તેનો દુરુપયોગ પણ કરી રહી છે, જે લાલબત્તી સમાન છે.

આવા સરસ કાર્યક્રમ બદલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો ખૂબ ખૂબ આભાર.

ફરી ક્યારેક સિનિયર સિટીઝન માટે આ પ્રકારની માહિતી આપતો કાર્યક્રમ કરશો તેવી આશા.

*શ્રીમતી અલ્કા એ. સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૫૩૪૮૨*

*જે ગર્વથી કહેતો હોય કે તેણે કદી ભૂલ જ નથી કરી, તો નક્કી સમજવું કે એમણે જાતે કદી કોઈ કામ જ કર્યું નથી.*

**કચ્છશ્રુતિ : માસ જાન્યુઆરી તથા ફેબ્રુઆરી-૨૦૧૯ના અંકો**

**જાન્યુઆરી-૨૦૧૯**

★ શ્રી અશોકભાઈ મહેતાના તંત્રીલેખ – 'ગુજરાત રાજયની નર્મદા યોજનાના અંતિમ ચરણનું વિહંગાવલોકન'ના અંતમાં 'નર્મદા યોજનાની આંકડાકીય માહિતી' પર એક દૃષ્ટિપાતની વિગતો વાંચીને શ્રી અશોકભાઈના આ યોજના અંગેના ઉંડા અભ્યાસના દર્શન થાય છે. તે બદલ તેમને અભિનંદન. યોજનાની વિગતો વાંચીને અણઘડ સરકારી તંત્ર વિશે કોઈ પણ કચ્છીને રોષ અને ગુસ્સો આવે તે સ્વાભાવિક છે પરંતુ સરકારી તંત્રનો કાન આમળી શકે તેવું કોઈ તંત્ર દેખાતું નથી! જે ખેદજનક છે.

★ શ્રી રજનીકાંત ઓઝાની 'વૃક્ષની ચીસ' વાંચી આનંદ થયો.

★ 'આઝાદ ભારતની ટપાલ ટિકિટમાં કચ્છ'ના લેખક શ્રી ચંદ્રવદન મહેતા, કે જેઓ એક જાણીતા ફિલાટેલિસ્ટ છે, તેમણે ખૂબ સરસ વિગતો આપી છે. તેમાં પણ તેમણે જે લખ્યું છે કે 'ભારતમાં જીવંત વ્યક્તિઓની ટપાલ ટિકિટ ઉપર જૂજ વ્યક્તિઓને સ્થાન મળ્યું છે' તેમાંની એક વ્યક્તિ છે કચ્છની મહિલા ખેતાબેન. જે આજે પણ બન્નીના ઘાસીયા વિસ્તારના લુડિયા ગામે રહે છે! જે વાંચીને રોમાંચ થાય. લેખકને અભિનંદન.

★ 'આંધળી માંનો કાગળ' કથાગીત વાંચવું પણ લગભગ બધાને ગમશે. સંકલનકાર શ્રીમતી જીના વીરેન શેઠને પણ અભિનંદન. આ ગીત જેમાંથી લેવાયું છે તે પુસ્તક 'ગુજરાતી કથાગીતો'ના પ્રકાશક ભુજના વી.બી.સી. ગ્રુપ અને શ્રી હસમુખ મહેતાને પણ અભિનંદન.

**ફેબ્રુઆરી-૨૦૧૯**

★ ભુજની લાલન કૉલેજ અંગેની પ્રા. સૂર્યકાંતભાઈ ભટ્ટની લેખમાળાએ ઘણા જૂના સહાધ્યાયીઓ સાથેનો મેળાપ કરાવી દીધો તેમજ ઘણા જૂના સંસ્મરણો પણ તાજા કરાવી દીધા. તે બદલ લેખકશ્રીને અભિનંદન. લેખમાળા રસપ્રદ રહી અને તેના પ્રતિભાવો હજી પણ વાંચવા મળી રહ્યા છે.

★ 'આધારસ્થંભોની અભિવંદના' લેખમાળા શરૂ કરવા બદલ સમગ્ર તંત્રીમંડળ અભિનંદનના અધિકારી છે.

તે ઉપરાંત સમગ્ર રીતે 'કચ્છશ્રુતિ'ના દરેક અંકને આકર્ષક બનાવવા બદલ શ્રી દિનેશભાઈ મહેતા સહિત સમગ્ર તંત્રીમંડળને અભિનંદન.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર (મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧)*

★

**'કચ્છશ્રુતિ' : માસ ફેબ્રુઆરી-૨૦૧૯નો અંક**

'કચ્છશ્રુતિ' માસિક ફેબ્રુઆરી-૧૯ વાંચનથી ભરપૂર માસિક મળેલ છે. કચ્છશ્રુતિ માસિકના લેખકો સાથે ઓળખ થતી રહે છે. તેમના લેખ વાંચવામાં આનંદ આવે છે અને જાણવા જેવી વિગત મળતી રહે છે. ૨૬મી જાન્યુઆરી અને સરસ્વતી સન્માન કાર્યક્રમ અંગેની તસવીરની વિગત જાણી મજા આવી. તેજસ્વી તારલાઓનું સન્માન કરીને ઇનામનું વિતરણ કરવામાં આવે છે, જે ઉત્તમ કાર્ય છે. આથી વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ ઇનામ મેળવવા સારા ગુણાંક / માર્કસ મેળવવા માટે અભ્યાસમાં ખૂબ જ રસ લે છે. ઇનામ મેળવતા નામના મેળવે છે. મારી પૌત્રી દેવેશી આદિત્યભાઈ વોરા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ - અમદાવાદમાં ત્રીજા ધોરણમાં અભ્યાસ કરે છે. તેને બીજા ધોરણમાં સારા માર્કસ મળતાં પ્રથમ આવેલ, સૌથી પ્રથમ આવેલ. તેને ઉક્ત સ્કૂલ તરફથી ગોલ્ડ મેડલ મળેલ છે, જે વિદિત થાય.

'કચ્છશ્રુતિ' તરફથી ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ના સન્માન કાર્યક્રમમાં અમો હાજર રહી શક્યા નથી કારણકે અમારા કુટુંબમાં આ દિવસે લગ્ન પ્રસંગ હોતાં ભુજ કચ્છમાં જવાનું થયું હતું. તેમ છતાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શ્રેષ્ઠતા પારિતોષિક ધોરણ-૨માં દેવેશી આદિત્યભાઈ વોરાનો ફોટો પ્રકાશિત કરેલ છે, જેનો અમને ઘણો જ આનંદ થયેલ છે.

માસિકના તંત્રીશ્રી અશોકભાઈ મહેતાનો લેખ વાંચવામાં આવતાં પાણી પ્રશ્ને કચ્છને અન્યાયની વિગત જાણવા મળી. આ પ્રશ્નને કચ્છવાસીઓ હિંમતથી ઉઠાવે એ જરૂરી છે, જેથી અન્યાય થતો અટકે. તંત્રીશ્રી, આપના લેખો વાંચવાલાયક - સમજવાલાયક હોય છે. ધન્યવાદ.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

★

**મોરારજી દેસાઈનું શાસન**

ફેબ્રુઆરી મહિનાને ઘણી રીતે યાદ કરવામાં આવે છે. યુવાનો માટે 'વેલેન્ટાઇન ડે' તો ઋતુરાજ વસંત પંચમી પણ આ જ મહિનામાં આવે છે. તો સરકાર માટે બજેટનો મહિનો ગણાય છે. પરંતુ આ મહિનો એક મહાનુભાવની પણ યાદ કરાવે છે અને તે છે ગાંધીવાદી નેતા મોરારજી દેસાઈ. ૨૯મી ફેબ્રુઆરીના દિને મોરારજીભાઈનો જન્મદિન છે. આમ તો આ તારીખ દર વર્ષે આવતી નથી. દર ચાર વરસે એક વાર આવે છે, તે પણ એક વિશિષ્ટતા છે.

મોરારજી દેસાઈ સાચા અર્થમાં ગાંધીવાદી હતા. તે સત્ય, અહિંસા અને નિષ્ઠાને વરેલા હતા. પંડિત જવાહરલાલ નહેરુના નિધન બાદ, ત્યારબાદ શાસ્ત્રીજીના અવસાન બાદ પ્રધાનમંત્રી પદ માટે મોરારજીભાઈ મજબુત દાવેદાર હતા. પરંતુ તે વખતની રાજકીય ખેંચતાણમાં તેઓ આ પદ પર પહોંચી શક્યા ન હતા. પરંતુ જનતા પક્ષના શાસન વખતે મોરારજીભાઈ વડાપ્રધાન બન્યા

*દુઃખ અને સંકટ તમારી મુલાકાતે બીજી વખત ન આવે એમ ઈચ્છતા હો તો પહેલીવાર આવીને તે જે પાઠ શીખવી ગયા હોય તે બરાબર શીખી લો.*

હતા. પરંતુ અહીં પણ અનેક રાજકીય પક્ષોની બનેલી મોરારજી સરકાર માંડ દોઢ વરસ ચાલી હતી.

આટલા ટૂંકા ગાળામાં પણ મોરારજીભાઈએ એક ઉત્તમ શાસન આપ્યું હતું. દેશમાં મોંઘવારી બિલકુલ ન હતી. ખાદ્ય પદાર્થો બજારમાં સાવ સસ્તા દરે મળતા હતા. લોકો સસ્તા અનાજની દુકાનોને ભૂલી જ ગયા હતા. આમ જનતા ખાધે પીધે સુખી હતી. દેશમાં મોંઘવારી નહીં પણ સોંઘવારી હતી. સાચા અર્થમાં જનતાની સરકાર હતી.

દેશમાં અન્ય સરકારો આવે છે અને જાય છે. આ બધી સરકારો બાય ધી પીપલ હોય છે, ઑફ ધી પીપલ હોય છે પણ ફોર ધી પીપલ નથી હોતી. લોકો માટેની – ફોર ધ પીપલ ગવર્નમેન્ટ તો મોરારજી દેસાઈની સરકાર જ હતી. આજે મોરારજીભાઈને રાજકારણમાં ઓછા યાદ કરાય છે પરંતુ ગુજરાતી એવા પ્રથમ વડાપ્રધાન મોરારજી દેસાઈને સમજદાર નાગરિકો જરૂર યાદ કરે છે. તેમના જન્મદિને ભાવભરી સ્મરણાંજલિ.

*રજનીકાંત ઓઝા - ભુજ*

★

### આત્મહત્યા શા માટે?

આત્મહત્યા કહો કે આપઘાત – આ પ્રશ્ન જટીલ બની ગયો છે. આત્મહત્યા કરવાના ઘણા કારણો હોય છે. એનું મુખ્ય કારણ આજની તૂટતી જતી સમાજ વ્યવસ્થા.

પહેલાના જમાનામાં સમાજ વ્યવસ્થા એવી હતી કે દરેક વ્યક્તિને પોતાની શક્તિ મુજબ કામ અને આજીવિકા મળી રહેતી હતી અને એમાં એ સંતુષ્ટ હતા. તે વખતે દેખાદેખી ન હતી.

આજનું જીવન તનાવભર્યું બની ગયું છે. દરેક વ્યક્તિ કોઈને કોઈ રીતે તનાવમાં રહે છે. ખાસ કરીને યુવાનોને ભણવાનું અને કામધંધા - નોકરીનું તનાવ સતત રહ્યા કરે છે. અત્યારના યુવાનોમાં સહન શક્તિનો અભાવ હોય છે.

ખુલ્લા દિલથી વાત કરવા માટેનું વર્તુળ નથી હોતું. એટલે હતાશ થઈને એ આપઘાતનું પગલું ભરે છે.

અને મુખ્ય કારણ વિભક્ત કુટુંબ કે જેમાં કોઈ વડીલ કે હૂંફ આપનાર વ્યક્તિ નથી હોતા, કે જેઓ યુવાનોને સલાહ સૂચન આપી શકે. અને ધારો કે સલાહ સૂચન કોઈ કરે તો તેની અવગણના થતી હોય છે. તે પોતાના માટે વિચાર કરવાનો એટલે મનથી હતાશ થઈને આવું પગલું ભરે છે.

આત્મહત્યા રોકવી હોય તો ઘરના દરેક વ્યક્તિએ સુમેળભર્યું વાતાવરણ કરવું જોઈએ. મહત્વાકાંક્ષાઓ ઓછી રાખવી જોઈએ, પ્રફુલ્લિત મન રાખવું જોઈએ. અને યુવાનોના મા-બાપે પણ અપેક્ષાઓ ઓછી રાખવી જોઈએ.

*રાહુલ એ. સંઘવી - મણિનગર, અમદાવાદ*
*મો. ૯૪૦૯૨ ૯૩૪૧૨*

WITH BEST WISHES FROM
MORBIA GROUP OF COMPANIES

SOFA WALA The Sofaz Expert
WORLD ink IT Rental & Sales
furniture mall

SUKHLAL MORBIA & FAMILY

112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
M. : 98252 36494, 98252 27499

Splendid
P & G Enterprise
Kitchenware, Household Products & Corporate Gifts
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

*જ્યારે નખ વધે છે ત્યારે આપણે નખ કાપીએ છીએ, આંગળી નહીં. એ જ રીતે જ્યારે ગેરસમજ ઊભી થાય ત્યારે સંબંધો નહીં પણ તમારું ઘમંડ કાપી નાખજો.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## આદર્શ અમદાવાદ દ્વારા વિનામૂલ્યે ટીચર્સ ટ્રેનિંગ સર્ટિફિકેટ કોર્સ

અમદાવાદના અનેક નગરજનો સુધી યોગ પહોંચાડીને નગરજનોને સ્વાસ્થ્ય આપી શકાય તેમ છે. આ માટે અમદાવાદની સંસ્થા આદર્શ અમદાવાદ દ્વારા ટીચર્સ ટ્રેનિંગ કોર્સ શરૂ થશે. જેની વિગત નીચે મુજબ છે.

- તા. ૨૭-૫-૨૦૧૯થી તા. ૩૦-૯-૨૦૧૯ (૧) ૪૩મી બેચ : સવારે ૬થી ૯. (૨) ૪૪મી બેચ : સવારે ૭.૩૦થી ૧૦.૩૦ અને (૩) ૪૫મી બેચ : બપોરે ૩ થી ૬. સ્થળ : નેહલ, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા, આદર્શ અમદાવાદ.
- એડમિશન કેવી રીતે લેવું? આદર્શ અમદાવાદ, નેહલ, નવરંગપુરામાં આવી ફોર્મ ભરવું. ફોર્મના આધારે ફોન કરીને ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવશે. તેમાં પસંદગી પામ્યા પછી રીફંડેબલ ડિપોઝીટ ભરવાની રહેશે.
- તાલીમના વિષયો : યોગ પ્રેક્ટિકલ, થેરાપેટિક યોગ, જીવન દર્શન, એનેટોમી - ફિઝિયોલોજી, પ્રાણ પ્રાણાયામ, યોગ પરિચય જેવા વિષયો થિયોરેટીકલ ભણાવવામાં આવશે. તેમજ દરરોજ પ્રેક્ટિકલ યોગના વિવિધ આસનો શીખવવામાં આવશે. પસંદગી પામેલ વિદ્યાર્થીએ મિડ ટર્મ અને ફાઈનલ એક્ઝામ ફરજિયાત આપવાની રહેશે.
- પરીક્ષા : મિડ ટર્મમાં ૨૭૫ માર્કસ અને ફાઈનલમાં ૬૦૦ માર્કસની થિયોરેટિકલ તથા પ્રેક્ટિકલ પરીક્ષા લેવાય છે.
- ફી : અન્ય જગ્યાએ આ કોર્સનો ચાર્જ રૂા. ૧૫,૦૦૦/- હોય છે. જ્યારે આદર્શ અમદાવાદમાં કંઈ જ ફી નથી. લાંબાગાળાનો કોર્સ હોવાથી સીટ રીઝર્વ થાય અને રેગ્યુલર હાજરી આપે તે હેતુથી રીફંડેબલ ડિપોઝીટ રૂા. ૩,૦૦૦/- તથા સ્ટડી મટીરિયલના રૂા. ૭૦૦/- અને પત્રિકાના સભ્યપદના રૂા. ૬૦/- લેવાય છે. પરીક્ષા પાસ કરનારને ડિપોઝીટની રકમ પરત કરવામાં આવે છે.
- વિશેષ માહિતી : (૧) અત્યાર સુધીમાં ૧૫૦૦ યોગ શિક્ષકો આદર્શ અમદાવાદ દ્વારા તાલીમ લઈ ચૂક્યા છે. (૨) અનુભવી ફેકલ્ટીઝ દ્વારા તાલીમ અપાય છે. (૩) તાલીમ દરમિયાન પોતાના કામ માટે ૧૩ રજાઓ મળે છે. (૪) રજિસ્ટ્રેશન માટે ફોર્મ ભરવાનું તા. ૧-૪-૨૦૧૯થી ચાલુ થશે.
- વિશેષ માહિતી માટે સંપર્ક : ફોન : ૨૬૫૬૫૪૧૬, મો. ૯૦૩૩૦ ૧૫૨૫૪, સ્નેહલભાઈ મશરૂવાળા : મો. ૯૪૦૯૪ ૮૦૯૬૬ (બપોરે ૩ થી ૬)

*'આદર્શ અમદાવાદ' દ્વારા મોકલાવેલ ઉપરોક્ત માહિતી અત્રે પ્રકાશિત કરી છે.*

## શ્રી લોહાણા મહાપરિષદ રમતગમત સમિતિ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૯

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિ, રમત ગમત સમિતિ દ્વારા પાંચમી આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૯, ૩૦, ૩૧ માર્ચ ૨૦૧૯ના રોજ પોરબંદર ખાતે કરેલ છે. આ પ્રતિયોગિતામાં ૧૬થી ૪૫ વર્ષ સુધીના રઘુવંશી સભ્યો ભાગ લઈ શકશે. સીઝન (લેધર) બોલથી રમાનારા આ પ્રતિયોગિતામાં પહેલા ચરણની પસંદગી તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાનું તમામ વિભાગીય ઉપાધ્યક્ષોનું પ્રયોજન છે.

આ પ્રતિયોગિતામાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ પોતપોતાના વિભાગમાં રમતગમત સમિતિના હોદ્દેદારોનો સંપર્ક કરી પસંદગી માટેની પ્રક્રિયા જાણી લેવી. આ અંગે રમતગમત સમિતિના વિભાગીય અધ્યક્ષશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.

**સંપર્ક સૂત્રો :** ★ ***વિદેશ વિભાગ :*** શ્રી દિનેશભાઈ પવાણી (મો. ૯૬૮૯૯ ૩૧૮૮૬૭) ★ ***ગુજરાત વિભાગ :*** શ્રી ભાવિનભાઈ પોપટ (મો. ૯૪૨૬૯ ૮૪૧૯૬, ૯૮૨૪૨ ૭૬૧૨૫) ★ ***કચ્છ વિભાગ :*** શ્રી હિતેશભાઈ ઠક્કર (મો. ૮૮૬૬૦ ૦૦૯૫૫, ૯૮૨૫૦ ૦૦૯૫૦)

### સૌથી મોટો નદી દ્વીપ

દુનિયાનો સૌથી મોટો નદી દ્વીપ મુજલી અસમ રાજ્યમાં બ્રહ્મપુત્રા નદીની અંદર આવેલો છે. ભારતના આ દ્વીપની સુંદરતા સ્વર્ગની સુંદરતા જેવી હોય છે.

*દુઃખ અને મુશ્કેલી એ માનવીને શિક્ષણ આપતા બે શ્રેષ્ઠ ગુણ છે. જે માનવી સાહસ સાથે સહન કરે છે, એ જીવનમાં સફળતા મેળવે છે.*

## શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન દ્વારા આયોજિત ૨૨મા સમૂહ લગ્નોત્સવનો અહેવાલ

તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા, અમદાવાદ ખાતે શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન દ્વારા આયોજિત ૨૨મો સમૂહ લગ્નોત્સવ શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદના યજમાનપદે ભવ્યાતિભવ્ય રીતે યોજાયો. બે દિવસીય આ કાર્યક્રમમાં તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ને રવિવારના રોજ બપોરે શ્રી ભાગવત વિદ્યાપીઠના નિજ મંદિરમાં શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન થયું. સાંજે ૪.૦૦ કલાકે શ્રી ભાગવત વિદ્યાપીઠના નવનિર્મિત ગેસ્ટ હાઉસના બેન્કવેટ હોલમાં "સમૂહલગ્ન શા માટે?" વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું. સાંજે ભોજન પ્રસાદ બાદ ટહુકાર બીટ્સના સથવારે પાર્ટી પ્લોટમાં રાસ-ગરબા મહોત્સવનું પણ આયોજન થયું. જેમાં લગભગ ૧૫૦૦ જેટલા સભ્યોએ ઉપસ્થિત રહી રાસ-ગરબાનો આનંદ માણ્યો.



તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ને સોમવારના રોજ વહેલી સવારથી બ્રહ્મદેવો દ્વારા પૂજા વિધિ સંપન્ન કરવામાં આવી. ચા-નાસ્તા બાદ સવારે ૯.૩૦ કલાકે સાફા સાથે લગભગ ૩૦૦ સભ્યોએ વરઘોડામાં જોડાયા અને જાનનું ભવ્ય સ્વાગત કર્યું. લગભગ ૧૧.૦૦ કલાકે લગ્નવિધિની શરૂઆત થઇ અને ૧.૦૦ કલાકે સુંદર રીતે શણગારેલ લગ્ન મંડપમાં લગ્નવિધિ સંપન્ન કરવામાં આવી. ગામોગામથી પધારેલા મહેમાનો, સંતો-મહાત્માઓ, દાતાશ્રીઓ તથા અમદાવાદ સ્થિત જ્ઞાતિ સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહી પ્રસંગની શોભા વધારી. સાથે સાથે શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટ



દ્વારા રક્તદાન કેમ્પ, પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમો પણ યોજાયા. બપોરે ૨.૩૦ કલાકે યોજાયેલા સન્માન સમારોહમાં સુપ્રખ્યાત ભાગવતાચાર્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા, પૂ.શ્રી જાનકીદાસજી બાપુ, પૂ. શ્રી ત્રિકાલદાસજી બાપુ, પૂ. ભાગવત ઋષિ, પૂ.શ્રી સીતારામ બાપુ તથા અન્ય સંતોની સાથે સાથે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક, ધારાસભ્ય અને મહિલા અધ્યક્ષ સુશ્રી ડૉ. નીમાબેન આચાર્ય, ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, વાઇસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, થેલેસેમિયા સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઇ ઉનડકટ, શ્રી જિતેન્દ્રભાઈ કારિયા, શ્રી શશીકાંતભાઈ કાનાણી, અન્ય મંત્રીશ્રીઓ શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી રમેશભાઈ અનમી, શ્રી મનુભાઈ ગોકલાણી, શ્રી ધર્મેશભાઈ ઠક્કર, શ્રી ભરતભાણી માવાણી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી કીર્તિભાઈ બારૂ, શ્રી ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી વિનોદભાઈ ઠક્કર, શ્રી લોહાણા પરિવારના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ સોમાણી, શ્રી હા.ઘો.ક. લોહાણા મહાજનના પ્રમુખ શ્રી અશોકભાઈ ગઢિયા, શ્રી અમદાવાદ લોહાણા મહાજન વાડીના પ્રમુખ શ્રી અંજનભાઈ કોટક, શ્રી જલારામ સેવા મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ રાયચા, સમસ્ત લોહાણા મિલનના પ્રમુખ શ્રી નીતિનભાઈ ઠક્કર, સુશ્રી ભાવનાબેન ગોકલાણી, અન્ય સંસ્થાઓ તથા મહિલા મંડળના સૂત્રધારોએ પણ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આશિર્વચન સમારોહમાં નવદંપતિઓનું તેમજ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું. ઉપસ્થિત સંતોએ અને મહાનુભાવોએ

*એક મંદિરના દરવાજે લખાયેલ વાક્ય : "તમે બીજાઓ માટે ક્યારેક કંઈક માંગીને જુઓ, તમને પોતાના માટે કંઈ માંગવાની જરૂરત જ નહીં પડે."*

પ્રાસંગિક ઉદ્‌બોધનો કરી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા. આ પ્રસંગે શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદની પરિવાર પરિચય પુસ્તિકાનું પણ વિમોચન કરવામાં આવ્યું. લગભગ ૨૦૦૦થી પણ વધારે સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સન્માન સમારોહ સાંજે ૫.૦૦ કલાકે સંપન્ન થયો હતો.

આ સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા માટે યજમાન અમદાવાદ મહાજનના પ્રમુખ શ્રી હિમાંશુભાઈ, શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ગિરીશભાઈ રૈયા, ચેરમેન શ્રી વીનિતભાઈ મજીઠિયા, કન્વીનર શ્રી હર્ષદભાઈ ઠક્કર, મહામંત્રી શ્રી નવીનભાઈ પોપટ, અમદાવાદ વિભાગના ઉપપ્રમુખ શ્રી જગદીશભાઈ મજીઠિયા, મંત્રી શ્રી મૂકેશભાઈ હાલાણી, શ્રી નીતિનભાઈ હાલાણી, શ્રી રાજુભાઈ પોપટ, શ્રી તુષારભાઈ આચાર્ય, યુવક મંડળ તથા મહિલા મંડળ અને સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

*અહેવાલ સંકલન : મૂકેશ પી. હાલાણી - અમદાવાદ*

## કચ્છના અબોલ જીવો માટે મુંબઈએ રૂા. ૭ કરોડનું દાન એકત્રિત કર્યું રૂા. ૩.૫૦ કરોડ સમૂહમાં ઉઘરાવાયા, રૂા. ૩.૫૦ કરોડ શ્રી ચંદ્રકાંત ગોગરીએ આપ્યા

કચ્છી જૈન ફાઉન્ડેશન અને કચ્છી વીસા ઓશવાળ જૈન મહાજન - મુંબઈના ઉપક્રમે કચ્છના ગૌવંશની રક્ષા માટે ભંડોળ એકત્ર કરવા રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૯ના રોજ મુંબઈ ખાતે એક સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રૂા. ૭ કરોડથી વધુ ફાળો એકત્રિત થયેલ હતો અને હજુ વધુ દાન મળશે એવો વિશ્વાસ આયોજકોએ વ્યક્ત કરેલ હતો. માટુંગાના રામવાડી હોલ ખાતે દાતાઓ અને જીવદયા પ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલ ગુજરાતના પૂર્વમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવેલ કે દુષ્કાળના કારણે કચ્છમાં પશુધન માટે કરુણાજનક પરિસ્થિતિ સર્જાયેલ છે. ગુજરાત સરકારે પશુ દીઠ રૂા. ૩૫/-ની સબસિડી જાહેર કરેલ છે પરંતુ અમને વિશ્વાસ છે કે તેમાં હજુ વધારો કરી આપવામાં આવશે. કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂરા થયા બાદ કચ્છ માટે દુષ્કાળનો પ્રશ્ન કાયમ માટે હલ થઈ જશે તેવી તેમણે આશા વ્યક્ત કરેલ હતી. તેઓશ્રીએ વધુમાં જણાવેલ કે કચ્છના અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં પશુધનની પરિસ્થિતિ વિકટ છે. ત્યાં ઢોરવાડા કે નીરણ કેન્દ્ર માટે સહાયની વિશેષ જરૂર છે. સર્વસેવા સંઘના આશ્રયે હાલમાં ૧૨ હજાર ગાયો છે.

જાણીતા દાતા અને ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંત ગોગરીએ જણાવેલ કે કચ્છમાં મંદિરો તો બહુ બાંધ્યા, હવે જળમંદિરના નિર્માણની જરૂરત છે. ડેમ અને તળાવ તો ગામેગામ બનાવવા જોઈએ. પાણી બચાવશું તો જીવ બચશે. પાણીનો સંગ્રહ કરવાના રસ્તાઓ વિચારવા પડશે. સૌરાષ્ટ્ર પણ કચ્છ જેવો જ પ્રદેશ હતો. ત્યાં ડેમો બનાવ્યા છે એટલે પાણીનો પ્રશ્ન હળવો થયો છે.

દાન માટે અન્ય વક્તાઓએ પણ અપીલ કરેલ હતી. કચ્છી જૈન ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી બિપીનભાઈ ગાલા, રાજેન્દ્ર ગોગરી, મહેન્દ્રભાઈ સંગોઈ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

દાન માટે લક્ષ્યાંક નક્કી કરાયો હતો. જુદા જુદા દાતાઓએ દાનની ગંગા વહેવડાવતા, સાડા ત્રણ કરોડની રકમ એકત્ર થઈ ગયેલ હતી. આરતી પરિવારે એટલી જ રકમ પોતાના તરફથી જાહેર કરેલ હતી. એટલે સાત કરોડ રૂપિયા એકત્ર થઈ ગયેલ હતા. એ પછી પણ દાનના વચનોનો પ્રવાહ ચાલુ હતો. એટલે દાનનો આંક દસ કરોડ રૂપિયા થઈ જશે તેવી ધારણા હતી. આ રકમ કચ્છમાં મૂંગા જીવો માટે ખર્ચવામાં આવશે.

## સ્પાન નોન ટ્રેડિંગ એસોસિએશન (પાલડી)નો અહેવાલ શ્રી અશોકભાઇ મહેતાની ચેરમેન પદે વરણી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ જ્યાં આવેલ છે તેમજ જે સંકુલમાં લગભગ ૧૫૦ જેટલી ઑફિસો કાર્યરત છે એ "સ્પાન નોન ટ્રેડિંગ એસોસિએશન (પાલડી)"ની વાર્ષિક સામાન્ય સભા બુધવાર, તા. ૨૭-૨-૨૦૧૯ના રોજ મળેલ હતી.

આ સભાની અન્ય કાર્યવાહી સાથે નવા બોર્ડ ઑફ ડાયરેક્ટર્સના ૧૨ ડાયરેક્ટરોની વરણી બિનહરીફ કરવામાં આવેલ હતી કે જેઓની વિગત નીચે મુજબ રહેવા પામેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પાર્થ ઠક્કર | ઑફિસ નં. ૧૦૧૫ |
| ૨. | શ્રી નીરવ કાપડિયા | ઑફિસ નં. ૧૦૧૨ |
| ૩. | શ્રી અશોક મહેતા | ઑફિસ નં. ૯૦૫ |
| ૪. | શ્રી હરનીસ મોઢ | ઑફિસ નં. ૯૦૧ |

૫. શ્રી જીજ્ઞાસુ કે. શાહ ઑફિસ નં. ૮૦૯
૬. શ્રી હેમાંગ શાહ ઑફિસ નં. ૭૧૬
૭. શ્રી ચિંતન બી. શાહ ઑફિસ નં. ૭૦૯
૮. શ્રી નીતિન બી. શાહ ઑફિસ નં. ૬૦૨
૯. શ્રી નીલેષ કોટક ઑફિસ નં. ૪૦૯
૧૦. ડૉ. ગૌરાંગ ગાંધી ઑફિસ નં. ૩૧૨
૧૧. ડૉ. સુમિતકુમાર ઑફિસ નં. ૨૧૩
૧૨. શ્રી વિષ્ણુભાઈ પટેલ ઑફિસ નં. ૧૦૧

ઉપરોક્ત મીટિંગ પૂર્ણ થયે વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના નવા બોર્ડ ઑફ ડાયરેક્ટર્સની મીટિંગ તરતમાં જ સ્પાનની ઑફિસ નંબર ૭૧૧ ખાતે મળેલ હતી કે જ્યારે આ મીટિંગમાં નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

ચેરમેનશ્રી : અશોકભાઈ મહેતા (ઑફિસ નં. ૯૦૫)
સેક્રેટરીશ્રી : CA નીરવભાઇ કાપડિયા(ઑફિસ નં. ૧૦૧૨)
ટ્રેઝરરશ્રી : CA જીજ્ઞાસુ કે. શાહ (ઑફિસ નં. ૮૦૯)

નવા બોર્ડ ઑફ ડાયરેક્ટરે પોતાની કાર્યવાહી શરૂ કરી દીધેલ છે.

## ઉમા યોગ કેન્દ્ર - ભુજ : સાપ્તાહિક યોગ શિબિર

*“યોગને જાણો, પામો ને માણો... નહીં તો બની રહેશો પાણો... હાસ્ય વિનાનું જીવન... પાયા વગરની ઈમારત સમાન છે.*

તાજેતરમાં “ઉમા યોગ કેન્દ્ર” દ્વારા નિઃશુલ્ક શિબિરનું આયોજન પ્રોજેક્ટ ચેરમેન ભાવના ઝવેરી દ્વારા કરવામાં આવેલ. આ શિબિરને સ્વામી પ્રેમમણિજી, નગરપાલિકાના પ્રમુખ લતાબેન સોલંકી, પૂર્વ નગરપતિ રાજકીય અગ્રણી શ્રી બાપાલાલભાઈ જાડેજા, યોગગુરૂ કમલકાંતભાઈ ભટ્ટ, ભાવના એ. ઝવેરી તથા માયા પી. ઠક્કર દ્વારા ‘દીપ પ્રાગટ્ય’ કરી શુભ શરૂઆત કરવામાં આવી.

સ્વામી પ્રેમમણિજી દ્વારા યોગ, પ્રાણાયામ, ધ્યાન કઈ રીતે કરવા જોઈએ તેના વિશેની વિસ્તૃત સમજ અપાઈ. કમલકાંતભાઈ દ્વારા ત્રાટકના પ્રયોગ અને યોગ નિંદ્રા કરાવવામાં આવેલ. ત્રાટકના પ્રયોગથી નાડીઓની સ્થિરતામાં વૃધ્ધિ અને અનિંદ્રાનું નિવારણ થાય છે, એકાગ્રતા વધે છે. આધ્યાત્મિક શક્તિનો વિકાસ થાય છે. અશાંત મન તણાવરહિત બને છે.

વિદ્યાર્થી બાળકો માટે સ્પે. બેચ રાખવામાં આવેલ. જેમાં ઝુંપડપટ્ટીના ૪૦ અને અન્ય ૩૦ એમ કુલ ૭૦ બાળકોએ લાભ લીધેલ. “અક્ષરની અષ્ટોપગડી” ગેમની કોલમના લેખિકા ભાવના ઝવેરી દ્વારા ઉત્સવ થીમ પર રમત દ્વારા કસરત,યોગ, પ્રાણાયામ કરાવવામાં આવેલ. તેમજ યાદશક્તિ વધારવાની સાથે પરીક્ષાનો ભય દૂર કરવાના યોગ પણ કરાવવામાં આવેલ. સ્પર્ધાત્મક યોગના આસન યોગ શિક્ષિકા માયા પી. ઠક્કરે કરીને સમજ આપી. બાદમાં સ્પર્ધા યોજવામાં આવેલ.

સિનિયર સિટીઝન માટે ‘જીવન સંધ્યાની ઉંમરમાં યોગ અભ્યાસ’ કમલકાંતભાઈ દ્વારા - મહેશભાઈ છાયા દ્વારા કરાવવામાં આવેલ. જેમાં વડીલો માટેના યોગ-કસરત-પ્રાણાયામની સમજ અપાઈ.

લેડીઝ સ્પે. બેચમાં બહેનો માટેની વિવિધ કસરત, ડાયેટ ટીપ્સ, ઘેર બેઠા રૂટીન કામકાજમાં યોગ - કસરત કેવી રીતે કરવા તેની ટીપ્સ, હાસ્ય, તાળી — ભાવના ઝવેરી દ્વારા કરવામાં આવેલ. તેમજ હેલ્ધી ફૂડ વિશેની માહિતી માયા ઠક્કર દ્વારા આપવામાં આવી.

ચેર યોગા - જેમાં નીચે ન બેસી સકતા વ્યક્તિઓ માટે ખુરશીના ઉપયોગ દ્વારા થતી કસરતો. યોગ, પ્રાણાયામ કરાવવામાં આવેલ. ચેર યોગા અને સિનિયર સિટીઝન યોગા એકબીજાના પૂરક છે. ભાવના એ. ઝવેરી દ્વારા આ બંનેની વિસ્તૃત માહિતી સાથે અલગ અલગ ગેમ્સ રમાડવામાં આવી.

સાપ્તાહિક શિબિરનું સંચાલન કમલકાંતભાઈ ભટ્ટ, ભાવના ઝવેરી, માયાબેન ઠક્કર દ્વારા કરવામાં આવેલ. આ સાપ્તાહિક શિબિરમાં રોજ ૫૦થી ૬૦ વ્યક્તિઓ આવતા અને લાભ લેતા.

બાળકોને યોગ માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે આશ્વાસન ઈનામ ઉપસ્થિત યોગમાં આવતા અગ્રણીઓ પૈકી મધુબેન, તૃપ્તિબેન, હર્ષાબેન, ધર્માંગીબેન, નિરંજનાબેન, અલ્પાબેન, પ્રભાબેન, મનીષાબેન, સંગીતાબેન, જેલમબેન, છાયાબેન દ્વારા સર્વેને ટોપી, સ્ટેશનરી વસ્તુઓ, નાસ્તો, કેડબરી, ચોકલેટ આપવામાં આવેલ.

આ ઉમા યોગ કેન્દ્રમાં સોમથી શનિ સાંજે ૬થી ૭ અને મંગળ, ગુરુ, શનિ સાંજે ૫ થી ૬ નિયમિત નિઃશુલ્ક વર્ગો નાના-મોટા તેમજ બાળકો માટે ચાલુ હોય છે.

*ઉમા યોગ કેન્દ્ર સંચાલક :* ભાવના એ. ઝવેરી

## તરતા પથ્થર - તામિલનાડુ

રામેશ્વરના પમ્બન દ્વીપ વિશે કહેવાય છે કે શ્રીરામે લંકા સુધી જવા માટે જે તરતા પથ્થરોનો પુલ બનાવ્યો હતો, એવા પથ્થરો આજે પણ અહીં પ્રાપ્ત થાય છે.

*ટીકા એ પાળેલા કબૂતર જેવી છે. પાળેલા કબૂતર પોતાના માલીકના ઘેર જ પાછા ફરે છે.*

## ડિસ્ટ્રીક્ટ એડમિનિસ્ટ્રેશન, જી.સી.એસ.આર.એ., યુનિસેફ અને ફોકિયા દ્વારા સી.એસ.આર. રોડમેપ પર વર્કશોપ – તા. ૨૬-૨-૨૦૧૯ના રોજ ભુજ ખાતે

કચ્છ, એ ગુજરાત રાજ્યના, ઔદ્યોગિક રીતે વધુ ઝડપથી વિકસતા જિલ્લાઓમાંનું એક છે. જિલ્લા વહીવટ, ગુજરાત સી.એસ.આર. ઓથોરીટી (જી.સી.એસ.આર.એ.), ફોકિયા, સિવિલ સોસાયટી ઓર્ગેનાઇઝેશન્સ તથા યુનિસેફ જેવી સંસ્થાઓ સાથે મળીને આ જિલ્લામાં વિવિધ સી.એસ.આર. પ્રવૃત્તિ કરી રહી છે.

આ વિસ્તારમાં સી.એસ.આર. પ્રવૃત્તિને યોગ્ય દિશામાં ચેનલાઇઝ્ડ કરવાના ઉદ્દેશથી, ઉપર જણાવેલ બધા સ્ટેક હોલ્ડર 'એક સમાન વિકાસ માટે સી.એસ.આર. રોડમેપ' એવા વિષય પર તા. ૨૬-૨-૨૦૧૯ મંગળવારના રોજ વર્કશોપનું આયોજન કરેલ હતું.

આ વર્કશોપ આ ક્ષેત્રમાં વર્તમાન પડકારો અને તક વિશે વિચારણા કરી અને સરકાર, સી.એસ.ઓ. અને ઉદ્યોગો દ્વારા કરવામાં આવતી CSR પ્રવૃત્તિઓ વચ્ચેની વ્યુહાત્મક ભાગીદારીમાં કચ્છ જિલ્લામાં સી.એસ.આર. પ્રવૃત્તિઓના અમલીકરણ માટે એક માર્ગદર્શિકા તૈયાર કરી, માતાના સ્વાસ્થ્ય અને બાળકના આરોગ્યને લગતા પ્રોગ્રામ પર કોર્પોરેટ ગૃહો અને જિલ્લા વહીવટી તંત્રને ટેકો પૂરો પાડવા માટે જિલ્લા કક્ષાની ટાસ્ક ફોર્સની રચના કરી, કચ્છના વિવિધ વિસ્તારોમાં કોર્પોરેટ ગૃહોની હાજરી દર્શાવવાનો હતો.

આ પ્રસંગે બોલતા, કવિતા શર્મા, યુનિસેફ ઇન્ડિયાના ન્યુટ્રિશન નિષ્ણાતે જણાવ્યું હતું કે, 'અમે દરિયાઈ વિસ્તારો માટે ખાસ કરીને માછીમારો સમુદાયો અને મીઠાના કામદારો માટે વ્યુહાત્મક ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ અને આ સમુદાયની મહિલાઓ, બાળકો અને સમુદાયોના જીવનમાં બદલાવ કરવા માટે ધ્યાન કેન્દ્રિત અને વ્યુહાત્મક રચના કરવાનો છે.'

ફોકિયાના એમ.ડી. શ્રી નિમિશ ફડકેએ મહેમાનજનો તથા ભાગ લેનારાઓનું સ્વાગત કરેલ હતું અને જણાવ્યું હતું કે આપણે સી.એસ.આર.ના પ્રયત્નોને યોગ્ય દિશામાં લઈ જવું જોઈએ અને ઉદ્યોગો, સમાજ, સરકાર અને એન.જી.ઓ. જેવા પ્રત્યેક હિસ્સેદારની ચોક્કસ ભૂમિકા ઓળખવી જોઈએ. ત્યારબાદ કચ્છ નવનિર્માણ અભિયાન તરફથી શ્રી લાલ રાંભિયા દ્વારા કચ્છના મીઠાના કામદારોને પડતી સમસ્યાઓ વિશે પ્રેઝન્ટેશન કરેલ તથા GAIMS - ભુજના ડૉ. હસમુખ ચૌહાણ દ્વારા તેમનો માતા અને બાળકોના સ્વાસ્થ્ય અંગેનો પ્રોજેક્ટ અભિમન્યુ તથા આ લોકોના આરોગ્ય અને પોષણ સુવિધાઓથી વંચિત સમુદાયો સુધી કેવી રીતે પહોંચવું તેના પર પ્રેઝન્ટેશન કરવામાં આવેલ.

કચ્છ માટે મહત્ત્વનો કહી શકાય એવો મીઠાના કામદારો અને માછીમારો સમુદાયના શિક્ષણ, પાણી, આવાસ, આરોગ્ય જેવી વિવિધ પ્રાથમિક જરૂરિયાત વિકસાવવા માટે ભાગીદારીના મુદ્દા પર ડિસ્કશન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ૬૦થી વધુ લોકોએ ભાગ લીધેલ. જેમાં કચ્છમાં સ્થાપિત ઉદ્યોગો જેવા કે અદાણી ગ્રુપ, વેલસ્પન ગ્રુપ, તાતા પાવર, એગ્રોસેલ, એન્કર ઇલેક્ટ્રીક્સ, આર્ચિયન કેમિકલ્સ, આશાપુરા ગ્રુપ, આરતી ઇન્ડસ્ટ્રીઝ, બુન્ગે, ક્રોમિની સ્ટીલ, એક્સેલ, લુઇસ અને ટ્રેફુસ, ઓ.પી.જી., રત્નમણિ, રેણુકા સુગર, સાંઘી સિમેન્ટ, સોલારીસ, લેક્મે, ઇનોક્ષ, ગેલેન્ટ, ઇલેક્ટ્રો થર્મ તથા એનજીઓ જેવી કે અભિયાન, એન્કરવાલા અહિંસાધામ, ખમીર, કે.એમ.વી.એસ., માનવ જ્યોત, સેવાનિધિ, વાય.એમ.સી. વગેરેના પ્રતિનિધિ સામેલ રહેલ.

## Seminar on Export Documentation and procedures, Incoterms and Payment Terms on 26th Feb., 2019 at Bhuj - Kutch

તા. ૨૬-૨-૨૦૧૯ને મંગળવારના રોજ હોટલ રિજન્ટા - ભુજ ખાતે ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિયા) અને ફેડરેશન ઓફ ઇન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશન - વેસ્ટર્ન રીજિયન (FIEO - WR), મુંબઈ દ્વારા "એક્ષપોર્ટ ડોક્યુમેન્ટેશન અને પ્રોસીજર્સ, ઇન્કોટર્મ્સ અને પેમેન્ટ ટર્મ્સ"ના વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ જુદા જુદા ઇન્કોટર્મ્સ, ચૂકવણીની શરતો, દસ્તાવેજોની તૈયારીમાં પડતી મુશ્કેલીઓ અને FEMA 1999 અને LC હેઠળ દસ્તાવેજોની રજુઆતના શ્રેષ્ઠ ઉપયોગમાં જે તે અધિકારીશ્રીઓના રોજિંદા કાર્યને સરળ બનાવવા માટેનો હતો.

આ સેમિનારના મુખ્ય વક્તા તરીકે શ્રી નિજય ગુપ્તાએ માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ નીચે મુજબના મુદ્દાઓ આવરી લીધેલ હતા :

1. To understand Incoterms 2010 – ICC Paris (Terms of Shipments)
2. To understand various Terms of Payment under FEMA 1999 and LC under UCP 600 - ICC Paris.
3. Procedure for IEC, RCMC and pre-shipment stage documentation & procedure.
4. To understand post shipment procedure, documentation & presentation of Documents to Banks.

આ સેમિનારમાં સિન્ડીકેટ બેંક દ્વારા પણ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં ઇલેક્ટ્રોથર્મ, એકોપેક, એક્સેલ, જિમ્પેક્ષ, વી.એસ. ફોર્ગિંગ્સ, માનાક્ષિયા, ઓરીએન્ટલ કાર્બન, એસ.એન.એફ. ફ્લોપેમ, સોલારીસ, ઉમા ક્લે, વિશ્રામભાઈ ગોરાસિયા કન્સ્ટ્રક્શન પ્રા.લિ., ગુજરાત આદર્શ ડિટરજન્ટ કંપની, ઉર્વિ એક્ષપોર્ટ, ખમીર, લિયા એક્ષપોર્ટ જેવા ઉદ્યોગકારો અને સંસ્થાઓના અંદાજિત ૪૦ જેટલા પ્રતિનિધિશ્રીઓએ ભાગ લીધેલ હતો. એક્ષપોર્ટ કરતા ઉદ્યોગગૃહો અને વ્યાપારગૃહો માટે આ સેમિનાર ખૂબ જ ઉપયોગી રહેલ હતો.

## ૨૦૧૯-૨૦ના બજેટમાં નર્મદાના પાણી પ્રશ્ને કચ્છને અન્યાય

પૂર્વમંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહે જણાવેલ હતું કે ૨૦૧૯-૨૦ના લેખાનુદાન બજેટમાં કચ્છ માટે ચાલુ કામો પૂરા કરવાની ગત વર્ષના બજેટમાં મંજૂર થયેલી રકમનો ઉલ્લેખ હોવા છતાં કચ્છ બ્રાંચ કેનાલના નર્મદાના કાર્યો માટે રૂા. ૮૯૨ કરોડ ફાળવાયાનો ઉલ્લેખ હોવા છતાં વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી માટે કોઈ પણ ફાળવણી ન કરીને કચ્છને અન્યાય કરવામાં આવેલ છે જ્યારે સૌરાષ્ટ્રની સૌની યોજના માટે રૂા. ૧૧,૦૦૦ કરોડથી વધુ ખર્ચ કરાયાની રાજ્યપાલ તેમજ નીતિનભાઈના પ્રવચનમાં જણાવાયેલ છે.

કચ્છમાં નર્મદા નદીના વધારાના પાણી પહોંચાડવાની રૂા. ૪૨૦૦ કરોડની યોજના સૌની યોજનાની સાથે જ મળેલા ટેકનિકલ રીપોર્ટ તથા સૈદ્ધાંતિક સ્વીકાર છતાં ૨૦૧૩-૧૪થી ૨૦૧૮-૧૯ સુધીમાં બજેટમાં ફાળવણી કર્યા છતાં કોઈ જ ખર્ચ ન કરાયાની બાબત તેમજ ૨૦૧૯-૨૦ના બજેટમાં આ વર્ષે પણ કોઈ ખર્ચ કરવાનો ઉલ્લેખ ન કરાતા સરહદી વિસ્તારના કચ્છને ઓરમાયું બનાવવાની સરકારની વૃત્તિનું પ્રમાણ આપે છે એમ તેમણે જણાવ્યું હતું.

વર્ષ ૧૯૮૦થી આજ દિવસ સુધી કચ્છ માટે ઓરમાયુ વર્તન દાખવતી ગુજરાત સરકારની સામે કચ્છના સાંસદો, ધારાસભ્યો, આગેવાનો, કિસાનો વગેરે લોકો રજૂઆત કરતા રહ્યા છે. પરંતુ તેના હકારાત્મક પરિણામો આજ દિવસ સુધી આવેલ નથી. કચ્છ બ્રાંચ કેનાલના કામો મોડકુવા સુધી પૂરા થતા નથી અને તેના કારણે પૂરના પાણી મોડકુવાથી પણ આગળ લઈ જવા શક્ય બનતું નથી. પરિણામે કચ્છના પશ્ચિમ વિસ્તારના તાલુકાઓ અબડાસા, લખપત અને નખત્રાણામાં આ પાણી પહોંચાડી શકાતા નથી અને દુષ્કાળની પરિસ્થિતિમાં તો અહીં ખૂબ જ વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. કચ્છની પ્રજાએ આ અન્યાય સામે લડી લેવું જોઈએ તે આજની જરૂરિયાત બની રહે છે. ■

## ભારતમાં અનામત પ્રથા

હિંદુ સમાજને લાંબા સમયથી પ્રચલિત વર્ણ પરંપરાની અસરથી મુક્ત કરવા અને શોષિત - પીડિત રહેલા લોકોને સમાજમાં ઉપર આવવાની તક મળે એટલે મર્યાદિત સમય મર્યાદા માટે બંધારણમાં અનામત પ્રથા અમલમાં લાવવામાં આવી હતી. પરંતુ અત્યારે તો એ પ્રથા કાયમી બની ગઈ હોય તેવું દેખાય છે.

લોકસભા ચૂંટણી પહેલા શક્તિશાળી કહી શકાય એવી મરાઠા લોબીને પોતાની તરફેણમાં ખેંચવા મહારાષ્ટ્રની સરકારે મરાઠાઓને શૈક્ષણિક સંસ્થાનો અને સરકારી નોકરીમાં અનામત આપવાનો નિર્ણય લીધો છે. જોવાની વાત એ છે કે અત્યારે જે ધારાધોરણ હેઠળ સમાજના અમુક - તમુક વર્ગ માટે ક્વોટા છે એમાં મરાઠા સમાજનું ચોકઠું ગોઠવાય એમ ન હોવાથી મહારાષ્ટ્ર સરકારે એના માટે "સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાતવર્ગ" એવો આખો નવો ચોકો બનાવવાનું ઠરાવેલ છે.

સરકારી નોકરી કે શિક્ષણ સંસ્થામાં પચાસ ટકાથી વધુ અનામત ન રાખવાના સર્વોચ્ચ અદાલતના ચુકાદાને જુદી જુદી રાજ્ય સરકાર ઘોળીને પી ગઈ છે. તામિલનાડુમાં તો અનામતની ટકાવારી ૭૦ ટકાની આસપાસ પહોંચી ગઈ છે. મહારાષ્ટ્રમાં પણ અત્યારે અનામતનો આંક ૫૨ (બાવન) ટકા છે એમાં હવે મરાઠા ક્વોટાનો ૧૫ ટકા જેટલો ઉમેરો થવાની ધારણા છે.

વોટ ખેંચી લાવવા માટે રાજકારણીઓની આ દૃષ્ટિ લાંબેગાળે ભારત દેશને ખૂબ જ નુકસાન તરફ ધકેલી રહેલ છે.

માહિતી

# સરકારી સહાય યોજનાઓ

*ગુજરાત સરકાર દ્વારા "ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ"ની રચના કરવામાં આવેલ છે. નિગમની સહાય યોજનાઓ અને લોનની યોજનાઓની માહિતી આપણા સમાજના ભાઈ-બહેનોને મળી રહે તે હેતુથી નીચે મુજબની માહિતી અત્રે રજૂ કરી છે.*

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક અભ્યાસ યોજના | મેડિકલ (ડૉક્ટર), ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, નર્સિંગ | ધોરણ-૧૨માં ૬૦ ટકા કે તેથી વધુ | વાર્ષિક આવક રૂા. ૩ લાખ કે તેથી ઓછી | કુલ ટ્યુશન ફી અથવા રૂા. ૧૦.૦૦ લાખ – તે બે પૈકી જે ઓછું હોય તે પ્રમાણે વાર્ષિક ૪ ટકા લેખે સાદા વ્યાજે લોન |
| ૨. | વિદેશ અભ્યાસ લોન | મેડિકલ (ડૉક્ટર), ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, નર્સિંગ વગેરે | ધોરણ-૧૨માં ૬૦ ટકા કે તેથી વધુ | વાર્ષિક આવક રૂા. ૪.૫૦ લાખ કે તેથી ઓછી | રૂા. ૧૫.૦૦ લાખ વાર્ષિક ૪ ટકા લેખે સાદા વ્યાજે લોન. |
| ૩. | ભોજન બીલ સહાય | મેડિકલ (ડૉક્ટર), ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, નર્સિંગ વગેરે | કોલેજ | વાર્ષિક આવક રૂા. ૩ લાખ કે તેથી ઓછી | સરકારી, અનુદાનિત સિવાયના છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ૧૦ માસ માટે માસિક રૂા. ૧૨૦૦/- લેખે સહાય |
| ૪. | ટ્યુશન ફી સહાય | ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહ | ધોરણ-૧૦માં ૭૦ ટકા કે તેથી વધુ | વાર્ષિક આવક રૂા. ૩ લાખ કે તેથી ઓછી | પ્રતિ વર્ષે રૂા. ૧૫,૦૦૦/- ટ્યુશન સહાય |
| ૫. | જી, ગુજકેટ, નીટ પરીક્ષા માટે કોચીંગ સહાય | ધોરણ-૧૨માં વિજ્ઞાન પ્રવાહ પછીની પ્રવેશ પરીક્ષા માટે | ધોરણ-૧૦માં ૭૦ ટકા કે તેથી વધુ | વાર્ષિક આવક રૂા. ૩ લાખ કે તેથી ઓછી | ૨૦,૦૦૦/- કોચીંગ સહાય |
| ૬. | સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય | યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી., બેંક ગૌણ સેવા પસંદગી મંડળ વગેરે સ્પર્ધાત્મક પરીક્ષા માટે | ધોરણ-૧૨માં ૬૦ ટકા કે તેથી વધુ | વાર્ષિક આવક રૂા. ૩ લાખ કે તેથી ઓછી | ૨૦,૦૦૦/- કોચીંગ સહાય |
| ૭. | સ્વરોજગારલક્ષી યોજનાઓ | રીક્ષા, લોડિંગ રીક્ષા, જીપ, મારૂતિ, ઈકો વગેરે વાહનો માટે ઓન રોડ કોસ્ટ, કરીયાણાની દુકાન, મેડિકલ સ્ટોર, રેડીમેડ ગારમેન્ટ સ્ટોર, બુક સ્ટોર વગેરે લોન નિગમ તરફથી આપવામાં આવશે. ટ્રાન્સપોર્ટ, લોજીસ્ટીક, ટ્રાવેલર્સ, ફુડકોર્ટ વગેરે બેંકમાંથી લીધેલ લોન ઉપર વ્યાજ સહાય. | ઉંમર ૧૮થી ૫૦ વર્ષ સુધી | વાર્ષિક આવક રૂા. ૩ લાખ કે તેથી ઓછી | રૂા. ૧૦.૦૦ લાખ સુધીની લોન વાર્ષિક ૫ ટકાના સાદા વ્યાજે તેમજ મહિલાઓને ૪ ટકાના સાદા વ્યાજે મળવાપાત્ર |
| ૮. | સ્નાતક તબીબ, વકીલ, ટેકનિકલ સ્નાતક માટે વ્યાજ સહાય | તબીબ, વકીલ, ટેકનિકલ, સ્નાતક થયેલ લાભાર્થીઓ પોતાનું ક્લિનિક, લેબોરેટરી, રેડિયોલોજી ક્લિનિક કે ઓફિસ ખોલવા માટે લીધેલ બેંક લોન પર વ્યાજ સહાય | ઉંમર ૧૮થી ૫૦ વર્ષ સુધી | વાર્ષિક આવક રૂા. ૩ લાખ કે તેથી ઓછી | રૂા. ૧૦.૦૦ લાખ સુધીની બેંક પાસેથી લીધેલી લોન પર ૫ ટકા વ્યાજ સહાય મળવાપાત્ર |

*૧. ઉપરોક્ત તમામ યોજનાઓ માટે બિન અનામત વર્ગના પ્રમાણપત્ર, કલેક્ટરશ્રી, નાયબ કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, જિલ્લા નાયબ નિયામક (વિ.જા.), જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) વગેરે સ્થળેથી નીકળી શકશે.*

*૨. બિન અનામત વર્ગનું પ્રમાણપત્ર કાઢવા માટે અરજદારના બે ફોટા, એલ.સી., આધાર કાર્ડ અને અરજદારના પિતાનું એલ.સી. ફોર્મ સાથે જોડવું.*

*૩. જરૂરી યોજનાઓ માટેના ફોર્મ અને વધુ માહિતી માટે www.gueedc.gujarat.gov.inની મુલાકાત લેવી.*

*સમાધાન એટલે લાડવાના પાંચ બટકા એવી રીતે વહેંચવા કે દરેક જણને એમ લાગે કે પોતાને જ સૌથી મોટો ભાગ મળ્યો છે.*

## ઇન્ટરનેટની સલામતી (Most Important)

ઘરની તિજોરીમાં રહેલા ઘરેણાની ચિંતા કરવી પડે એટલી જ કે તેનાથી વધુ ચિંતા ઇન્ટરનેટ પર ડેટા સલામતીની કરવી પડે એવા ડિજિટલ યુગમાં આપણે જીવીએ છીએ. છેલ્લા દાયકાથી દર વર્ષે ૫મી ફેબ્રુઆરી "સેફર ઇન્ટરનેટ ડે" તરીકે ઉજવાય છે. એ દિવસને ધ્યાનમાં રાખીને ઇન્ટરનેટ પર સલામત રહેવા અંગે ગૂગલ સહિતની ઇન્ટરનેટ જાયન્ટ કંપનીઓ દ્વારા કેટલીક ટિપ્સ આપવામાં આવી છે.

★ મોબાઈલમાંથી ઍપ ડાઉનલોડ કરતી વખતે ગૂગલ પ્લે સ્ટોરમાંથી જ ડાઉનલોડ કરવી જોઈએ. ત્યાં ૫૦ અબજથી વધુ ઍપનું સ્કેનિંગ થાય છે અને ફોન માટે અસુરક્ષિત હોય એવી ઍપ હટાવી દેવામાં આવે છે. એપલના વપરાશકારો માટે ઍપલ સ્ટોરમાંથી ઍપ ડાઉનલોડ કરવી જોઈએ.

★ મોબાઈલ, ટેબ્લેટ વગેરે ડિવાઈસની સ્ક્રીન હંમેશાં પાસવર્ડથી સુરક્ષિત રાખો. જો ગૂગલ એકાઉન્ટને ડિવાઇસ સાથે જોડી દીધું હશે તો ડિવાઇસ ખોવાશે ત્યારે પણ તેનું લોકેશન મેળવવામાં ગૂગલ મદદ કરી શકશે. એ માટેની વધુ વિગત https://www.android.com/find પરથી મળશે.

★ **હવે ઘરેણા પૈસા જેટલી જ કિંમતી ચીજ એ આપણો વ્યક્તિગત ડેટા ગણાય છે. તેની સલામતી માટે ડિવાઇસમાં થર્ડ પાર્ટી એક્ટિવિટી થાય તો તમને તુરંત જાણ થાય એટલા માટે નોટીફિકેશન ON રાખો.** એ નોટીફિકેશન સેટિંગ્સમાં જઇને ON કરી શકાશે. અજાણ્યા ડાઉનલોડ કે થર્ડ પાર્ટી ડાઉનલોડના નોટીફિકેશન હંમેશાં OFF રાખો. એ રીતે વિવિધ ઍપ્સને કઈ કઈ પરમિશન આપી છે, તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. કેટલીક ઍપ્સ જરૂર ન હોય તો પણ તમારો કેમેરા કે રેકોર્ડિંગ સહિતની વસ્તુઓ માંગે છે. જેમકે ફ્લિપકાર્ટની ઍપ તો તમારી ફ્લેશલાઇટની પરમિશન પણ માંગે છે! તેને શોપિંગ સાથે શું લેવા-દેવા? એવી પરમિશન ન આપવી જોઈએ.

★ ગૂગલ મેપ્સના સેટિંગમાં ટાઈમલાઇન નામનો વિભાગ તમારા બધા પ્રવાસ સાચવે છે. ઘરેથી સવારે નીકળીને ક્યાં ક્યાં ગયા, ક્યાંથી પરત આવ્યા વગેરેનો નકશો બને છે. એવું ન થવા દેવું હોય તો મેપ્સના સેટિંગમાં જઇ ટ્રેકિંગ બંધ કરી દેવું જોઈએ.

★ ગૂગલની કોઈ પણ સર્વિસમાં તમારું એકાઉન્ટ હોય તો ત્યાંથી ગૂગલની સિક્યુરિટી ચેક-અપની સુવિધા મળે છે. તેનો ઉપયોગ કરતા રહેવાથી કોઈ અસલામતી હશે તો ગૂગલ દૂર કરી આપશે. સલામતી માટે બીજું શું કરવું તેની ટિપ્સ પણ ત્યાંથી મળશે.

★ **પાસવર્ડ નિયમિત બદલતા રહેવું જોઈએ. બદલતી વખતે પણ જન્મતારીખ કે નામ કે પછી વતનનું નામ વગેરે ન રાખવું. હંમેશાં એક સ્પેશિયલ કેરેક્ટર, એકાદ કેપિટલ અક્ષર, એકાદ આંકડો, એવું મિશ્રણ કરીને પાસવર્ડ બનાવાય તો સલામતી વધી જાય.** એકથી વધુ સર્વિસમાં એકસરખો પાસવર્ડ ન રાખવો. ગૂગલ પાસે ટુ-સ્ટેપ વેરિફિકેશન પ્રોસેસ છે, તેનો ઉપયોગ પણ કરવો જોઈએ.

★ જે કોઈ સોફ્ટવેર વાપરતા હોઈએ એ અપડેટ કરતા રહેવા. પાઈરેટેડ સોફ્ટવેર સાથે વાઇરસ સહિતની સામગ્રી મફત તમારા કોમ્પ્યુટર - લેપટોપમાં ઘૂસી જશે. એ રીતે મોબાઇલ ઍપ્સ પણ અપડેટ કરતા રહેવું.

★ કોઈ નવી વેબસાઈટ ખોલતી વખતે ખાસ જુઓ કે **તેની શરૂઆત https:// થી થાય છે?** જો થતી હોય તો જ એ વેબસાઇટને સલામત સમજવી.

★ **લાલચ આપતા અનેક ઇ-મેઇલ આવતા હશે. તેમાં ક્યારેય પડવું નહીં.** કોઇ ઑફર કે મફત સુવિધાની વાત હોય એવા ઈ-મેઈલ મોટેભાગે સ્પામ જ હોય. એ તમારી વિગતો મેળવીને બેંક એકાઉન્ટ સુધી પહોંચી શકે છે. **નાણાંકીય વ્યવહારો કરતી વખતે OTP (વન ટાઈમ પાસવર્ડ) કે મેસેજ આવે પછી જ વ્યવહાર થાય એવી સુવિધા વાપરવી જોઈએ.**

★ બાળકોને જે રીતે વિવિધ પ્રકારની સમજ આપવામાં આવે છે, એ રીતે ઇન્ટરનેટ સલામતીની સમજ પણ આપવી જોઈએ. **ખરેખર તો શિક્ષણમાં જ સાયબર સુરક્ષા સામેલ કરવી જોઈએ.** પરંતુ એ માટે સરકારને સમજ હોવી જોઈએ.

***એ વાત યાદ રાખવી જોઈએ કે ઇન્ટરનેટ સલામત છે, તો આપણે સલામત છીએ.***

*રાત્રે આપણે આકાશમાં જેટલા પણ તારા જોઈએ છીએ, તે બધા સૂર્યથી મોટા અને સૂર્યથી વધુ ચમકદાર હોય છે.*

*યાદ રાખજો : મા-બાપને પારકાના ત્રાસ કરતા દીકરાઓના ત્રાસ વધુ પીડા આપે છે.*

## હોસ્પિટલ દર્દીને બંધક ન બનાવી શકે

*હોસ્પિટલોમાં મોટાભાગે ઈમરજન્સીમાં દાખલ કરવા, સારવાર અથવા બીલની ચૂકવણી મુદ્દે વિવાદ થાય છે. દર્દીઓના કેટલાક એવા અધિકારો છે, જે તેમને જાણવા જરૂરી છે.*

★ **ઇમરજન્સીમાં સારવારનો ઇન્કાર ન કરી શકે :** જો કોઈ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં પહોંચે છે તો હોસ્પિટલોના તબીબોની આ જવાબદારી છે કે તેને તરત જ જરૂરી સારવાર આપવામાં આવે. યોગ્ય સારવાર અને જીવ બચાવવાનો શક્ય તેટલા પ્રયાસો બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવે. દર્દીની સમસ્યાઓ દૂર કરવા માટે પૂરી પ્રક્રિયા બાદ જ હોસ્પિટલ પૈસા માંગી શકે છે અથવા તો પોલીસને જાણકારી આપવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે.

★ **ભેદભાવ વિના પૂરી માવજત :** કોઈપણ હોસ્પિટલમાં દર્દી સાથે જાતિ, વર્ણ, પદ, ધર્મ અથવા વયના આધારે ભેદભાવ ન કરી શકાય.

★ **મેડિકલ રિપોર્ટ્સ, રેકોર્ડ્સ :** હોસ્પિટલ દર્દીઓને તેના મેડિકલ રેકોર્ડ કે રિપોર્ટ આપવાનો ઇન્કાર ન કરી શકે. દર્દી અથવા તેના પરિવારજનોને અધિકાર છે કે દર્દીના રિપોર્ટ્સ અને રેકોર્ડ્સની ફોટોકોપી લઈ શકે છે.

★ **ખર્ચની જાણકારી :** દર્દી અથવા તેના પરિવારજનોને હોસ્પિટલ દ્વારા જાણકારી અપાવી જોઈએ કે શું બીમારી છે, સારવારનું શું પરિણામ આવશે. ખર્ચ, ફાયદો, નુકસાન અને વિકલ્પો વિશે પણ જણાવવું જોઈએ.

★ **અન્ય ડૉક્ટરની સલાહ લેવાનો અધિકાર :** અગર કોઈ ડૉક્ટરની રીત કે સારવારથી ખુશ નથી તો અન્ય તબીબની સલાહ લઈ શકે છે. તેવા કિસ્સામાં મેડિકલ અને નિદાન રિપોર્ટ દર્દીને ઉપલબ્ધ કરાવવાના રહેશે.

★ **ઓપરેશન પહેલા જાણકારીનો અધિકાર :** કોઈપણ મોટી સર્જરી પહેલા દર્દીને તે વિશે પૂરી જાણકારી મેળવવાનો અધિકાર છે. ડૉક્ટરે દર્દી અથવા તેના પરિવારજનોને આ પૂછવું જરૂરી છે કે તેઓ સર્જરી કરાવવા માંગે છે કે નહીં? તે બાદ જ સહમતિ પત્ર પર સહી કરાવાય.

★ **ડિસ્ચાર્જનો અધિકાર :** ઘણીવાર હોસ્પિટલો પૂરું બીલ નહીં ચૂકવવાની સ્થિતિમાં દર્દીને ડિસ્ચાર્જ નથી કરતા. ઘણીવાર તો દર્દીના નિધન બાદ મૃતદેહ પણ નથી લઈ જવા દેતા. ડૉ. અરુણ ગદરે અને ડૉ. અભય શુક્લે પુસ્તક 'ડિસેન્ટિંગ ડાયગ્નોસિસ'માં લખ્યું છે કે આરોગ્ય સેવાઓ આપવી સામાન વેચવા જેવી બાબત નથી. ડૉક્ટર-દર્દી વચ્ચે ખાસ સંબંધ હોય છે, જ્યાં ડૉક્ટર દર્દી વતી ઘણાં નિર્ણયો લેતા હોય છે.


**Mahalaxmi**
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*

● CORPORATE OFFICE ●
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

● REGD. OFFICE ●
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

● FACTORY ●
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110

● RESIDENCE ●
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

વિવિધતા

## હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ

# શબ્દોની ઉથલપુથલ ગેમ



ભાવના એ. ઝવેરી

શબ્દોની ઉથલપુથલ ગેમમાં આપેલા ક્લુના વાક્યના જવાબમાં બે ખાલી જગ્યા આપેલી છે. તેમાં પહેલા શબ્દનો ઊલટો શબ્દ જ બીજી ખાલી જગ્યામાં આવશે.

*ઉદાહરણ :* ખેડૂતના માથે રૂપિયાનું _______ ચડી ગયું તો શરીરમાં _______ આવ્યા જ કરે.

*જવાબ :* કરજ, જરક.

રમાડનારે રમનારની સંખ્યા, સમય પ્રમાણે પ્રશ્નોનું લિસ્ટ બનાવી, ઝેરોક્ષ કરાવી બધાને તે કાગળ અને પેન આપવા. સ્ટાર્ટ આપ્યા બાદ ટાઈમ લિમિટમાં લખવાના રહેશે. બાદમાં બધા અરસપરસ પેપર સીટ બદલાવી નાખે. રમાડનાર ક્રમવાર જવાબ બોલશે એ રીતે રાઈટ / રોંગ કરતા જાવ. અંતમાં ટોટલ કરો. જેના સૌથી વધારે થાય તેને અનુક્રમે ત્રણ વિનર જાહેર કરો.

આ ગેમ તમે નાના-મોટા ગ્રુપમાં, સિનિયર ગ્રુપમાં કે ગુજરાતી મીડિયમ સ્કૂલનાં બાળકોના ગ્રુપમાં પણ રમાડી શકો છો. (સમય : ૫/૧૦ મિનિટ)

| ક્રમ | ક્લુના વાક્યો |
|---|---|
| ૧. | મોટરની _____માં નાસ્તાની થેલી હોવાથી _____ થઈ ગઈ. |
| ૨. | _____ બાઈના કંગન તો સાસરે _____ જ ગયા. |
| ૩. | _____ _____ બારીમાં જો _____ જાડી-મોટી _____ છે. |
| ૪. | કરસન તું _____ ? _____ માણસ થઈને _____ કરે છે. |
| ૫. | સુરત નજીક આવેલા _____ ગામને _____નું પાણી નહેર દ્વારા અપાશે. |
| ૬. | જંગલમાં વિકરાળ કાળા _____ સામે _____ ના બનાવાય. |
| ૭. | સંજય _____ ભણસાળીની ફિલ્મમાં પ્રિયંકાએ હોઠ પર _____ કરેલી. |
| ૮. | નેસ _____નો સ્વાદ સાવ _____ હતો. |
| ૯. | _____ આવતા, અકબરે બંધાવેલો _____ મહેલ જોઈ આવજો. |
| ૧૦. | _____ તો કૃષ્ણના અધર પર રહેલી વાંસળીના સ્વરની _____ છે. |
| ૧૧. | ડૉક્ટર, મને ગાલ પર થયેલા _____ની દવા _____ આપો ને. |
| ૧૨. | મારા ગયા પછી કુટુંબીએ _____ જ _____ ના રાખવો. |
| ૧૩. | _____ તો જાતપાતના _____ વાદમાં ઉતરી ગયો. |
| ૧૪. | _____ પીવામાં _____ ન કરાય, જલ્દી દવા પી લે. |
| ૧૫. | અશોક _____માં _____ પ્રકારનાં ફળો થાય છે. |
| ૧૬. | આ ગામની _____ પૂરી થાય છે ત્યાં મારા _____નું ઘર છે. |
| ૧૭. | ઢોકળા માટે _____ને થોડી _____ દહીંમાં પલાળી રાખ. |
| ૧૮. | _____જેવા લબરમુછિયા રોજ રાત્રે _____ નાઈટમાં જ હોય છે. |
| ૧૯. | કામદેવની _____ ને _____ દિલમાં વાગ્યું. |
| ૨૦. | ભગવાન સામે બે હાથ જોડી _____ થી _____ |
| ૨૧. | _____ ખાવા કરતાં કઠોળમાં _____નું શાક ખા, તાકાત આવશે. |
| ૨૨. | કંપનીવાળા _____ બંધ પેકિંગમાં મસાલેદાર _____ વેચે છે. |
| ૨૩. | _____ અને _____ બંને જુડવા બહેનો સમજદાર હતી. |
| ૨૪. | તુલસીના _____ મારી દીકરી _____ લઈ આવી છે. |
| ૨૫. | _____ દીકરીનું નામ _____ છે. |
| ૨૬. | _____ _____ લોરી, દૂધ કી કટોરી _____ _____ હોઠોં પે ગોરી કિસકા નામ હૈ? |
| ૨૭. | મુનીમજી હિસાબનો _____ મારી પછી કિનારા પરની _____ માં બેસો. |
| ૨૮. | _____કા માલિક એક, _____ના માલિક અનેક. |
| ૨૯. | _____ના સ્વાદ પર કાબુ રાખ, _____ની જેમ ક્રિકેટમાં ચોગ્ગા માર. |
| ૩૦. | વાલિયો લૂંટારો _____ _____ ને બદલે _____ _____ બોલતો વાલ્મીકિ થઈ ગયો. |
| ૩૧. | _____ રાશિવાળાએ આસો મહિનામાં _____ની લેતીદેતી ના કરવી. |
| ૩૨. | તમે પણ _____ છો, _____થી વાસણ કરવા બેસી ગયા? |
| ૩૩. | પિતૃઓને _____ મહિને _____ નાખવો. |
| ૩૪. | સ્કૂલ ટીચર _____ એ વિદ્યાર્થીને _____ માર્યો. |
| ૩૫. | બાપુએ દીકરી _____નું _____ પરેશ સાથે જોડવાનું નક્કી કર્યું. |
| ૩૬. | બાળકો, જાઓ વૃંદાવનના વનમાં _____ સાથે _____ છે? |
| ૩૭. | _____ પર રોટલી મૂકી તમે _____ કરવા બેસી ના જાઓ. |
| ૩૮. | અરે કાનજી, શેઠનો _____ લેવામાં તારું શું જાય _____? તને મદદ કરે છે. |
| ૩૯. | ઘરમાં નીકળેલા _____ને _____ભાઈ ખેતરમાં છોડી આવ્યા. |
| ૪૦. | પહેલાં સૌના દિલ પર _____, _____ તો કરી બતાવો! |
| ૪૧. | વહુ, આજના શાકના _____માં જરાય _____ નહોતો. |
| ૪૨. | મહેમાન છે તો _____ને ફ્રીઝમાંથી કાઢી _____માં કાઢો ને પીરસો. |
| ૪૩. | _____ આજે ફરાળી બટેટાના શાકમાં _____નો વઘાર કરજે. |
| ૪૪. | _____ આજે વહેલી ઊઠી, _____ ને પૂજા કરવા બેસી ગઈ. |
| ૪૫. | _____ તું મથુરાના _____ ની બહાર ગાયો ચરાવવા લઈ જા. |
| ૪૬. | _____ના અંબાર જેવી દીકરીને શરીરમાંથી _____ નીકળતું હતું. |
| ૪૭. | _____ માથામાં નખાય, _____ ઝભા પર પહેરાય હોં...! |
| ૪૮. | _____ તને મારાથી _____ રોટલી, બે દિવસ પે'લાની કેમ અપાય? |
| ૪૯. | તમે તો સવારનું _____ વાંચવામાં, મારી _____ પણ નથી કરતા લે...! |
| ૫૦. | _____ ના રમકડાં, મારા રામનાં _____ રમકડાં હતાં. |

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

*સફળતાની ઊંચાઈ પર હો તો સાવચેત રહેજો, પક્ષી પણ જાણે છે કે આસમાનમાં બેસવાની જગ્યા નથી હોતી.*

# શબ્દ શોધ : ૮૧

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | |
| ૮ | | | | ■ | ૯ | | | ■ |
| ૧૦ | | ■ | | ■ | ■ | ■ | ૧૧ | ૧૨ |
| | ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | ૧૬ | | |
| | ■ | ૧૭ | ૧૮ | | | | ■ | |
| ૧૯ | ૨૦ | | | ■ | ૨૧ | | ૨૨ | |
| ■ | ૨૩ | | ■ | ૨૪ | | ■ | | ■ |
| ૨૫ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | | ૨૮ |
| ૨૯ | | | | | | ■ | ૩૦ | |

## આડી ચાવીઓ

૧. તાજેતરમાં જમ્મુ કાશ્મીરના કયા વિસ્તારમાં આતંકી હુમલામાં આપણા જવાનો શહીદ થયા? (૪)
૫. ધીરજ, સબૂરી (૪)
૮. માખીઓમાંની પુરુષબીજ વાળી માખી (૪)
૯. પુર, શહેર (૩)
૧૦. "હો ______ મને લાગ્યો કસુંબીનો રંગ..." (૨)
૧૧. કાર્ય, કામ (૨)
૧૪. એકહથ્થુ સત્તાવાળી રાજ્ય પદ્ધતિ, સરમુખત્યારી રાજ્ય અમલ (૫)
૧૭. જવાબ દેવાની ફરજવાળું (૫)
૧૯. "______ ફૂટવી" એટલે નાકમાંથી લોહી નીકળવું (૪)
૨૧. વિદાયગીરી, રવાના કરવું એ (૪)
૨૩. માર્ગ, રસ્તો (૨)
૨૪. ઉંદર, સાપ વિ.નું ઘર (૨)
૨૫. એક અવયવ (૨)
૨૬. ઘા, હુમલો (૨)
૨૭. ભારતીય જનતા પાર્ટીનું ટૂંકું (૩)
૨૯. સૂર્યાસ્તથી સૂર્યોદય થાય ત્યાં સુધી (૬)
૩૦. કચ્છી ભાષા છે પણ તેની શું નથી? (૨)

## ઊભી ચાવીઓ

૧. ફરીને આવવું, પુનર્જન્મ (૬)
૨. શારદી વીણાના સાતમાંનો પાંચમો તાર (૩)
૩. સુંદર સ્ત્રી (૨)
૪. નવનીત (૩)
૫. દૌલત, પૈસો (૨)
૬. રક્તવાહિની (૨)
૭. "પાપ તારું ____ જાડેજા, ધરમ તોરા સંભાળ રે..." એક જાણીતું ભજન (૪)
૧૨. જાન્યુઆરીને હિંદીમાં શું કહેવાય? (૪)
૧૩. સૌરાષ્ટ્રનું એક જાણીતું શહેર (૪)
૧૪. દૂષણ, કલંક, લાંછન (૨)
૧૫. સારી ઊંચાઈ ધરાવનારું (૪)
૧૬. સરસ્વતી દેવી (૩)
૧૮. વારો, ક્રમ (૨)
૨૦. અનુકૂળ અને પ્રતિકૂળ પવન (૪)
૨૨. રવિન્દ્રનાથ ટાગોરનો એ નામનો સુપ્રસિદ્ધ બંગાળી ગ્રંથ (૪)
૨૪. અહીં છેલ્લે 'ન' ઉમેરવાથી ચોકીદારનો પર્યાય મળશે (૩)
૨૫. નાક વાટે વરાળ ધૂણી વિ. લેવા એ (૨)
૨૬. દુર્ગંધ (૨)
૨૮. પાપ કરનાર (૨)

## શબ્દશોધ : ૮૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | તિ | વૃ | ષ્ટિ | ■ | ઉ | ■ | કા | કા |
| ના | ■ | ક્ષા | ■ | તૃ | ષા | કાં | ત | ■ |
| વૃ | ક્ષા | રો | પ | ણ | ■ | ક | ર | મો |
| ષ્ટિ | ■ | હ | જ | ■ | ચો | રી | ■ | દ |
| ■ | પ્ર | ણ | વ | ■ | ■ | ચા | ત | ક |
| દા | દી | ■ | ણી | ■ | વા | ળો | ■ | ■ |
| મા | પ | ક | ■ | દ | વે | ■ | ધ | ણી |
| દ | ■ | ન | મે | ■ | ત | મ્મ | ર | ■ |
| ■ | મ | ક | રા | ક | ર | ■ | તી | ર્થ |

## શબ્દ શોધ : ૭૯ / ૮૦ નો ઉકેલ મોકલાવનારના નામ

- રશ્મિ એસ. સાવલા - ભુજ
- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર
- અશોક એન. મહેતા - ભુજ
- વર્ષા વી. ગોર - ગાંધીધામ
- રમીલા જે. ગોર - ભુજ
- સુવાસ ડી. ગોર - ભુજ
- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
- નીલેશ વી. શાહ - ભુજ
- ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
- અભય સી. મહેતા - મુંદ્રા
- દિલીપ કે. શાહ - ભુજ
- કેતન જી. ઠક્કર - માંડવી
- પુનિત સી. ઠક્કર - માંડવી
- ભરત ડી. સંઘવી - અંજાર
- વીણા પી. વોરા - અંજાર

*બે વસ્તુ જીવનમાં સફળતા નક્કી કરે છે : (૧) જ્યારે કશું નથી ત્યારે તમારું મેનેજમેન્ટ અને (૨) જ્યારે બધું જ છે ત્યારે તમારું વર્તન.*

## સવાલ અને જવાબ (શહીદોને સલામ)

કોણ છે આ ભાગ્ય વિધાતા?
કહેને ઓ વિધાતા...?

સહુ સંતાન એક માત-પિતાના
તો શાને એક રંક ને એક રાય?
કહેને ઓ ભાગ્ય વિધાતા?

કોણે લખ્યું મુજ ભાગ્ય?
સાચ્ચે જ તું છો ભાગ્ય વિધાતા
તો
પછી દરેકની હસ્તરેખા અલગ રાખે?
કહેને ઓ વિધાતા?

પૂર્વજન્મના પાપ પુણ્યની આ વાત
શાને અકળાવે?
કહેને ઓ ભાગ્ય વિધાતા?
કોણે લખ્યું મુજ ભાગ્ય, ભાગ્ય વિધાતા...

'ભારત માતા'નો ધ્વજ વેચતા
કુમળા બાળકનું ભાગ્ય તેં જ
લખ્યું ને ઓ ભાગ્ય વિધાતા?

પૂછે સીમા પરનો શહીદ સૈનિક
મારા પરિવાર, મારી વિધવાને
આટલું દુઃખ શાને?
કોણે લખ્યું મુજ ભાગ્ય ઓ ભાગ્ય વિધાતા?
કોણ છે આ ભાગ્ય વિધાતા?
કહેને ઓ વિધાતા....?

*રમીલા પી. મહેતા*
*મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

## હાઈકુ

ખબર હતી
રામને કે સવારે
શું થવાનું છે!

દિવાળી ગઈ
બુઝાઈ ગયા દીવા
ગોખલામાં મહિ...!

ભૂલી ગયો તો
સૂરજ, સાંજ પડ્યે
ઢળવાનું છે!

*રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ*

## કવિનું હટાણું

આજ વરસાદ તેથી, નહીં આવે શાકવાળા
આવશે મહેમાન, જાવ શાકની બજારમાં.

સૂણી કવિ 'અલ્પ' ચાલ્યા વહેલી સવારમાં,
લીધી થેલી છત્રી શોભે કવિનાં પોશાકમાં.

ભાવ ભલે પૂછે નહીં, કોઇ તેનો વાટમાં,
છતાં કરે ભાવતાલ, શાક તણી લારીમાં.

કિલો તણો ભાવ પૂછી, જોખાવે તે ગ્રામમાં,
જાંબુ, બોર, દ્રાક્ષ, ચાખે, ખાટી છે આ ભાવમાં.

લઇ જુએ ગણી ગણી હિસાબમાં ભાવ ભૂલી
ધાણા, હળદર, મેથી, લીંબુ માંગે દાનમાં.

સૂણે જો તું શાકવાળા, ભાઇ સંભળાવી દઉં,
સાંભળી નારાજ થાય શાકવાળો બોણી સમે.

છતાં ખાનદાન ભલો, સમજાવે શાનમાં
કવિતા ગવાય ના ખવાય મારા કવિ દોસ્ત,
પહેલાં હું પણ કવિ હતો, હવે તો વ્યાપારી છું.

ઘેર પહોંચ્યા ભૂલી 'અલ્પ' શાકથેલી વાટમાં,
રચી કવિતા ગયા ફરીથી શાકની બજારમાં.

*નવીન ત્રિપાઠી 'અલ્પ' - ભુજ, કચ્છ*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

## સાચો ભાવ

આનંદ દેખાય પ્રેમ મહીં,
સુખ સાચું દેખાય પ્રેમ મહીં.

મીરાંને કાન દેખાયા પ્રેમ મહીં,
સાચો ભાવ દેખાય પ્રેમ મહીં.

તુજ લાગણી દેખાય પ્રેમ મહીં,
જુઠું ન હોય સાચા પ્રેમ મહીં.

મતલબી વાત ન કર પ્રેમ મહીં,
સ્નેહથી બધા રહે પ્રેમ મહીં.

નશ્વર દેહ છે 'ભદ્ર' પ્રેમ મહીં,
સ્વાર્થી દુનિયા રહે પ્રેમ મહીં.

*ભગવતી આચાર્ય 'ભદ્ર' - ભુજ, કચ્છ.*
*મો. ૮૯૮૦૫ ૬૭૨૩૮*

*ઘરમાં કોઈ ઘરડું સભ્ય હોય તો એને ભારને બદલે ભાગ્ય માનજો. ઘરડું વૃક્ષ ફળ ભલે ન આપે, પણ છાંયડો તો આપે જ છે.*

## કમ કંધે કરમ ખૂલે (સંઘર) કચ્છી

હા સુતલ સત નિંધરમેં સોંણે ડિને જ સલા
મથેતા હથ ફેરીંધે કુછાંય ચૈને વલા
સૂરજ ઉગે નેં ઉલેંતો કુધરતજી આય કલા
કસોટી કરી કરીને ખિલાય પાછો અલા

રખી ભરોસો ભલા
વિચાડો ભની વૈ ન રો

વિચાડો ભની વૈ ન રો ન છડ હતાસે જીગર
કમ કરીંધે ત કરમ ખૂલે, નિકરી વિને નડતર
ચુડેલ ભૂત ક દેવ દેવી, નડે નતા કો પિત્તર
એંધાણ મિડે અછતજા, ડિસાંતો આંઉ ચિતર

કર સૈં હાણે ગિધર
ઉભો થૈ ખણ કુહાડી

ઉભો થૈ ખણ કુહાડી, વિન કપેલા બરતણ
સિમ સેડે ઉભા ઝેરી ને કમજા કોઈ વણ
વઢીંધે ચાર કાઢીયું વજન થૈં વેંધો મણ
રોકડા એંસી મિલધાં બૈ કો નાંય પિંજણ

નતો વિને કો લખણ
કમ કરેમેં લજ કેડી

કમ કરેમેં લજ કેડી મનમેં રખ તું ખ્યાલ
બ પઈસાંતા કમાઈંધે સુધરી વેંધા હાલ
ઉતરલ ગડૉ પટે ચડે નેં પાંઇ વરે કાલ
ઈતરો ચૈ વિનાંતોં વિચાર મનમેં ગાલ

ભાકી "હરેશ લાલ"
ઠીક લગે તીં કજા.

***હરેશ પ્રેમજી રાજગોર - રાજડા, તા. માંડવી, કચ્છ***
***મો. ૯૪૦૮૪ ૪૨૪૭૧***

## આંખમાં પાણી આવે છે

*અમને યાદ સંત મહંતની વાણી તમને યાદ કમાણી આવે છે,*
*લાશ પડી છે ગામમાં ગાયની એવું જ્યારે કોઈ જાણી આવે છે.*
*આપની પ્રકૃતિ ને અમારી પ્રકૃતિમાં જુઓ છે ફર્ક કેટકેટલો,*
*આપનાં મુખમાં પાણી આવે છે અમારી આંખમાં પાણી આવે છે.*

***અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ***

## માયાની ખૂબી

સજાવું ઘર સોળ શણગારે
શોભે ઝુમરો રોશનીથી.
તક્તી છે મારા નામની
પણ ઘર એ મારું નથી.
આખરી ઘર છે કબર
છતાય પણ બનાવું છું
છે ખબર છતાય હું
બેખબર બની જાઉં છું
સમજું છું હું સારી રીતે
મોત મારું છે નક્કી
જીવવા ઝંખું છું તોય
ઔષધને ઓક્સિજન થકી
ખોદ્યા છે હાથે ખાડા
સૂતા મસાણ વડવાઓ મારા
છતાં નથી મૂકી શકતો
ખોટા સંસારના ચેનચાળા.
આટલું જાણું છું છતાંય પણ
નથી બદલાતી એ વિચારધારા
ખૂબી ખરેખર માયાની હરેશ
જેમાં ફસાઈ ગયા સારા સારા.

***હરેશ પ્રેમજી રાજગોર - રાજડા, તા. માંડવી, કચ્છ***
***મો. ૯૪૦૮૪ ૪૨૪૭૧***

## વરસે છે...

શબ્દો કલમ મહીંથી ધોધમાર વરસે છે,
ભાવ અંકન મનનાં ધારદાર વરસે છે.

લાગણીના બંધને મન રહે અવઢવમાં,
હેતની વર્ષા તો પણ ધરાર વરસે છે.

કિરણ આશનું પ્રગટાય હવે માંહ્યલામાં,
નરી ચાંદનીએ ચોગમ અંધકાર વરસે છે.

હોડ લાગી છે જીત મેળવવા સટોસટની,
સમય મુજ સાથમાં હારોહાર વરસે છે.

વ્હોરી અજંપો ચાલે જગમાં 'અતુલ',
ભીતરે વલોવાયા અશ્રુ બેસુમાર વરસે છે.

***અતુલ ઉપાધ્યાય 'અતુલ'***

*સંબંધો ત્યારે નબળા પડે છે જ્યારે એકમેકને 'પામવા' નીકળેલા બે જણા એકબીજાને 'માપવા' લાગે.*

## શહીદોની યાદ રહે કુરબાની (શ્રદ્ધાંજલિ)

કાશ્મીરના પુલવામા વીર જવાનોની શહીદી પર દેશમાં જનાક્રોશ
દેશવાસીઓની સંવેદનાઓ ઝણઝણી ઉઠતાં વ્યાપ્યો ક્રોધ
જવાનોના પાર્થિવ દેહને ભાવથી સન્માન આપતાં દેશવાસીઓની આંખો ભીંજાણી...

કોઈના પતિ કે પિતા લાડકવાયા માડી જાયા ભાઈ સમાન હતા દેશવાસીઓ
વીર સપૂતો બહાદુરીથી સરહદનું હંમેશાં રક્ષા કરનાર જવાનો
દેશ કાજે બલિદાન આપનારા વીર સપૂતોની અંતિમ સફરમાં
હાથમાં ત્રિરંગો આંખોમાં આંસુ સાથે 'વીર જવાનો અમર રહો' ગુંજતા નારા
વીર જવાનો અમોને પ્રાણથી પ્યારા પ્યારા સરહદની હંમેશાં રક્ષા કરનારા
આતંકવાદીઓએ કરેલ કાયરતાપૂર્વક હુમલાને વખોડતાં સૌની આંખો ભીંજાણી...૧

સીઆરપીએફની પ્રતિજ્ઞા હુમલાને નહીં ભૂલશું હુમલાખોરોને નહીં છોડીશું
જવાનોની શહાદતનો બદલો લઈને રહીશું શહીદોના પરિવાર સાથે રહીશું
દેશ નહીં ભૂલે આ શહાદતને શહીદ થયા વીર જવાનોને શતશત નમન કરીશું
ભારતના જવાંમર્દોના રક્તના એકએક બુંદની ભારે કિંમત આતંકવાદીઓએ ચૂકવવી પડશે
આતંકવાદીઓનો સફાયો કરો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પડકાર કર્યો
દેશભરમાં ઠેરઠેર આંખોમાં આંસુ આક્રોશની જ્વાળા જોતાં ભારતમાતાની આંખમાંથી વહ્યા પાણી... (૨)

જે શહીદ થયા આશાભર્યા વીર જવાનોની યાદ કરીએ સદાય કુરબાની
વીર સપૂતોને વિદાય આપતાં દેશભરમાં છવાયો શોક ને આંખો થઈ અશ્રુભીની.
દેશદાઝનો માહોલ ઠેર ઠેર સર્જાયો વીર જવાનો શહીદોને અપાઈ શ્રધ્ધાંજલિ
'શહીદો અમર રહો વંદેમાતરમ' બોલતાં શિશ ઝુકાવી દેશવાસીઓ આપતાં શ્રધ્ધાંજલિ
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શિશ ઝુકાવીને શહીદોને અર્પણ કરી પુષ્પાંજલિ
હે મહાપ્રભુ! શહીદોના જીવાત્માઓને આપજે સદ્‌ગતિ આટલું જ યાદ કરતાં શહીદોની યાદ રહે કુરબાની... (૩)

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૮)

**(અનુસંધાન : પાના નં.-૨૮ ઉપરથી ચાલુ)**

નથી હોતું. જ્યારે પ્રગ્નોસ્ટિકેશન મોટેભાગે ભવિષ્યવેત્તાઓની ભવિષ્યવાણી માટે વપરાય છે. આ બે શબ્દો વચ્ચે કોઈ વૈશ્વિક કરાર નથી, પરંતુ વિવિધ લેખકો અને શાખાઓ તેનો ઉપયોગ પોતપોતાની રીતે કરે છે. દા.ત. ધંધામાં એસ્ટીમેટ એટલે લગભગ તેટલો જ ખર્ચ કે તેટલા જ આંકડામાં કામકાજ થઈ જવાની શક્યતા દર્શાવાય છે, જ્યારે વરસાદ કે હવામાનના આંકડા માટે વપરાતા ફોરકાસ્ટ અનુભવ તેમજ તે માટે વપરાતા ઈક્વિપમેન્ટ્સ – સાધનો પર આધારિત હોય છે. ભવિષ્ય કથન કોઈક હાથ જોઈને, કોઈક જન્મ તારીખ કે કુંડળી પરથી કરતું હોય છે. પરંતુ આ બંને બાબતો અને તે પ્રમાણે અંગ્રેજી શબ્દોના વપરાશમાં તફાવત છે. આપણે ભવિષ્યવેત્તા કે જ્યોતિષીના ભવિષ્યવાણીને ચૂંટણીઓ કે અન્ય બાબતો માટેના ઓપિનિયન પોલ સાથે ન સરખાવી શકીએ. ■

- ❖ ૨૫૨૦ એવો નાનામાં નાનો નંબર છે કે જેને ૧થી ૧૦ સુધીના બધા જ આંકડાથી ભાગી શકવામાં આવે છે.
- ❖ નેપાળ વિશ્વનો એવો દેશ છે કે તે ક્યારે પણ કોઈ પણ દેશનો ગુલામ દેશ બનેલ નથી.
- ❖ ભગતસિંહના માતા-પિતાએ જ્યારે તેના લગ્ન કરાવવાની કોશિશ કરી ત્યારે ભગતસિંહે કહેલું કે મારી દુલ્હન માત્ર અને માત્ર મૃત્યુ હશે અને એમ કહીને તેઓએ ઘર છોડી દીધું હતું અને હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન પાર્ટીમાં જોઈન્ટ થઈ ગયા હતા.

*બે શબ્દ મીઠા બોલવાથી કોઈનું લોહી વધી જાય તો એ પણ એક પ્રકારનું રક્તદાન જ છે.*

## પ્રભુતામાં પગલા

- **સોમવાર, તા. ૨૫-૨-૨૦૧૯**

  **સાલવી**

  શ્રી નીલેશભાઈ અરુણભાઈ ઠક્કર (અમદાવાદ)

  *સંગ*

  **સંજય**

  શ્રી મોહનભાઈ ગાંગજીભાઈ રતાણી (ડીસા)

- **ગુરુવાર, તા. ૨૧-૨-૨૦૧૯**

  **જય**

  શ્રીમતી રક્ષાબેન ભરતભાઈ વિશનજી ભેદા (ભુજપુર, હાલે અમદાવાદ)

  *સંગ*

  **ઝલક**

  શ્રીમતી સંગીતાબેન હરેશભાઈ શામજી દેઢિયા (દેશલપુર, હાલે કરાડ)

*નવદંપતિઓને શુભેચ્છા....*

## અવસાન નોંધ

- **શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯**

  **માતુશ્રી લક્ષ્મીબેન વિસનજી સોની (ઉં.વ. ૯૯) (વાંકુ - અમદાવાદ)**

- **બુધવાર, તા. ૩૦-૧-૨૦૧૯**

  **શ્રી શંકરલાલભાઈ મેઘજીભાઈ ઠક્કર (ઉં.વ. ૭૮) (કોટડા - જરોદરવાલા – અમદાવાદ)**

- **બુધવાર, તા. ૩૦-૧-૨૦૧૯**

  **શ્રી સંજયભાઈ ડાહ્યાલાલ સુંદરજી ઠક્કર (ઉં.વ. ૪૯) (સણવા - અમદાવાદ)**

*સદ્‌ગતશ્રીઓના આત્માની શાંતિ માટે પ્રાર્થના.*

*જે મનુષ્ય પોતાના માટે જીવે છે તેનું એક દિવસ મૃત્યુ થાય છે. પરંતુ જે મનુષ્ય બીજા માટે જીવે છે તેનું સ્મરણ હંમેશાં થતું રહે છે.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ. - અમદાવાદની રચના કરવાની ન હોતાં તેમાં નોંધાયેલ સભ્યોની શેર પેટે મળેલ રકમ જે તે સભ્યોને પરત કરવાનું નક્કી કરવામાં આવેલ. નીચે જણાવેલ સભ્યોએ તે રકમ પરત ન લેતાં સમાજને ભેટ તરીકે જાહેર કરી છે.

| | |
|---|---|
| ★ શ્રી શરદભાઈ ગણપતરાય શિલ્પી | રૂા. ૫,૦૦૦/- |
| ★ શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર પરિવાર | રૂા. ૧,૩૦૦/- |
| ★ કૌશિક કનુભાઈ પટેલ | રૂા. ૫૦૦/- |
| ★ શ્રી કૌશિકભાઈ કાંતિભાઈ પટેલ | રૂા. ૫૦૦/- |

*દરેક સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.*

## ‘કચ્છશ્રુતિ’ માધ્યમ બની શકે

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ઉપરાંત અમદાવાદમાં વિવિધ સમાજોના ૩૧થી પણ વધુ ઘટક સમાજો કાર્યરત છે કે જેઓ દર વર્ષે પોતાના સમાજ પૂરતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી, પોતાના સમાજ પરિવારોને એક તાંતણે બાંધી રાખે છે.

આ દરેક ઘટક સમાજ પોતાના માસિક મુખપત્ર ચલાવતા ન હોવાથી તેઓને તેમના સમાજના પરિવારો માટે દર મહિને સમાચાર મોકલવા થોડી વિટંબણા રહે છે અથવા થોડી મુશ્કેલી વેઠીને પોસ્ટ દ્વારા જરૂરી સમાચારો મોકલી આપે છે.

આ પ્રકારના દરેક સમાજ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર “કચ્છશ્રુતિ”ને પોતાનું માધ્યમ બનાવી શકે અને “કચ્છશ્રુતિ” દ્વારા દર મહિને પોતાના સમાજના પરિવારોને જરૂરી સમાચાર મોકલી શકે.

તે માટે “કચ્છશ્રુતિ”ની મેનેજમેન્ટ સાથે નક્કી કરીને એક, બે કે ચાર પાના પોતાના સમાજ માટે રીઝર્વ રાખી શકે છે અને તે દ્વારા તેઓ પોતાના પરિવારને પોતાના ઘટક સમાજના સમાચારોથી વાકેફ રાખી શકે.

જે ઘટક સમાજો “કચ્છશ્રુતિ”ના માધ્યમનો ઉપયોગ કરવા માંગતા હોય તેઓ “કચ્છશ્રુતિ”ના મુખ્ય તંત્રીનો ફોન દ્વારા સંપર્ક સાધી, જરૂરી વિગતો મેળવી શકે તે માટે દરેક ઘટક સમાજના હોદ્દેદારોને અપીલ કરવામાં આવે છે.

**અશોક મહેતા**

**મુખ્યતંત્રી, “કચ્છશ્રુતિ”, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*તેમણે કહ્યું અનેક લોકો તમારી નિંદા કરે છે. મેં કહ્યું : નિંદા એની થાય છે જે જીવિત છે, મૃત્યુ બાદ તો હંમેશાં વખાણ જ થવાના.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# નોટબુક યોજના

અમદાવાદ - ગાંધીનગર સ્થિત અભ્યાસ કરતા કચ્છી બાળકોને ખૂબ જ વ્યાજબી અને કન્સેશનલ દરે નોટબુકો મળી રહે એ હેતુથી ચાલુ વર્ષે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદે નોટબુક યોજનામાં આગળ વધવાનું નક્કી કરેલ છે.

વ્યાજબી દરની સાથે ઉચ્ચ ક્વોલિટીની નોટબુક પ્રાપ્ત થાય તેવી ગણનાએ ચાલુ વર્ષ દરમિયાન નવનીતની યુવા બ્રાન્ડ નોટબુકોનું વિતરણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કરવામાં આવશે.

આ યોજનાના અનુસંધાને નોટબુકોના જે MRP ભાવો છપાયેલ હશે તેના કરતા અંદાજિત ૩૫ ટકાના ઓછા દરથી આ નોટબુકોનું વિતરણ કરવામાં આવશે. નોટબુકો શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સ્પાન ટ્રેડ સેન્ટર, પાલડી ખાતેની ઑફિસેથી પ્રાપ્ત થઈ શકશે. તે માટે મોડામાં મોડા ૩૦ એપ્રિલ સુધી પરિવારોએ પોતાને જોઇતી નોટબુકોના રૂપિયા ભરી, જરૂરી નોટબુકો શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસે નોંધાવી દેવાની રહેશે. વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ ૩ ડઝન નોટબુકો આપવામાં આવશે.

અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજો, ઉદ્યોગ ગૃહો તથા વ્યાપાર ગૃહો પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા બહારના વિવિધ કચ્છી ઘટક સમાજો પણ આ યોજનાનો લાભ લઈ શકશે. તે માટે તેઓએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો સંપર્ક સાધવાનો રહેશે.

***વિતરણ કરવામાં આવનાર નોટબુકોની વિગત નીચે મુજબ છે :***

| ક્રમ | વિગત | સાઇઝ (mm.) | પાના | MRP ભાવ | વિતરણ કિંમત |
|---|---|---|---|---|---|
| ૧. | જમ્બો સોફ્ટ બાઉન્ડ બુક | ૧૮૦ X ૨૪૦ | ૭૬ | રૂા. ૨૫/- | રૂા. ૧૬/- |
| ૨. | જમ્બો સોફ્ટ બાઉન્ડ બુક | ૧૮૦ X ૨૪૦ | ૧૭૨ | રૂા. ૫૦/- | રૂા. ૩૩/- |
| ૩. | એ-૪ લોંગ બુક | ૨૧૦ X ૨૯૭ | ૧૪૦ | રૂા. ૫૫/- | રૂા. ૩૬/- |
| ૪. | એ-૪ લોંગ બુક | ૨૧૦ X ૨૯૭ | ૧૭૨ | રૂા. ૬૫/- | રૂા. ૪૨/- |

મોડામાં મોડા ૩૦, એપ્રિલ ૨૦૧૯ સુધીમાં સૌએ પોતાના ઓર્ડર નોંધાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

નોટબુકોના સેમ્પલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસે જોવા મળી શકશે.

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૯

★ **ગુરુવાર, તા. ૭-૨-૨૦૧૯**

- 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી દીપકભાઈ માંકડે "કચ્છ કોલિંગ"માં પ્રસારિત કરવામાં આવેલ એક અહેવાલ મોકલી આપ્યો કે જે મુજબ કચ્છને વધારાના પાણી ફાળવવાનો નિર્ણય હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવેલ છે. શ્રી દીપકભાઈએ આ અહેવાલની સત્યતા ચકાસવા પ્રયાસ કરવાનું પણ સૂચવ્યું. ઉપરોક્ત સમાચારના અનુસંધાને ભુજ / ગાંધીનગર / ભચાઉ વગેરે સ્થળે લાગતા વળગતા અધિકારીશ્રીઓને ફોન કર્યા.

*માણસની આંખ જીભ કરતા અનેકવાર વધુ કહી આપે છે અને સાચું કહી દે છે. એના સંદેશ વાંચતા શીખીએ.*

સમાચાર સત્ય છે તેવું તારણ નીકળ્યું. તેના અનુસંધાને શ્રી દીપકભાઈ માંકડ, શ્રી વિપુલ વૈદ્ય, શ્રી ધરમશી મહેશ્વરી વગેરે સાથે ચર્ચા કરી.

**★ સોમવાર, તા. ૧૧-૨-૨૦૧૯**

- 'ગુજરાત સમાચાર'ના મુખ્યતંત્રી શ્રી શ્રેયાંસભાઈ શાહ સાથે વાત થયા મુજબ (૧) સમગ્ર ગુજરાતની નર્મદા યોજના અને (૨) કચ્છને ફાળવાયેલ વધારાના પાણી વિશેના બે લેખો 'ગુજરાત સમાચાર' પર મોકલી આપ્યા.
- આજરોજ પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા શ્રી કચ્છી સમાજની ઑફિસ પર આવેલ હતા. કચ્છને ફાળવાયેલ વધારાના પાણી વિશે તેઓશ્રી સાથે ચર્ચા કરવામાં આવી. કચ્છના આ કાર્યોના મંડાણ થયેલ ન હોવાથી આ પરીસ્થિતિમાં શું થઈ શકે તે અંગે ચર્ચા કરવામાં આવી.

**★ મંગળવાર, તા. ૧૨-૨-૨૦૧૯**

- વાગડ વિભાગના શ્રી બચુભાઈ આરેઠિયા સમાજની ઑફિસ પર આવવાના હતા પરંતુ તેઓશ્રીના ગાંધીનગરમાં વધુ રોકાણના કારણે ફોન પર તેમની સાથે ચર્ચા કરવામાં આવી.
- કચ્છ ચેનલના શ્રી વિનોદભાઈ ગાલા ઓફિસ પર આવેલ હતા. કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો કચ્છમાં શરૂ ન થતા હોવા અંગે તેઓ સાથે પણ ચર્ચા કરવામાં આવી.

**★ શુક્રવાર, તા. ૧૫-૨-૨૦૧૯**

- કચ્છમાં ઉચ્ચ દરજ્જાનું સિનિયર સિટીઝન હોમ સ્થાપવા, શ્રી પ્રતાપભાઈને સાથે રાખીને શ્રી ગુણવંત મગનલાલ શાહ સાથે મુંબઈમાં વિગતે ચર્ચા કરવામાં આવી. 'માતૃવંદના'ના શ્રી કોમલભાઈ સાવલા સાથે પણ આ અંગે ફોન પર ચર્ચા કરવામાં આવી.

**★ સોમવાર, તા. ૧૮-૨-૨૦૧૯**

- શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી દિનેશ મહેતા તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર સમાજની ઑફિસ પર આવેલ હતા. સમાજની વિવિધ પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરવામાં આવી. શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના નાણાં રીફંડ અંગેની પણ ચર્ચા કરવામાં આવી.

**★ મંગળવાર, તા. ૧૯-૨-૨૦૧૯**

- ટાગોર હોલ ખાતેના ગીત સંગીતના કાર્યક્રમમાં અનેક કચ્છી પરિવારો ઉપસ્થિત રહેલ હતા.

**★ શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૯**

- વર્ષ ૨૦૧૯માં 'કચ્છશ્રુતિ'માં જે જાહેરાતો પ્રસારિત થઈ રહેલ છે તેના બીલો મોકલવાની પ્રક્રિયાની આજે શરૂઆત કરવામાં આવેલ. અંદાજિત ૧૦ જેટલા બીલો પોસ્ટ દ્વારા જે તે મહાનુભાવને મોકલી આપવામાં પણ આવ્યા.
- નર્મદાના વધારાના પાણી વિશે તલવાણા શ્રી લહેરીભાઈ મહારાજ, બીદડાના શ્રી વસંતભાઈ પટેલ તથા ભુજથી શ્રીમતી સૂચિતા બોઘાની સાથે ફોન પર ચર્ચા કરવામાં આવી.

**★ શનિવાર, તા. ૨૩-૨-૨૦૧૯**

- આજરોજ એકાઉન્ટન્ટ શ્રી રાજુભાઈ એમ. શાહ, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશભાઈ મહેતા સમાજ પર આવ્યા હતા. ફોન ૪૦૦૭૬૧૮૪ બંધ થઈ ગયેલ હોવાથી તેના કરવામાં આવેલ પેમેન્ટની વિગતો તૈયાર કરી, બાકી રહેતા એમાઉન્ટનો ચેક લખવામાં આવ્યો.
- શ્રી અશ્વિનભાઈ ઝીંઝુવાડિયા - મુંદ્રા, શ્રી વસંતભાઈ પટેલ - બીદડા તથા શ્રી મહેન્દ્ર ગઢવી - ભુજપુર સાથે વધારાના પાણીના કાર્યો શરૂ કરાવવા અને કચ્છ બ્રાંચ મેઇન કેનાલના જમીનના પ્રશ્ને અટકી ગયેલ કામો વિશે ફોન પર ચર્ચા કરવામાં આવી.

**★ સોમવાર, તા. ૨૫-૨-૨૦૧૯**

- ભાગવત વિદ્યાપીઠ, સોલા, એસ.જી. હાઈવે પર શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટના સમૂહ લગ્નમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી શ્રી અશોક મહેતા તથા શ્રી ભરત ઓઝા ઉપસ્થિત રહેલ હતા. અહીં ભુજ વિભાગના ધારાસભ્ય શ્રીમતી નીમાબેન આચાર્ય મળેલ હતા. તેમની સાથે કચ્છના વિવિધ પ્રશ્ને ચર્ચા કરવામાં આવેલ હતી.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી ચીમનભાઈ પલણ બપોર પછી સમાજની ઑફિસ પર આવેલ હતા. સમાજની વિવિધ પ્રવૃત્તિઓ વિશે તેમની સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.

**★ બુધવાર, તા. ૨૭-૨-૨૦૧૯**

- સ્પાન નોન ટ્રેડિંગ એસોસિએશનની આજે વાર્ષિક સામાન્ય સભા મળેલ હતી. તેમાં ૧૨ ડિરેક્ટરોને "બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ" તરીકે બિનહરીફ ચૂંટવામાં આવ્યા. ત્યારબાદ "બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ"ના બાર સભ્યોની મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી અશોકભાઈ મહેતાની "સ્પાન નોન ટ્રેડિંગ એસોસિએશન"ના ચેરમેન તરીકે વરણી કરવામાં આવેલ હતી. સેક્રેટરી તરીકે શ્રી નીરવભાઈ કાપડિયા તથા ટ્રેઝરર તરીકે શ્રી જીજ્ઞાસુભાઈ શાહની વરણી કરવામાં આવેલ હતી.

**★ શનિવાર, તા. ૨-૩-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગ આજરોજ સમાજની ઑફિસ પર મળેલ હતી. જેમાં નોટબુક યોજના વગેરે અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

*પરિસ્થિતિને બદલનાર પોતાના ભાગ્યને પણ બદલી શકે છે.*


VINAYAK 500
VINAYAK500®
ટી.એમ.ટી. સળીયા
...કરીએ
વિશ્વાસનું નિર્માણ
IS : 1786
AN ISO 9001-2008 COMPANY
VINAYAK TMT BARS PVT. LTD.
Available Grades Fe 500 / Fe 500 D
8 mm - 32 mm available
on demand Quality, Supply and Service
S.K. Mishra (AGM Mkt.) +91 99099 43194
Jayesh Bhalerav (Mkt. Manager) +91 99099 30148
E-mail : sales@vinayaktmtbars.com / www.vinayaktmtbars.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




## ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

● પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"

● GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન. ● સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોકાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એસ્થેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



## ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.

## ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.

## ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**


CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS CAGES
CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES
STEEL CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square, Changshu Economic Development Zone, Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674
**બેંકની વિવિધ સગવડો**
■ FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
■ C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
■ S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
■ RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
■ ATM Card ■ Lockers ■ Free SMS Alert
■ રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
■ રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL
બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777


**DEEP Industries Limited**
Oil & Gas Exploration Production & Services
■ EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
■ EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
■ NATURAL GAS COMPRESSION SERVICES
■ OIL & GAS PROCESSING EQUIPMENT
■ WORK OVER AND DRILLING RIGS
■ HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
■ NATURAL GAS BASED POWER GENERATION
■ GAS DEHYDRATION UNIT
CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com


MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
**RUDANI**
**INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



**SILICON®**
ZERO MAINTENANCE LAMINATE
RANGE
• Romantic Veneer
• Zero Maintenance Laminate
• Plyboards
• Engineered Prelam Particle Board
• Doors
Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**Patel Tours & Travels®**
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888

AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT

BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)
PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

**જાહેરાત આવકાર્ય**

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)